# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો સુદ ૯ | અંક : ૭૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪ને સંબોધતા પીએમ મોદી**

### દેશમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે રોકાણ માટેની હાકલ કરી : સેમિકન્ડક્ટર આજે સૌ કોઈની જરૂરિયાત બની ગયું છે : પીએમ મોદી

# વિશ્વના દરેક ઈલેક્ટ્રોનિક્સમાં ભારતમાં બનેલી ચિપ લાગેલી હોય : વડાપ્રધાન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

સેમિકન્ડક્ટર આજે સૌ કોઈની જરૂરિયાત બની ગયું છે અને તે ભવિષ્યની સૌથી મહત્વપૂર્ણ જરૂરિયાતોમાંની એક બનવા જઈ રહ્યું છે. તેથી ભારત આ ક્ષેત્રમાં મોટી છલાંગ લગાવવા જઈ રહ્યું છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આ અંગે મોટી જાહેરાત કરી છે. સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪ને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, અમારું સપનું છે કે વિશ્વના દરેક ઈલેક્ટ્રોનિક્સમાં ભારતમાં બનેલી ચિપ લાગેલી હોય.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, દેશમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે રોકાણ માટેની હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, જો ભારતને વૈશ્વિક પૂરવઠા શૃંખલામાં સ્થાન બનાવવું હોય તો તેના માટે સ્પર્ધાત્મક બનવું એક મહત્વપૂર્ણ શરત છે. પીએમ મોદીએ કહ્યું કે, આજે સેમિકન્ડક્ટર સ્માર્ટફોનથી લઈને ઈલેક્ટ્રિક વાહનો અને AI સુધી દરેક વસ્તુનો મુખ્ય આધાર છે.

સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪માં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોવિડ-૧૯ જેવી વૈશ્વિક મહામારીએ સેમિકન્ડક્ટર્સ અને તેમની સપ્લાય ચેઈનની જરૂરિયાત સામે લાવી છે. આપત્તિની આ ઘડીમાં, ભવિષ્યની ઉજ્જવળ તકની ઓળખ થઈ. તેથી, તેમણે ભવિષ્યમાં આને લગતા કોઈપણ વિક્ષેપને દૂર કરવા પગલાં લેવાની જરૂરિયાત નોંધી છે.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે સપ્લાય ચેઈનની સ્પર્ધાત્મકતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારત તેની અર્થવ્યવસ્થાના ઘણા ક્ષેત્રોમાં તેને વિકસાવવા માટે કામ કરી રહ્યું છે પીએમ મોદીએ કહ્યું કે ભારતની વર્તમાન સુધારાવાદી સરકાર આ દિશામાં ઝડપથી કામ કરી રહી છે.

આ માટે સરકારે સ્થિર નીતિઓ બનાવી છે. ભારત તેના માટે એક મોટું બજાર પણ છે અને બજારની વાત કરીએ તો સરકારે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં રોકાણ માટે મજબૂત આધાર તૈયાર કર્યો છે અને આ માટે ટેક્નોલોજીની મદદ લીધી છે.

આ અવસર પર પીએમ મોદીએ પોતાના એક સપનાની પણ વાત કરી. તેમણે કહ્યું, "અમારું સપનું છે કે વિશ્વના દરેક ઉપકરણમાં ભારતમાં બનેલી ચિપ હોય. અમે સેમિકન્ડક્ટર સેક્ટરમાં ભારતને વિશ્વ મહાસત્તા બનાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરીશું." તેમણે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે તેમની સરકારના કાર્યકાળ દરમિયાન લેવામાં આવેલા પગલાઓની ચર્ચા કરી છે.



દેશમાં ચિપ મેન્યુફેક્ચરિંગ માટે "થ્રી-ડી પાવર" ની વિભાવના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં સુધારાવાદી સરકારની સ્થિર નીતિઓ, મજબૂત ઉત્પાદન આધાર અને મહત્વાકાંક્ષી બજાર દ્વારા ટેક્નોલોજી અપનાવવાનો સમાવેશ થાય છે. આજનુ ભારત વિશ્વમાં આત્મવિશ્વાસની પ્રેરણા આપે છે. જ્યારે સમય આવે છે, ત્યારે તમે ભારત પર વિશ્વાસ કરી શકો છો. તેમણે કહ્યું કે સેમિકન્ડક્ટર સેક્ટરમાં ૧.૫ લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ થઈ ચૂક્યું છે અને હજુ ઘણાબધા પ્રોજેક્ટ્સ પાઈપલાઈનમાં છે.

## ન્યૂઝ બ્રિફ

### ઉત્તર ભારત, અફઘાનિસ્તાન અને પાક.માં ભૂકંપના આંચકા અનુભવાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હી-NCRમાં જોરદાર ભૂકંપ આવ્યો છે. યુપીથી કાશ્મીર સુધી ધરતી ધ્રૂજી રહી છે. ભૂકંપના આ આંચકા હરિયાણા, પંજાબથી લઈને પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સુધી અનુભવાયા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ભૂકંપનું કેન્દ્ર પાકિસ્તાનમાં હતું. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૮ નોંધાઈ હતી. જો કે, હાલમાં આ ભૂકંપના કારણે કોઈ નુકસાન થયું હોવાના સમાચાર નથી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલૉજીએ આ માહિતી આપી હતી.

### હવે ઈન્ટરનેટ સુપર સ્પીડથી ચાલશે : જ્યોતિરાદિત્ય સિંધિયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય એમ. સિંધિયાએ બુધવારે જણાવ્યું હતું કે ભારતની પોતાની 4G ટેક્નોલોજી ઈન્ફ્રા (સ્ટેક) ૨૦૨૫ના મધ્ય સુધીમાં સ્થાપિત થઈ જશે. સિંધિયાએ AIMA નેશનલ મેનેજમેન્ટ કોન્ફરન્સની ૫૧મી આવૃત્તિમાં દેશ અને સરકાર માટે ત્રણ મુખ્ય લક્ષ્યોને પણ રેખાંકિત કર્યા. તેમણે કહ્યું કે પ્રથમ વખત, ભારતે પોતાનું 4G ટેક્નોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવ્યું છે, જે આવતા વર્ષના મધ્ય સુધીમાં સ્થાપિત થઈ જશે.

**કેન્દ્રિય મંત્રી અમિત શાહના આકરા પ્રહારા**

# અનામત અંગે રાહુલનો અસલી ચહેરો સામે આવ્યો

### અમેરિકામાં અનામતને લઈને રાહુલ ગાંધીએ આપેલા નિવેદનથી ભારતીય રાજકારણમાં હલચલ મચી ગઈ

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૧ ।

અમેરિકામાં અનામતને લઈને રાહુલ ગાંધીએ આપેલા નિવેદનથી ભારતીય રાજકારણમાં હલચલ મચી ગઈ છે. ક્વોટા અંગેના એક પ્રશ્નના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, "કોંગ્રેસ યોગ્ય સમયે અનામત ખતમ કરવા અંગે વિચારશે." તેમના આ જવાબને લઈને વિવાદ ઊભો થઈ ગયો છે અને જેના પર હવે ગૃહમંત્રી અમિત શાહે આકરા પ્રહારો કર્યા છે. અમિત શાહે કહ્યું છે કે, "અનામત ખતમ કરવાની વાત કરીને રાહુલ ગાંધીએ ફરી એકવાર કોંગ્રેસનો અનામત વિરોધી ચહેરો સામે આવ્યો છે. રાહુલ ગાંધીનું નિવેદન કોંગ્રેસની પ્રાદેશિકતા, ધર્મ અને ભાષાના આધારે ભાગલા પાડવાની રાજનીતિનો પર્દાફાશ થયો છે. ગૃહમંત્રી અમિત



શાહે એક્સ(ટ્વિટર) પર પોતાનો અભિપ્રાય વિગતવાર લખ્યો છે. તેમણે લખ્યું છે કે, 'રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટીની આદત બની ગઈ છે કે દેશ વિરોધી વાતો કરવી અને દેશને તોડવાની કોશિશ કરી રહેલી શક્તિઓ સાથે ઊભા રહેવું. જમ્મુ અને કાશ્મીરમાં JKNCના રાષ્ટ્રવિરોધી અને અનામત વિરોધી એજન્ડાને સમર્થન આપવું હોય કે વિદેશી મંચો પર ભારત વિરોધી બોલવું હોય, રાહુલ ગાંધીએ હંમેશા દેશની સુરક્ષા અને ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. ભાષાથી ભાષા, પ્રદેશથી પ્રદેશ અને ધર્મથી ધર્મના ભેદભાવની વાત રાહુલ ગાંધીની વિભાજનકારી વિચારસરણી દર્શાવે છે. અમિત શાહે આગળ લખ્યું કે, 'રાહુલ ગાંધીએ દેશમાંથી અનામત ખતમ કરવાની વાત કહીને કોંગ્રેસનો અનામત વિરોધી ચહેરો ફરી એકવાર દેશની સામે લાવી દીધો છે. મનમાં રહેલા વિચારો હંમેશા કોઈને કોઈ માધ્યમથી બહાર આવે છે. હું રાહુલ ગાંધીને કહેવા માંગુ છું કે જ્યાં સુધી ભાજપ છે ત્યાં સુધી અનામતને કોઈ સ્પર્શી શકશે નહીં અને દેશની એકતાને કોઈ હાનિ નહીં પહોંચાડી શકે. અમિત શાહે વધુમાં કહ્યું કે, "જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સના રાષ્ટ્રવિરોધી એજન્ડાને સમર્થનની વાત હોય કે વિદેશમાં ભારત વિરોધી ટીપ્પણી કરવી હોય, રાહુલે દેશની સુરક્ષાને જોખમમાં મુકી છે.

**ખેલાડીઓને અપાશે ખાસ વ્યવસ્થા**

# ભારે સુરક્ષા-બંદોબસ્ત વચ્ચે રમાશે ભારત-બાંગ્લાદેશની મેચ

। (એજન્સી) કાનપુર, તા.૧૧ ।

૨૭ સપ્ટેમ્બરથી શરૂ થનારી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ટેસ્ટ સીરિઝની પહેલી મેચ ગ્રીનપાર્ક સ્ટેડિયમ, કાનપુર ખાતે રમાનારી છે. આ મેચમાં સુરક્ષાને લઈને વહીવટીતંત્ર સંપૂર્ણ સજ્જ થઈ ગયું છે. ટેસ્ટ મેચ ચાર સ્તરીય સુરક્ષાના ઘેરા વચ્ચે યોજાશે. બંને ટીમના ખેલાડીઓ સુપર ઝોનમાં રહેશે. જ્યારે ઝોનમાં VVIP મહેમાનો, સેક્ટરમાં VIP દર્શકો અને સબ-સેક્ટરમાં ક્રિકેટ ચાહકો માટે સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. ખાસ કરીને ટેસ્ટ મેચ માટે અલગથી પોલીસ સેલની પણ રચના કરવામાં આવી છે. જેની ઓફિસ સ્ટેડિયમમાં જ રાખવામાં આવશે. બાંગ્લાદેશમાં ચાલી રહેલી અશાંતિ અને ત્યાંના હિંદુઓ પર થઈ રહેલા અત્યાચારને કારણે



ટેસ્ટ મેચની સુરક્ષા માટે સમગ્ર સ્ટેડિયમ પર સીસીટીવી કેમેરા દ્વારા નજર રાખવામાં આવશે. જેથી કરીને આ મેચ કોઈપણ વિવાદ વગર પૂરી થઈ જાય. પોલીસ કમિશનર અખિલ કુમારે UPCA ના વેન્યુ ડાયરેક્ટર ડૉ. સંજય કપૂર અને DCP પૂર્વી શ્રવણ કુમાર, એડિશનલ DCP ટ્રાફિક અર્ચના સિંહ, એડિશનલ DPC સેન્ટ્રલ મહેશ કુમાર, ACP શિખર અને સૃષ્ટિ સિંહ સાથે આખા સ્ટેડિયમની મુલાકાત લીધી હતી.

**મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ પર નિશાન સાધ્યું**

# જો અમે ૨૦ બેઠક વધુ જીત્યાં હોત તો એ બધા જેલમાં હોત

। (એજન્સી) જમ્મુ, તા.૧૧ ।

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ભાજપ પર નિશાન સાધ્યું છે. બુધવારે જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં રેલીને સંબોધિત કરતાં ખડગેએ ભાજપને ઘેર્યું. તેમણે કહ્યું કે જો અમે ૨૦ બેઠક વધુ જીત્યાં હોત તો એ બધા જેલમાં હોત. '૪૦૦નો દાવો કરનારા ક્યાં ગયા? તે લોકો ૨૪૦ બેઠક પર સમેટાઈ ગયા. જો અમે ૨૦ બેઠક વધુ જીત્યાં હોત તો એ બધા જેલમાં હોત. આ લોકો જેલમાં રહેવાને લાયક છે. ભાજપ ભાષણ તો ખૂબ આપે છે, પરંતુ કાર્ય અને



કથનીમાં ખૂબ અંતર હોય છે. ભાજપ ભલે ગમે તેટલો પ્રયત્ન કરી લે, કોંગ્રેસ અને નેશનલ કોંગ્રેસનું ગઠબંધન કમજોર થશે નહીં. અમે સંસદમાં પોતાની શક્તિ બતાવી છે. અમે તે જ શક્તિની સાથે આગળ વધીશું.' 'ભાજપ અહીં લોકોને તોડી-ફોડીને હિંદુ-મુસ્લિમને વહેંચવાનો પ્રયત્ન કરી રહી છે પરંતુ તેમનો પ્રયત્ન, જીવનમાં ક્યારેય સફળ થશે નહીં. આવા ભાજપ અને આરએસએસના હજારો કાર્યકર્તા આવશે અને જતાં રહેશે. અહીંના લોકો ઝૂકવાના નથી. કોંગ્રેસ પ ાર્ટીના અહીંના લોકોની સાથે છે.

**ચૂંટણી પહેલા સુરક્ષા સુનિશ્ચિત કરવા ઓપરેશન**

# જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં મોટું ઓપરેશન, એન્કાઉન્ટરમાં ત્રણ આતંકવાદીઓ ઠાર

। (એજન્સી) કઠુઆ, તા.૧૧ ।

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી પહેલા સેના અને પોલીસે સંયુક્ત રીતે એક મોટું ઓપરેશન હાથ ધર્યું છે. કઠુઆ જિલ્લામાં આજે ભારતીય સેનાના વિશેષ દળો અને જમ્મુ-કાશ્મીર પોલીસ દ્વારા સફળ ઓપરેશનમાં ત્રણ આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઓપરેશન હજુ પણ ચાલુ છે. આ ઓપરેશનમાં ભારતીય સેનાની ૧ પેરાશૂટ બટાલિયન, ૨૨ ગઢવાલ રાઈફલ્સ અને જમ્મુ-કાશ્મીર પોલીસનું સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ સામેલ છે. સુરક્ષા દળોએ આતંકીઓ વિરુદ્ધ કાર્યવાહી કરી અને આ દરમિયાન ત્રણ આતંકીઓ માર્યા ગયા. ઉલ્લેખનીય છે કે જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી ત્રણ તબક્કામાં યોજાશે. જે ૧૮ સપ્ટેમ્બરથી શરૂ થશે. સુરક્ષા દળોએ ચૂંટણી પહેલા વિસ્તારમાં સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ ઓપરેશન હાથ ધર્યું છે.

**રશિયા-યુક્રેન યુદ્ધ ખતમ કરવાના પ્રયાસ**

# વિદેશમંત્રી જયશંકરે પુતિનને આપી ૪ પોઈન્ટની ફોર્મ્યુલા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વ્લાદિમીર પુતિને તાજેતરમાં કહ્યું હતું કે, રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને રોકવા માટે ભારત અને ચીન મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. એ પછી તરત જ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ મોસ્કોની મુલાકાતે ગયા હતા. હાલમાં બર્લિનની મુલાકાતે ગયેલા વિદેશ મંત્રીએ બુધવારે રશિયા-યુક્રેન યુદ્ધને રોકવામાં ભારતની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. તેમણે કહ્યું કે ભારતે રશિયાને યુદ્ધ રોકવા માટે ૪ પોઈન્ટની ફોર્મ્યુલા આપી છે. વિદેશમંત્રી એસ જયશંકરને યુદ્ધ વિશે પૂછવામાં આવેલા



સવાલ તેમણે કહ્યું કે, 'ભારત ચાર સિદ્ધાંતોમાં વિશ્વાસ કરે છે. આ શાંતિનો સમય હોવો જોઈએ. યુદ્ધના મેદાનમાં કોઈ સમાધાન નહીં આવે. કોઈપણ સફળ શાંતિ પ્રક્રિયા માટે રશિયાએ વાટાઘાટો માટે ટેબલ બેસવુ જરુરી. ભારત સંઘર્ષને ઉકેલવાનો માર્ગ શોધવાની કોશિશમાં "ચિંતિત અને વ્યસ્ત" છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની છેલ્લા બે મહિનામાં મોસ્કો અને કિવની મુલાકાતોનું વર્ણન કરતાં જયશંકરે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલની રશિયાની વર્તમાન મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો.

**PNB કૌભાંડ કેસમાં EDની મોટી કાર્યવાહી**

# ભાગેડુ નીરવ મોદીની ૨૯ કરોડની સંપત્તિ જપ્ત કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ બુધવારે મની લોન્ડરિંગ કેસમાં ભાગેડુ નીરવ મોદીની ૨૯.૭૫ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે. PNB બેંક કૌભાંડ કેસમાં ભાગેડુ નીરવ મોદી વિરુદ્ધ EDએ આ કાર્યવાહી કરી છે. ૬૪૯૮ કરોડના આ બેંક ફ્રોડ કેસમાં EDએ CBI FIR પર ECIR નોંધીને તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન EDને નીરવ મોદી અને તેના ગ્રૂપ ઓફ કંપનીઓની કરોડોની કિંમતની જમીન અને બેંક ખાતાની જાણકારી મળી હતી. આ પહેલા પણ ED નીરવ મોદી અને તેની ૨૫૯૬ કરોડ રૂપિયાની મિલકતો જપ્ત કરી ચૂકી છે. EDએ CBI, BS અને FC બ્રાન્ચ, મુંબઈ દ્વારા નોંધાયેલી FIRના આધારે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કલમો હેઠળ PNB બેંક છેતરપિંડીના કેસમાં તપાસ શરૂ કરી છે. ભારતમાં નીરવ મોદી અને તેની કંપનીઓની માલિકીના રૂ. ૨૯.૭૫ કરોડની ઓળખ જમીન અને ઈમારતો અને બેંક ખાતાઓમાં પડેલા નાણાં તરીકે કરવામાં આવી હતી, જે મની લોન્ડરિંગ કેસમાં જપ્ત કરવામાં આવી છે. ED દ્વારા PMLA, ૨૦૦૨ હેઠળ સ્પેશિયલ કોર્ટ સમક્ષ નીરવ મોદી અને સંબંધિત સંસ્થાઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ સાથે ધરપકડ કરાયેલા ભાગેડુ નીરવ મોદી સામે પ્રત્યાર્પણની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને તે લંડન, યુકેમાં ચાલી રહી છે.

**સલીમ ખાન પુત્ર સોહેલ ખાન મલાઈકાના ઘરે પહોંચ્યા**

# મલાઈકા અરોરાના પિતાનો છત પરથી કૂદીને આપઘાત

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

બોલિવૂડ અભિનેત્રી મલાઈકા અરોરાના પિતા અનિલ અરોરાનું આજે અવસાન થયું છે. અનિલ અરોરાએ બુધવારે છત પરથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના સવારે ૯ વાગ્યે બની હતી. આ ઘટના બાદ મલાઈકાનો પરિવાર અને તેના પરિચિતો આઘાતમાં છે. માહિતી મળતાં જ મુંબઈ પોલીસ અભિનેત્રીના ઘરે પહોંચી હતી અને માહિતી એકઠી કરી હતી. મલાઈકા અને તેના પરિવાર માટે આ ખૂબ જ દુઃખદ અને મુશ્કેલ સમય છે. મલાઈકાના સાવકા પિતાના મોતના સમાચાર મળતા જ એક્ટ્રેસના પૂર્વ સાસરિયાઓ પણ તરત જ તેના ઘરે પહોંચી ગયા હતા. દિગ્ગજ લેખક સલીમ ખાન પુત્ર સોહેલ ખાન સાથે



મલાઈકાના ઘરે પહોંચ્યા હતા. મલાઈકા અરોરાને તેના પિતાની આત્મહત્યાના સમાચાર મળતા જ તેનો પૂર્વ પતિ અરબાઝ ખાન તરત જ તેના ઘરે પહોંચી ગયો હતો. મલાઈકાના ઘરની બહાર પોલીસકર્મીઓ સાથે વાત કરતા અરબાઝ ખાનનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. અનિલ અરોરાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. મલાઈકાનો પૂર્વ પતિ અરબાઝ ખાન પરિવાર સાથે બિલ્ડિંગમાં હાજર છે.

**ચીનની ઘૂસણખોરી અંગે રાહુલ ગાંધીનું નિવેદન**

# હવે અમારી જમીન પર કોઈ કબજો જમાવે તે સંભવ નથી : રિજિજુ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના શીખ સમુદાયને લઈને આપેલા નિવેદનને લઈને અમેરિકામાં રાજકારણ ગરમાયું છે. ભાજપ રાહુલ ગાંધીના નિવેદનને લઈને કોંગ્રેસને ઘેરી રહી છે, ત્યારે શીખ સમુદાયના લોકો પણ કોંગ્રેસ વિરુદ્ધ રસ્તાઓ પર વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ સિવાય રાહુલ ગાંધીએ ચીન અંગે પણ એક નિવેદન આપ્યું હતું, જેમાં તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઘેર્યા હતા. તેના પર હવે કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજુએ પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, "અમારી એક ઈંચ પણ જમીન પર કોઈનો પણ કબજો નથી" હકીકતમાં અમેરિકાના પ્રવાસે ગયેલા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે, લદ્દાખમાં ચીન દિલ્હી જેટલા મોટા વિસ્તાર પર કબજો જમાવી બેઠું છે. રાહુલ ગાંધી લોકસભામાં વિપક્ષના નેતા છે અને અમેરિકાની મુલાકાત દરમિયાન તેમણે કહ્યું છે કે, "વડાપ્રધાન મોદી ચીન સાથે યોગ્ય રીતે નિપટાવી ન શક્યા. અને ચીની સૈનિકો આપણી ૪ હજાર ચોરસ કિલોમીટર જમીન પર કબજો જમાવી બેઠા છે." રાહુલ ગાંધીના આ નિવેદન પર કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે, "જ્યારથી વડાપ્રધાન મોદીની સરકાર સત્તામાં આવી છે ત્યારથી અમારી એક ઈંચ જમીન પર પણ કોઈનો કબજો નથી. રાહુલ ગાંધીએ વિદેશ જઈને ભારતને બદનામ કરવાનું બંધ કરવું જોઈએ. ૧૯૬૨ પહેલા સરહદ નક્કી ન હતી, તેથી થોડી ગરબડ થઈ શકે છે, પરંતુ હવે અમારી જમીન પર કોઈ કબજો જમાવે તે સંભવ નથી."

## ન્યૂઝ બ્રિફ

### અંબાજી મંદિર પરિસર બોલ માડી અંબે જય જય અંબેના નાદથી ગુંજવા લાગ્યા

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૧ ।

દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવી પૂનમના મેળાનો ભારે હર્ષલ્લાસપૂર્વક શુભારંભ થઈ ગયો છે. પ્રથમ દિવસે જ યાત્રિકોનો ભારે ઘસારો અંબાજી શહેરમાં જોવા મળ્યો હતો. હજારો શ્રદ્ધાળુઓ અંબાજીના દર્શનાર્થે પહોંચ્યાં હતા. મંદિરમાં પણ ભક્તોની ભારે ભીડ થતા દર્શનાર્થીઓની લાંબી કતારો જોવા મળી હતી. અંબાજી મંદિર પરિસર બોલ માડી અંબે જય જય અંબેના નાદ થી ગુંજવા લાગ્યા છે. જ્યારે અમદાવાદથી નિકળેલો વ્યાસવાડીનો સંઘ પણ આજે ભાદ્રસુદ આઠમએ અંબાજી ખાતે પહોંચ્યો હતો. મેળાનાં આગલા દિવસે પર ગજની ધજા માતાજી ને ચઢાવી હતી. ભાદરવી મેળામાં પુનમનાં દિવસે ભીડ થી બચવાં બાળકો સહીત મહીલાઓને શાંતી થી દર્શન થઈ શકે તે માટે વહેલા સંઘ લાવી પહેલી ધજા ચઢાવાતી હોવાનું હતી.

### દુષ્કર્મ આચરનાર કૌટુંબિક ભાઈને ૨૦ વર્ષની સખત કેદ

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

શહેરના ડભોલી વિસ્તારમાં રહેતી ૧૫ વર્ષની તરુણીનું લગ્નની લાલચ આપી કૌટુંબિક ભાઈએ વડોદરા અપહરણ કરી માથામાં સિંદૂર પૂરી દુષ્કર્મ કર્યુ હતું. આ કેસમાં કોર્ટે આરોપી છોટાઉદેપુરના કૌટુંબિક ભાઈને કસૂરવાર ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને ૧૦ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો. આ કેસની વિગત એવી છે કે, મૂળ નર્મદાના તિલકવાડાના વતની અને હાલ સુરત શહેરના ડભોલી વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારની ૧૫ વર્ષીય તરુણી વેડગામ ખાતે આવેલી ઓનલાઈન કંપનીમાં કુરિયર પેકિંગનું કામ કરતી હતી. કિશોરી છોટાઉદેપુર સંખેડા તાલુકાના આનંદપુર ગામમાં રહેતા કુટુંબી ફોઈના ૧૯ વર્ષીય દીકરા સાથે ટેલીફોનિક સંપર્કમાં હતી. એક બીજા સાથએ વિડિયો ચેટ પણ કરતા હતા. સગીર હોવા છતાં કુટુંબી ભાઈએ તરુણીને પોતાની પ્રેમ જાળમાં ફસાવી હતી. કુટુંબી ભાઈએ તરુણીને ભગાડી જવાનું કાવતરું રચ્યું હતું. કાવતરા મુજબ તરુણી ૬-૧૨-૨૦૧૩ના રોજ કામ પર જવાનું કહી ઘરેથી નીકળી હતી અને કુટુંબી ભાઈ તેની સાથે તેને સુરત બસ સ્ટેશનથી વડોદરા ખાતે લઈ ગયો હતો. વડોદરાથી સાળંગપુરની બસમાં બેસી સાળંગપુર ગયો હતો અને રોહીશાળા ગામ ખાતે તરુણીને લઈને રહેતો હતો. તેણી સગીર હોવા છતાં માથા પર સિંદૂર પૂરી પત્ની તરીકે સ્વીકારીને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા.

### ગૃહિણીઓનું બજેટ ખોરવાયું । શાકભાજીના ભાવ આગામી દિવસોમાં વધે તેવી શક્યતા

# વરસાદના કારણે શાકભાજી થયું મોંઘુ, બે થી ત્રણ ગણો ભાવ વધારો થયો

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

અલગ અલગ રાજ્યમાં અવિરતપણે પડી રહેલા વરસાદના કારણે ખેતરોમાં રહેલા શાકભાજીના પાકને ભારે નુકસાન થતાં ઉત્પાદનમાં પણ ઘટાડો થયો છે. જેની સીધી અસર શાકભાજીના ભાવો પર પડતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયું છે. શાકભાજીના ભાવ આગામી દિવસોમાં વધે તેવી શક્યતા વેપારીઓ વ્યક્ત કરી છે. જોકે વરસાદ પૂરો થયા બાદ પરિસ્થિતિ નિયંત્રણમાં આવે તેવી આશા વેપારીઓએ સેવી છે.ભારે વરસાદના કારણે ખેતરોમાં રહેલો પાક લેવાનો સમય ખેડૂતોને મળ્યો નથી. જેના કારણે આખેઆખા પાકને નુકસાન જતા ઉત્પાદનમાં મોટો ઘટાડો થયો છે. જેની સીધી અસર સુરતની એપીએમસીમાં માર્કેટ અને છૂટક બજાર પર જોવા મળી રહી છે. સામાન્ય દિવસોમાં સસ્તા ભાવે મળતા શાકભાજીના ભાવ હવે ચોથા આસમાને પહોંચી ગયા છે. મધ્યપ્રદેશ, કર્ણાટક, મહારાષ્ટ્ર સહિત અલગ અલગ રાજ્યોમાંથી પ્રતિદિન શાકભાજીનો મોટો જથ્થો સુરતની એપીએમસીમાં માર્કેટમાં ઠાલવવામાં આવે છે. જે જથ્થામાં હાલ મોટો ઘટાડો થયો છે. મોટા ભાગે ૫૦ થી ૭૦ ટકા જેટલો શાકભાજીનો જથ્થો મહારાષ્ટ્રથી આવે છે. જેમાં પણ હાલ મોટો ઘટાડો નોંધાયો છે. પ્રતિદિન એપીએમસીમાં માર્કેટમાં જ્યાં ૩૦ થી ૪૦ જેટલી ટ્રક શાકભાજી ભરેલ જથ્થો આવતો હતો હવે તેના સ્થાને માત્ર ૧૫ થી ૨૦ ટ્રકો જ હાલ આવી રહી છે. જેના કારણે લીલા શાકભાજીના ભાવો બેગણા વધ્યા છે. સુરતની એપીએમસી માર્કેટની વાત કરવામાં આવે તો હાલ શાકભાજીના અલગ અલગ ભાવોમાં વધારો થયો છે. જેમાં ગત મહિને અને હાલ ચાલુ માસના પ્રતિ ૨૦ કિલોના ભાવ જોઈએ તો, ૧૧.૦૮.૨૦૨૪ સુધીના ભાવ આ પ્રમાણે છે. પાપડી ૮૦૦-૯૦૦, તુવેર ૧૦૦૦-૧૨૦૦, ચોળી ૬૦૦-૭૦૦, ગીલોડા ૪૦૦-૫૦૦, ગુવાર ૧૨૦૦-૧૪૦૦, ફુદીના ૩૦૦-૪૦૦, લીંબુ ૧૨૦૦-૧૫૦૦, સુકુ લસણ ૫૦૦૦-૬૦૦૦, કાંદા ૬૦૦-૭૦૦, બટાકા ૪૦૦-૫૦૦, કોબી ૨૦૦-૩૦૦, ફ્લાવર ૩૦૦-૪૦૦, મરચા ૫૦૦-૬૦૦, ટામેટા ૩૦૦-૪૦૦ છે. જ્યારે ચાલુ માસ દરમિયાન પ્રતિ વીસ કિલોના ભાવ પર નજર કરવામાં આવે તો, ૧૧.૦૯.૨૦૨૪ સુધીના ભાવ આ પ્રમાણે છે. પાપડી ૨૦૦૦-૪૦૦૦, તુવેર ૧૮૦૦-૨૦૦૦, ચોળી ૧૨૦૦-૧૪૦૦, ગીલોડા ૧૫૦૦-૧૬૦૦, ગુવાર ૧૨૦૦-૧૫૦૦, ફુદીના ૪૦૦-૫૦૦, લીંબુ ૧૨૦૦-૨૨૦૦, સુકુ લસણ ૫૦૦૦-૬૦૦૦, કાંદા ૭૫૦-૮૫૦, બટાકા ૫૦૦-૬૦૦, કોબી ૨૬૦-૪૦૦, ફ્લાવર ૮૦૦-૧૦૦૦, મરચા ૮૦૦-૮૫૦, ટામેટા ૪૦૦-૫૦૦ રૂપિયા ભાવ પ્રતિ ૨૦ કિલોના છે. ઉત્પાદન ઘટતા ભાવમાં વધારો થયો છે. ૨૦ રૂપિયે કિલોની કાકડીના ભાવ ૬૦ રૂપિયા પહોંચ્યા છે. ૩૦ રૂપિયે કિલો મળતા કાંદાના ભાવ ડબલ થયા છે. પખવાડિયા બાદ વધુ ભાવ વધવાના અણસાર છે. લીંબુના ભાવ ૮૦ રૂપિયે હતા, જે ૧૬૦ રૂપિયા થયા છે. જ્યાં અલગ અલગ શાકભાજીના છૂટક બજારની વાત કરવામાં આવે તો, ભીંડા - ૭૦ રૂપિયે કિલો, કાંદા - ૬૦, લીંબુ - ૧૬૦, ટામેટાં - ૪૦, રીંગણ - ૬૦, તુવેર - ૧૫૦, પાપડી - ૧૬૦, કોબીજ - ૬૦, ફ્લાવર - ૧૨૦, દૂધી - ૫૫, ચોળી - ૧૩૦, ફણસી - ૬૦, ગુવારસિંગ - ૭૦, આદુ - ૬૦, પાલક - ૧૦૦, લીલાં મરચાં - ૩૫, કાકડી - ૪૫, તુરીયા - ૫૦ રૂપિયે કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. મહત્વનું છે કે, હાલ શાકભાજીના ઉત્પાદનમાં ઘટાડો થતાં સુરતની એપીએમસીમાં શાકભાજીના જથ્થાની આવક ઘટી છે. જેના કારણે શહેરના છૂટક બજારમાં પણ શાકભાજીના ભાવ બે ગણા વધ્યા છે. જેના કારણે ગૃહિણીઓએ પણ શાકભાજીની ખરીદી પર કાપ મૂકી રહી છે.

### પ્રતિમા રાખવા માટે કાચની પેટીમાં છઝ મુકાયુ

## સુરતમાં ૭૫ કિલો ઘીનો ઉપયોગ કરી ગણપતિની પ્રતિમા બનાવી



। (એજન્સી) સુરત, તા.૧૧ ।

ભારતીય તહેવારોમાં અનેક વિવિધતા જોવા મળી રહી છે. અત્યાર સુધીમાં શિવરાત્રી દરમિયાન સુરત સહિત ભારતના હજારો મંદિરમાં શંકર ભગવાનને ઘીના કમળ ચઢાવવામાં આવતા હોય છે. જેના કારણે ભક્તોએ ઘીમાંથી બનેલા શંકર ભગવાનની પ્રકૃતિ જોઈ છે પરંતુ પહેલીવાર સુરતમાં ગણેશોત્સવમાં ઘીના ગણેશજીની પ્રતિમા બનાવવામાં આવી છે. સુરતના કોટ વિસ્તારમાં એક ગણેશ આયોજકે ૭૫ કિલો ઘીનો ઉપયોગ કરી પ્રતિમા બનાવડાવી છે તેને કાચની પેટીમાં મુકવામાં આવી છે. સુરત શહેરમાં ગણેશોત્સવની દબદબાભેર શરૂઆત થઈ છે અને શહેરમાં હજારોની સંખ્યામાં શ્રીજીની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. સુરત શહેરમાં પ્લાસ્ટર ઓફ પેરીસ, માટી સહિત અનેક વસ્તુઓમાંથી ગણેશજીની પ્રતિમાનું નિર્માણ કરી તેની પૂજા કરવામાં આવી રહી છે. પરંતુ શહેરના કોટ વિસ્તારમાં આવેલા મંછરપુરા કોલસાવાડમાંમમાં ગણેશ મંડપમાં ગણેશજીની પ્રતિમા માટે એક અનોખો પ્રયોગ કર્યો છે. આ મંછરપુરા યુવક મંડળ દ્વારા આ વર્ષે ઘીમાંથી ગણપતિજીની પ્રતિમાનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો હતો. ગ્રુપના સભ્યોએ વિચાર મૂક્યો ત્યારે ઘીમાંથી શ્રીજીની પ્રતિમા કઈ રીતે બનાવવી અને દસ દિવસની જાળવણી કઈ રીતે કરવી તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ ગણેશજીની પ્રતિમાનું મોલ્ડ શોધવામાં આવ્યો હતો. આ મંડળે આ પ્રતિમા બનાવવા માટે ૭૫ કિલો ઘીનો ઉપયોગ કર્યો હતો. ઘણા દિવસોની મહેનત બાદ કલાકારોએ ઘીની ગણેશજીની પ્રતિમા બનાવી છે તેની સાથે રામલલ્લાની પ્રતિમા પણ બનાવી છે. ગણેશ ચતુર્થીના દિવસ પહેલાં ઘીની પ્રતિમા પર કલર કામ કરીને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ દસ દિવસ માટે બાપ્પાની પ્રતમા પહેલા દિવસે છે તેવી જ રાખવા માટે કાચની પેટી બનાવવામા આવી છે.

### ધાર્મિક ઝંડા લગાવવા મુદ્દે સ્થિતિ તંગ

## સુરત અને વડોદરા બાદ ભરૂચમાં શાંતિ ડહોળવાનો પ્રયાસ કરાયો

। (એજન્સી) ભરૂચ, તા.૧૧ ।

ગુજરાતમાં ગણેશોત્સવની ઉજવણી દરમિયાન છેલ્લા ૪ દિવસમાં ત્રીજી વાર શાંતિ ડહોળવાનો પ્રયાસ થયો છે. સુરતમાં ગણેશ પંડાલમાં પથ્થરમારો અને વડોદરામાં ગણેશોત્સવની વચ્ચે ધાર્મિક ઝંડા લગાવવાના વિવાદ સામે આવ્યો હતો.

હવે ગઈકાલે મોડી રાત્રે ભરૂચમાં ધાર્મિક ઝંડા લગાવવા બાબતે બે કોમનાં ટોળાં આમને સામને આવી જતા મામલો તંગ બન્યો હતો. ભરૂચ શહેરના ગોકુળનગર વિસ્તારમાં તંગદિલી સર્જાતા રાત્રિના સમયે પોલીસનાં ધાડેધાડાં ઊતરી પડ્યાં હતાં અને ટોળાંને વિખેરી સ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કરાયો હતો. પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ભરૂચમાં ગોકુલનગર વિસ્તારમાં હિન્દુ અને મુસ્લિમ સમાજના લોકો વસવાટ કરે છે. હાલ ગણેશોત્સવ ચાલી રહ્યો છે અને આગામી દિવસોમાં ઈદ-એ-મિલાદનો તહેવાર આવી રહ્યો છે. આ વિસ્તારમાં લોકો ધાર્મિક ઝંડા અને તોરણ લગાવી રહ્યા હતા. ત્યારે એકબીજાનાં ઘર પાસે તોરણો નહીં લગાવવા અપીલ કર્યા બાદ પણ લગાવાતા મામલો બિચક્યો હતો અને જોતજોતામાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં. ઉગ્ર બોલાચાલી બાદ ટોળાં વચ્ચે મારામારીનાં દૃશ્યો પણ જોવા મળ્યાં હતાં. આ બનાવની જાણ થતાં જ ભરૂચ જિલ્લા એસપી મયૂર ચાવડાએ સ્થળ પર પહોંચી પોલીસ કાફલો ખડકી ત્યાં ટોળે થયેલા તમામ લોકોને વિખેરી પરિસ્થિતિ પર તાત્કાલિક કાબૂ મેળવ્યો હતો.

### છજ્જ વાળા ડોમમાં ગણપતિ દાદાની ૯ ફૂટની મૂર્તિની સ્થાપના કરવામાં આવી

## રાજકોટમાં ગણપતિ બાપ્પાને ૬૦ લાખનો સોનાનો હાર અને ડાયમંડનો શણગાર

। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।

સમગ્ર દેશમાં ગણેશ ભગવાનની જોરશોરથી આરાધના થઈ રહી છે. ઠેર ઠેર પંડાલો જોવા મળી રહ્યાં છે. ત્યારે રાજકોટમાં યુનિવર્સિટી રોડ ઉપર આવેલા જે. કે. ચોક ખાતે ગણપતિ પંડાલની સજાવટ જોવા મળી રહી છે. અહીં એક ભક્ત દ્વારા અંદાજે રૂ. ૬૦ લાખની કિંમતનો સોનાનો હાર ગણપતિ દાદાને અર્પણ કરવામા આવ્યો છે. ગણપતિના બાજુબંધ સહિતમાં ડાયમંડનો અદભૂત શણગાર જોવા મળી રહયો છે. ગણપતિની આસપાસ લાઈવ ઉંદરો ફરતા હોય તેવો નજારો જોવા મળે છે.૧૦ દિવસનો રૂ. ૩૫ લાખ જેટલો ખર્ચ અને અંદાજે રૂ. ૬૦ લાખનો સોનાનો હાર મળી અહીં રૂ. ૧ કરોડના ગણપતિ બાપ્પાની સ્થાપના કરાઈ છે.રાજકોટ શહેરના યુનિવર્સીટી રોડ પર જે કે ચોક ખાતે શિવશક્તિ યુવા ગ્રુપ દ્વારા આ વખતે ૧૫માં વર્ષે જે.કે. ચોક કા રાજા ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે વૈદિક થીમ સાથે ડેકોરેશન કરવામા આવ્યુ છે. આ મહોત્સવમાં ૫૦ ફૂટ આડો અને ૮૦ ફૂટ લાંબો એસી વાળો ડોમ તૈયાર કરાયો છે. ગણપતિ દાદાની ૯ ફૂટની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે અને મૂર્તિના ફરતે આખો દિવસ ૮ જેટલા સફેદ ઉંદર પ્રદક્ષિણા કરી રહ્યા છે. આયોજક બલરાજસિંહ રાણાએ મીડિયાને જણાવ્યુ હતુ કે, જે. કે. ચોક ખાતે આ વખતે સતત ૧૫મા વર્ષે ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવેલું છે.

## પત્નીને મોબાઈલમાં મેસેજ કરનારને પતિએ છરી ઝીંકીને પતાવી દીધો

। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।

રાજકોટમાં પત્નીને મોબાઈલમાં મેસેજ કરનારા એક આધેડને પતિએ છરીના ઘા ઝીંકીને પતાવી દીધો હતો. કોઠારિયામાં બનેલી આ ઘટનામાં પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી લીધો છે. રાજકોટના કોઠારીયા રેલવે સ્ટેશન સામે સામે હરિદ્વાર સોસાયટી-૧માં રહેતાં અને નજીકમાં આવેલી ગણેશ પાર્ક સોસાયટીની ઓફિસમાં બેસી સોસાયટીમાં પાણી વિતરણ સહિતનું કામ સંભાળતાં ભક્તિરામભાઈ મગનલાલ નિમાવત (ઉ.૪૫) સાંજે આઠેક વાગ્યે ગણેશપાર્કની ઓફિસમાં શેટી પર સુતા હતા. આ વખતે તેના શેઠ કિશોરભાઈ હિરાણી પણ ત્યાં બહાર બેઠા હતાં. આ સમયે ગણેશપાર્કમાં જ રહેતાં રામજી મંગાભાઈ મકવાણાએ ધસી આવીને ભક્તિરામને છાતીમાં છરીનો એક જ ઘા ભોંકી દીધો હતો અને ભાગી ગયો હતો અને ઘાયલ ભક્તિરામભાઈનું મોત નીપજ્યું હતુ. ગણેશપાર્કમાં રહેતાં રામજીની પત્ની રીટાને હત્યાનો ભોગ બનનાર ફોનમાં મેસેજ કરતો હતો. આ મામલે એક મહિના પહેલા ઝઘડો થયો હતો અને સમાધાન થઈ ગયું હતું. છતાં રામજીએ ખાર રાખી ગત સાંજે ભક્તિરામભાઈ ગણેશપાર્કની ઓફિસમાં આવ્યાની જાણ થતાં ત્યાં જઈ હત્યા કરી નાખી હતી. જો કે તે ભાગી જાય એ પહેલા દબોચી લેવાયો છે. કોઠારીયા સોલવન્ટના જ ગણેશ પાર્ક-૨માં રહેતાં રામજી મંગાભાઈ મકવાણા વિરુધ્ધ હત્યાનો ગુનો નોંધ્યો છે. ભક્તિરામભાઈ નિમાવતની હત્યામાં ક્રાઈમ બ્રાંચે આરોપી રામજી મંગાભાઈ મકવાણાને તે ગામ મુકી ભાગે એ પહેલા પકડી લીધો હતો. પોલીસ સમક્ષ આરોપી રામજીએ રટણ કર્યુ હતું કે અગાઉ ભક્તિરામ અને મારા પત્નિ એક બીજાને મેસેજ કરતાં હતા. આ કારણે માથાકુટ થઈ હતી. બાદમાં સમાધાન થઈ ગયું હતું અને હવે મેસેજ નહિ થાય એવુ કહેવાયું હતું. આમ છતાં મેસેજ થતાં હોવાનું મને લાગતાં ગુસ્સો આવતાં મેં તેને છરી ઝીંકી દીધી હતી.આરોપીના જણાવ્યા પ્રમાણે, ગઈકાલે રામજીની પત્ની તેના ભાઈના ઘરે જતી રહી હતી.

## ૮૦ લાખ કમાવાની લાલચમાં વેપારીએ બે કરોડ ગુમાવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

જ્યાં લોભિયા હોય, ત્યાં ધુતારા ભૂખે ન મરે તે ઉક્તિ સાર્થક કરતો વધુ એક કિસ્સો નોંધાયો છે. અમદાવાદ, મુંબઈ અને દુબઈની ઠગ ટુકડીએ રાજકોટના વેપારીને ટાર્ગેટ કરી તેની પાસેથી રૂ. બે કરોડ પડાવી લીધા. ઈન્ડસ ટાવર કંપનીમાં રોકાણ કરી મોટું કમિશન ટ્રસ્ટના એકાઉન્ટમાં જમા કરાવવાની લાલાચ આપી બે કરોડનું આંગડિયુ કરાવી દીધું. કમિશન કે રૂપિયા કંઈ જ મળ્યું નહીં. આખરે અમદાવાદ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ થઈ છે. રાજકોટમાં અનાજના હોલસેલના વેપારી ચેતન અમલાણીને અમદાવાદના હિતેશ રાઠોડે પોતાના એક મિત્ર અશ્વિન ઝવેરી પાસે ઈન્વેસ્ટમેન્ટની સારી સ્કીમ હોવાનું જણાવ્યું હતું. જેને પગલે રોકાણની સ્કીમ સમજવા માટે તે અમદાવાદ આવ્યા હતો. હિતેશ રાઠોડે તેને નલિન અને અશ્વિન સાથે વાત કરાવી હતી. ત્યાર બાદ તેઓ કરગીલ પેટ્રોલ પંપ પાસે ધી કેપિટલ બિલ્ડિંગના છઠ્ઠા માળે એક ઓફિસમાં મીટિંગ કરી હતી. જ્યાં અશ્વિન ઝવેરીએ નલિન, બ્રિજેશ અને દીપકની ઉપસ્થિતિમાં ચેતનને જુદી જુદી સ્કીમની વાત કરી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે પોતે ઈન્ડસ ટાવર કંપની માટે કામ કરે છે. હાલ કંપનીને ફંડની જરૂર છે. કંપની માત્ર રોકડ રૂપિયામાં ફંડ મેળવે છે અને કમિશન સાથે કોઈ ટ્રસ્ટના એકાઉન્ટમાં પરત જમા કરાવી દે છે. તેથી કંપની આ રોકડ દાનમાં આપી હોવાનું ઈનકમ ટેક્સમાં દર્શાવી શકે. ચેતન વાતમાં આવતાં ઝવેરીએ જુદી જુદી ત્રણ સ્કીમની વાત કરી હતી. જેમાં બે કરોડના રોકાણ પર બે કરોડ, એંસી લાખ પરત મળે. પાંચ કરોડના રોકાણ પર આઠ કરોડ અને ૧૨ કરોડના રોકાણ પર અઢાર કરોડ મળી જાય અને તે પણ અડધા કલાકમાં જ પરંતુ કોઈ ટ્રસ્ટના જ એકાઉન્ટમાં જમા થાય. ચેતને તરત જ પોતાના ઓળખિતા ઘનશ્યામભાઈને સંપર્ક કરી તેમના યશોનંદર ટ્રસ્ટમાં આ રૂપિયા આવે તે માટે મનાવી લીધા હતા અને અડધા કલાકમાં એંસી લાખનો નફો કમાવા માટે બે કરોડ લઈ ઘનશ્યામભાઈ સાથે અમદાવાદ પહોંચ્યો હતો.

**વિશેષ** કાયદા સાથે સંપર્ક-સંઘર્ષમાં આવતા બાળકોને સમાજના મુખ્ય પ્રવાહમાં પુનઃસ્થાપિત કરવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ : મંત્રી ભાનુબેન બાબરિયા

# ગાંધીનગર ખાતે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા મિશન વાત્સલ્ય હેઠળ એક દિવસીય 'બાળ સુરક્ષા' વર્કશોપનું આયોજન

। (માહિતી) ગાંધીનગર ।

સામાજિક ન્યાય, અધિકારીતા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરિયાએ એક દિવસીય વર્કશોપમાં તાલીમાર્થીઓને સંબોધતાં કહ્યું હતું કે, કાયદા સાથે સંપર્ક અને સંઘર્ષમાં આવતા બાળકોના સર્વોત્તમ હિતને ધ્યાને રાખીને આવા બાળકોને સમાજના મુખ્ય પ્રવાહમાં પુનઃસ્થાપિત કરવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. આ પ્રક્રિયામાં ચાઈલ્ડ વેલ્ફેર કમિટી અને જુવેનાઈલ જસ્ટિસ બૉર્ડ રાજ્યમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.










બાળકોની સુરક્ષા અને સર્વાંગી વિકાસ માટે 'મિશન વાત્સલ્ય યોજના' અંતર્ગત સમાજ સુરક્ષા પ્રભાગ, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી અને જિલ્લા સ્તરે દરેક જિલ્લા બાળ સુરક્ષા એકમ, ચાઈલ્ડ વેલ્ફેર કમિટી, જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ દ્વારા બાળ સુરક્ષા વિષયક નોંધપાત્ર કામગીરી કરવામાં આવે છે. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય બાળ કલ્યાણ સમિતિના સભ્યો અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડના સભ્યોમાં બાળ અધિકાર આધારિત અભિગમ અપનાવવા તેમજ બાળ મૈત્રીપૂર્ણવાતાવરણપરત્વેવધુસંવેદનશીલતા લાવી બાળ સુરક્ષાના વિષયોમાં જાગૃતિ લાવવાનો છે તેમ, મંત્રીશ્રીએ જણાવ્યું હતું. સામાજિક ન્યાય અધિકારીતા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરિયાના અધ્યક્ષસ્થાને તેમજ સામાજિક અને ન્યાય અધિકારીતા વિભાગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી ભીખુંસિંહજી પરમારની ઉપસ્થિતિમાં આજે સમાજ સુરક્ષા પ્રભાગ, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટી અને સ્ટેટ અડોપ્શન રિસોર્સ એજન્સી (SARA) દ્વારા સંયુક્ત રીતે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટિ-GNLU ગાંધીનગર ખાતે મિશન વાત્સલ્ય હેઠળ 'બાળ સુરક્ષા' વિષયક એક દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

મંત્રીશ્રી ભાનુબેને વધુમાં જણાવ્યું હતું કે, હાલ ગુજરાતમાં ૧૨૦ બાળ સંભાળ સંસ્થાઓમાં ૩,૦૭૬ જેટલા બાળકો સંસ્થાકીય સંભાળ હેઠળ આશ્રય લઈ રહ્યા છે. જ્યાં આ બાળકોને જીવન જરૂરી તમામ ચીજ-વસ્તુઓ પૂરી પાડવામાં આવે છે. આ બાળકોના શિક્ષણ, આરોગ્ય ઉપરાંત સર્વાંગી વિકાસને કેન્દ્ર સ્થાને રાખીને વિવિધ પ્રકારના કાર્યક્રમો અને રચનાત્મક પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે. વિવિધ બાળ સંભાળ સંસ્થાઓમાં આશ્રય લઈ રહેલ અનાથ અને ત્યજાયેલ બાળકોને બાળ કલ્યાણ સમિતિ દ્વારા તેમના ઉજ્જ્વળ ભવિષ્ય અને શ્રેષ્ઠ હિતાર્થે રાજ્યની ૧૬ વિશિષ્ટ દત્તક સંસ્થાઓ પણ કાર્યરત છે. સમયાંતરે જરૂરીયાત જણાય ત્યાં બાળકોનું કાઉન્સેલિંગ કરી સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા સરકાર દ્વારા અથાગ તેમજ સંવેદનશીલ પ્રયત્ન કરવામાં આવે છે.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ભારતને શ્રેષ્ઠ, સમૃદ્ધ અને વિકસિત બનાવવું એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું હરહંમેશ સ્વપ્ર રહ્યું છે અને એ સ્વપ્રને સાકાર કરવા આજના બાળકને શ્રેષ્ઠ શિક્ષણ અને સ્વાસ્થ્ય આપવા અમારી સરકાર કટિબદ્ધ છે.

વર્કશોપમાં બાળ અધિકારો, સંરક્ષણ અને બાળ સુરક્ષા વિશે સમજૂતી, બાળ કલ્યાણ સમિતિ અને જુવેનાઈલ બોર્ડની ભૂમિકા અને કાર્યો, જુવેનાઈલ જસ્ટિસ એક્ટ, ૨૦૧૫ અને અમેડમેન્ટ, ૨૦૨૧ની મુખ્ય લાક્ષણિકતાઓ, અડોપ્શન રેગ્યુલેશન, ૨૦૨૨ની મુખ્ય લાક્ષણિકતાઓ તેમજ બાળ સુરક્ષામાં ઉદભવતા પ્રશ્નો અને નિરાકરણ જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી.

આ એક દિવસીય વર્કશોપમાં રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમા ફરજ બજાવતા બાળ કલ્યાણ સમિતિના તમિલાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્કશોપમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મીરાબેન પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અંતર્ગત સમાજ સુરક્ષા નિયામક શ્રી વિક્રમસિંહ જાદવ, વિભાગના ઉચ્ચ અધિકારીઓ-કર્મચારીઓ, સહિત વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં જીતની હેટ્રિક લગાવી । ભારતીય પુરુષ હોકી ટીમનું શાનદાર પ્રદર્શન યથાવત

# ભારતીય હોકી ટીમે મલેશિયાને ૮-૧થી હરાવી જીતની હેટ્રિક લગાવી

। (એજન્સી) ચીન,તા.૧૧ ।

એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય પુરુષ હોકી ટીમનું શાનદાર પ્રદર્શન જારી રહ્યું છે. પેરિસ ઓલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ વિજેતા ભારતીય ટીમે તેની ત્રીજી રાઉન્ડ રોબિન મેચમાં મલેશિયાને ૮-૧થી હરાવ્યું હતું. ભારત તરફથી રાજકુમાર પાલે ૩, કેપ્ટન હરમનપ્રીત સિંહે ૧, જુગરાજ સિંહે ૧, ઉત્તમે ૧ અને અરિજીત સિંહ હુંદલે ૨ ગોલ કર્યા હતા. ભારતે પ્રથમ ક્વાર્ટરથી મલેશિયા પર પ્રભુત્વ જમાવ્યું હતું અને હાફ ટાઈમ સુધી ૫ ગોલ કર્યા હતા. આ પછી ટીમ ઈન્ડિયાએ બીજા હાફમાં પોતાના ખાતામાં વધુ ૩ ગોલ ઉમેર્યા. ચીનના મોકીમાં રમાઈ રહેલી એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતનો આ સતત ત્રીજી જીત છે. અગાઉ, ભારતે તેની પ્રથમ મેચમાં યજમાન ટીમને ૩-૦થી હરાવ્યું હતું અને ત્યારબાદ બીજી મેચમાં જાપાનને ૫-૧થી હરાવ્યું હતું. રાજકુમાર પાલે ત્રીજી જ મિનિટે ભારતીય હોકી ટીમનું સ્કોરિંગ ખાતું ખોલાવ્યું હતું અને માત્ર ૩ મિનિટ બાદ અરિજીત સિંહ હુંદલે પણ ગોલ કર્યો. ત્રીજો ગોલ પેનલ્ટી કોર્નરથી થયો હતો જેમાં જુગરાજ સિંહે યોગદાન આપ્યું હતું. ચોથો ગોલ સુકાની હરમનપ્રીતની સ્ટિકથી PC દ્વારા થયો હતો. આ પછી પણ સ્કોરિંગનો ક્રમ ચાલુ રહ્યો. મલેશિયાના ડિફેન્સને ભેદતા રાજકુમાર પાલે ૨૫મી અને ૩૩મી મિનિટે સતત બે ગોલ કરીને ભારતને પ્રથમ હાફમાં ૫-૦ની સરસાઈ અપાવી હતી. ભારતે બીજા હાફમાં ૩ ગોલ કર્યા હતા. મલેશિયાએ માત્ર ૧ ગોલ કર્યો હતો. હવે ભારતનો મુકાબલો ૧૨ સપ્ટેમ્બરે દક્ષિણ કોરિયા સાથે થશે અને ત્યારબાદ ૧૪ સપ્ટેમ્બરે ટીમ ઈન્ડિયા પાકિસ્તાન સામે ટકરાશે.



## ન્યૂઝ બ્રિફ

### ખાનગી સેક્ટરની અડધાથી વધુ બેન્કોએ CASAમાં ડિપોઝિટનો હિસ્સો ઘટ્યો હોવાનું જણાવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

બેંકો દ્વારા આપવામાં આવતી લોનનો ગ્રોથ ડિપોઝિટ કરતાં વધવાથી બેન્કિંગ પ્રણાલી સમક્ષ રોકડના પડકારો ઉભા થાય તેવી ભીતિ વ્યક્ત થઈ રહી છે. ઉદ્યોગ સંગઠન ફિક્કી અને આઈબીએના સંયુક્ત રિપોર્ટમાં આશંકા વ્યક્ત કરાઈ છે કે, લોન ગ્રોથ સાથે તાળો બેસાડવા ડિપોઝિટમાં વધારો અને લોન ખર્ચમાં ઘટાડો કરવો જરૂરી છે, તમામ બેન્કોએ હવે આ મુખ્ય એજન્ડા પર ધ્યાન કેન્દ્રિત કરવા ભલામણ પણ કરી છે. બેંકો પાસેથી મળેલી માહિતી અનુસાર, છેલ્લા કેટલાક મહિનામાં ઊંચા અને આકર્ષક દરોના કારણે ફિક્સ્ડ ડિપોઝિટમાં વૃદ્ધિ નોંધાઈ છે. જાહેર સેક્ટરની ૮૦ ટકા બેંકોએ ૨૦૨૪ના પ્રથમ છ માસમાં બચત અને ચાલુ ખાતામાં (CASA) જમા રકમનો હિસ્સો ઘટ્યો હોવાનું જણાવ્યું હતું.

### રોહતાસમાં કોચિંગથી પાછી આવતી વિદ્યાર્થીનીને બદમાશો ઉપાડી ગયા

। (એજન્સી) રોહતાસ, તા.૧૧ ।

બિહારના રોહતાસમાં કોચિંગથી પાછી આવતી વિદ્યાર્થિનીને બદમાશોએ કિડનેપ કરી લીધી અને બે દિવસ સુધી બંધક બનાવી તેની સાથે દુષ્કર્મ આચર્યું. જ્યારે વિદ્યાર્થિની ઘરે પરત ફરી તો માતા-પિતાને સમગ્ર ઘટનાની જાણકારી આપી. તે બાદ પીડિતાના પિતાએ પોલીસ સ્ટેશનમાં ત્રણ આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. રોહતાસ જિલ્લાના કોચસ બજારમાં કોચિંગથી પરત ફરી રહેલી વિદ્યાર્થિનીને કિડનેપ કરીને તેની સાથે દુષ્કર્મની ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે. ત્રણ બદમાશોએ હથિયારના બળે વિદ્યાર્થિનીને બાઈક પર બેસાડીને લઈ ગયા. પછી તેને બે દિવસ સુધી બંધક બનાવીને રાખી અને તેની પર દુષ્કર્મ આચરતાં રહ્યાં.

### રાહુલ ગાંધીની ઈલ્હાન ઓમર સાથેની મુલાકાતે સર્જ્યો વિવાદ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ ।

અમેરિકાના પ્રવાસે ગયેલા કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ મંગળવારે યુએસ કોંગ્રેસના સભ્યો અને બિડેન પ્રશાસનના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. રાહુલની આ બેઠક વોશિંગ્ટન ડીસીમાં થઈ હતી. આ દરમિયાન ઈલ્હાન ઉમર પણ હાજર હતો. ભારતીય જનતા પાર્ટીએ રાહુલની ઈલ્હાન સાથેની મુલાકાત પર સવાલ ઉઠાવ્યા છે. ઈલ્હાન ઉમર અમેરિકાનો વિવાદાસ્પદ ચહેરો રહ્યો છે. તે મોદી સરકારની ઘણી નીતિઓ સામે ખુલ્લેઆમ બોલી ચૂકી છે. તેમણે કલમ ૩૭૦ના મુદ્દે સરકારની ટીકા કરી હતી. બીજેપીના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ કહ્યું છે કે શીખ વિરોધી, અનામત વિરોધી નિવેદનો આપ્યા બાદ અને ભારત વિરોધી તત્વોને મળી રહ્યા છે.

### નારાજગી વ્યક્ત કરવા હજારો લોકો એકત્ર થયા

# શિમલામાં ગેરકાયદે મસ્જિદ મુદ્દે સ્થિતિ તંગ જોવા મળી

### શિમલાના સંજૌલી વિસ્તારમાં કાયદો-વ્યવસ્થા જાળવવા માટે જિલ્લા પ્રશાસને સંજૌલીમાં કલમ ૧૬૩ લાગુ કરાઈ

। (એજન્સી) શિમલા,તા.૧૧ ।

શિમલાના સંજૌલી વિસ્તારમાં સંજૌલી મસ્જિદ વિવાદને કારણે જિલ્લા પ્રશાસને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કલમ ૧૬૩ લાગુ કરી છે. સંજૌલી મસ્જિદના ગેરકાયદે બાંધકામને લઈને હિન્દુ સંગઠનોમાં રોષ છે. હજારો લોકો રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. દેખાવકારોએ પોલીસ દ્વારા લગાવેલા બેરિકેડ તોડી નાખ્યા અને મસ્જિદ તરફ આગળ વધવા લાગ્યા હતા. મળતી માહિતી મુજબ, હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં સંજૌલી મસ્જિદનો વિવાદ અટકવાનો નામ નથી લઈ રહ્યો. શિમલાના સંજૌલી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જિલ્લા પ્રશાસને સંજૌલીમાં કલમ ૧૬૩ લાગુ કરી છે. આ માટે દરેક ખૂણે-ખૂણે પોલીસ દળો તૈનાત છે. સંજૌલી મસ્જિદ વિવાદમાં અનેક હિન્દુ સંગઠનોનું પ્રદર્શન ચાલુ




છે. મોટી સંખ્યામાં એકઠા થયેલા દેખાવકારોએ રસ્તો બ્લોક કરી દીધો હતો. દેખાવકારોએ પોલીસ દ્વારા લગાવેલા બેરિકેડ તોડી નાખ્યા અને મસ્જિદ તરફ આગળ વધવા લાગ્યા હતા. પોલીસ સતત વોટર કેનન અને લાઠીચાર્જ દ્વારા પ્રદર્શનકારીઓને રોકવાનો પ્રયાસ કરી રહી છે. ોલીસે હિન્દુ જાગરણ મંચના પ્રમુખ કમલ ગૌતમ સહિત બે લોકોની ધરપકડ કરી છે. કમાલ ગૌતમ મસ્જિદ પાસે જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ વિસ્તારમાં સામાન્ય જનજીવન સંપૂર્ણપણે સરળ રહેશે. જિલ્લા મેજિસ્ટ્રેટ અનુપમ કશ્યપે કહ્યું કે ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ સત્તાનો ઉપયોગ કરીને સંજૌલીમાં આ આદેશ આપવામાં આવ્યો છે. આ અંતર્ગત કાયદો અને વ્યવસ્થા અને શાંતિ જાળવવા માટે જિલ્લાના સંજૌલી વિસ્તારમાં ૫ કે તેથી વધુ લોકોના એકઠા થવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. શાળાઓ અને સરકારી અને ખાનગી કચેરીઓ અને બજારો સંપૂર્ણ ખુલ્લી રહેશે. સામાન્ય જનતાને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો પડશે નહીં. આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વહીવટીતંત્ર કડક પગલાં લેવાનો પ્રયાસ કરી રહ્યું છે. સંજૌલી વિસ્તારમાં કોઈને પણ પરવાનગી વિના વિરોધ, સૂત્રોચ્ચાર કે ભૂખ હડતાળ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. હોસ્પિટલ, કોર્ટ, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય જાહેર સ્થળોએ લાઉડસ્પીકરના ઉપયોગ પર પણ પ્રતિબંધ રહેશે.

### રાહુલે વોશિંગ્ટન ડીસીથી ભાજપ પર પ્રહારો કર્યા

# 'અમે દેશમાં આક્રમક રાજકારણ જોયું જે લોકતાંત્રિક માળખા પર હુમલો કરે છે'

### રાહુલ ગાંધીએ કહ્યું કે દેશ માટે કોંગ્રેસ અને તેના સહ યોગીઓનું વિઝન બીજેપી અને આરએસએસથી અલગ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

કોંગ્રેસના નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે મોડી રાત્રે વોશિંગ્ટન ડીસીમાં કહ્યું, "લોકસભામાં વિપક્ષના નેતા બનવું એ મારા અગાઉના કામનું વિસ્તરણ છે. ભારતમાં કોંગ્રેસ અને અમારી વચ્ચે વૈચારિક યુદ્ધ ચાલી રહ્યું છે. બીજેપી અને આરએસએસ સાથેના આ બે સંપૂર્ણપણે અલગ દ્રષ્ટિકોણ છે. ભારતમાં, બધી કલ્પનાઓને મુક્તપણે ખીલવાની તક મળવી જોઈએ, જ્યાં તમે કયા ધર્મનું પાલન કરો છો, તમે કયા સમુદાયના છો અથવા તમે કઈ ભાષા બોલો છો તેના આધારે તમારા પર જુલમ નથી થતો. બીજી બાજુ, એક કઠોર અને કેન્દ્રિય અભિગમ છે. આ દૃશ્ય છે, અને અમે આ દૃશ્ય પર લડીએ છીએ. ભારતની સંસ્થાઓનું રક્ષણ કરો, નબળા વર્ગોનું રક્ષણ કરો, નીચલી જાતિઓ, આદિવાસીઓ,



લઘુમતીઓ અને ગરીબ લોકોનું રક્ષણ કરો.પ્રવાસ પછી, મેં મારાથી બને તેટલા લોકોનો અવાજ બનવાનો પ્રયાસ કર્યો. આ માટે તમારે સમજવું પડશે કે વાસ્તવમાં શું થઈ રહ્યું છે. તમારે કૃષિ વિશ્વમાં, ત્યાં ચાલી રહેલા સંઘર્ષો, નાણાકીય વ્યવસ્થા અને કર પ્રણાલીમાં ઊંડે સુધી જવું પડશે. તમારે લોકો સાથે વાત કરવી પડશે, અને પછી તેમના દૃષ્ટિકોણને ઊંડાણપૂર્વક સમજવું પડશે અને વ્યાપક પરિપ્રેક્ષ્ય રજૂ કરવું પડશે. ભારત ગઠબંધનનું દેશ માટેનું વિઝન બીજેપીના કેન્દ્રિય અને સરમુખત્યારવાદી દ્રષ્ટિકોણથી સંપૂર્ણપણે અલગ હશે.કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રાને પરિવર્તન નહીં પરંતુ યાત્રા ગણાવી હતી. તેમણે કહ્યું કે ૨૦૧૪ પછી ભારતીય રાજનીતિમાં મોટો બદલાવ આવ્યો છે. વોશિંગ્ટન ડીસીમાં વાતચીત દરમિયાન તેમણે કહ્યું, "અમે એક આક્રમક રાજનીતિ જોયું જે આપણા લોકતાંત્રિક માળખા પર હુમલો કરે છે. તે એક અઘરી લડાઈ છે, પરંતુ તે એક સારી લડાઈ પણ રહી છે. વ્યક્તિગત રીતે પણ ઘણું બદલાઈ ગયું છે."તેમણે વધુમાં કહ્યું કે, કોંગ્રેસ અને તેના સહયોગીઓનું ભારત માટેનું વિઝન બીજેપી અને આરએસએસથી અલગ છે. "અમે બહુમતીવાદમાં માનીએ છીએ, જ્યાં તમામ સમુદાયોને આગળ વધવાની તક મળે છે, જ્યારે ભાજપ અને આરએસએસનો અભિગમ વધુ કઠોર છે મીડિયા, કોર્પોરેટ અથવા સરકારમાં ખૂબ ઓછી હાજરી છે.રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે તેમના અને ભારતના ગઠબંધન માટે સૌથી મહત્વપૂર્ણ પ્રશ્ન "શું આપણે ન્યાયી છીએ?"

### નવી યાદીમાં એક મહિલા રેસલરને પણ ટિકિટ આપી

# હરિયાણા ચૂંટણી માટે આપની ૨૧ ઉમેદવારની યાદી જાહેર

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૧ ।

હરિયાણા વિધાનસભા ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ ૨૧ ઉમેદવારોની ચોથી યાદી જાહેર કરી દીધી છે. આ ચૂંટણી માટે આમ આદમી પાર્ટી તરફથી કુલ ૬૧ ઉમેદવારોના નામ પર મહોર લાગી ગઈ છે. AAPએ પોતાની નવી યાદીમાં એક મહિલા રેસલરને પણ ટિકિટ આપી છે. જુલાના બેઠક પરથી કોંગ્રેસ ઉમેદવાર વિનેશ ફોગાટ સામે આમ આદમી પાર્ટીએ ઉઉઈની રેસલર કવિતા દલાલને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. આમ આદમી પાર્ટીએ અંબાલા કેન્ટથી રાજ કૌર ગિલ, યમુના નગરથી લલિત ત્યાગી, લાડવાથી જોગા સિંહ, કૈથલથી સતબીર ગોયત, કરનાલથી સુનિલ બિંદલ, પાણીપત ગ્રામીણથી સુખબીર મલિક, ગાનૌરથી સરોજ બાલા રાઠી, સોનીપતથી દેવેન્દ્ર ગૌતમ, ગોહાનાથી શિવકુમાર રંગીલા અને બરોદાથી સંદીપ મલિકને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે. બીજી તરફ જુલાનાથી કવિતા દલાલ, સફીદોનથી નિશા દેશવા, તોહાનાથી સુખવિંદર સિંહ ગિલ, કાલાંવલીથી જસદેવ નિક્કા,



સિરસાના શામ મહેતા, ઉકલાનાથી નરેન્દ્ર ઉકલાના, નારોંદથી રાજીવ પાલી, હંસીથી રાજેન્દ્ર સોરખી, હિસારથી સંજય સતરોદિયા, બાદલીથી હેપ્પી લોહચાબ અને ગુડગાંવ બેઠક પરથી નિશાંત આનંદને ટિકિટ આપવામાં આવી છે. તમને જણાવી દઈએ કે હરિયાણા વિધાનસભા માટે ૫ ઓક્ટોબરના રોજ મતદાન થશે અને ૮ ઓક્ટોબરના રોજ પરિણામ જાહેર કરવામાં આવશે. આમ આદમી પાર્ટીએ અત્યાર સુધી ૬૧ બેઠકો માટે ઉમેદવારોની જાહેરાત કરી દીધી છે. એક દિવસ પહેલા મંગળવારે પાર્ટીએ ત્રીજી યાદી બહાર પાડી હતી. જેમાં ૧૧ નામો ફાઈનલ કરવામાં આવ્યા હતા. જ્યારે પ્રથમ યાદીમાં ૨૦ નામો અને બીજી યાદીમાં ૯ નામો ફાઈનલ કરવામાં આવ્યા હતા.

### અરવિંદ કેજરીવાલને કોઈ રાહત નહીં

# રાઉઝ એવન્યુ કોર્ટે CBI કેસમાં ૨૫ સપ્ટેમ્બર સુધી ન્યાયિક કસ્ટડી વધારી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

સીએમ અરવિંદ કેજરીવાલને કોઈ રાહત મળે તેમ લાગતું નથી. રાઉઝ એવન્યુ કોર્ટે CBI કેસમાં અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૫ સપ્ટેમ્બર સુધી લંબાવી છે. દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે AAP નેતા દુર્ગેશ પાઠક અને અન્યને ૧ લાખ રૂપિયાના જામીન બોન્ડ પર જામીન આપ્યા હતા. રાઉઝ એવન્યુ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા સમન્સ પર તે હાજર થયો હતો. સીએમ અરવિંદ કેજરીવાલ અને અન્ય અટકાયત કરાયેલા આરોપીઓને તિહાર જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૨૫ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે. આ પહેલા સમાચાર સામે આવ્યા હતા કે, દિલ્હી વિધાનસભામાં વિપક્ષના નેતા વિજેન્દ્ર ગુપ્તાએ સોમવારે કહ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી (BJP)ના ધારાસભ્યો બંધારણના કથિત ઉલ્લંઘન બદલ આમ આદમી પાર્ટી (AAP) સરકારને બરતરફ કરવાની માગણી કરતો પત્ર રાષ્ટ્રપતિને દાખલ કરશે.



દ્રૌપદી મુર્મુને આપવામાં આવેલ મેમોરેન્ડમ ગૃહ મંત્રાલયને મોકલવામાં આવ્યું છે. ગુપ્તાએ એક નિવેદનમાં દાવો કર્યો હતો કે, દિલ્હી સરકાર દ્વારા છઠ્ઠા દિલ્હી નાણાં પંચની રચના ન કરવી અને કેગના રિપોર્ટ પર કોઈ પગલાં ન લેવા એ બંધારણનું ઉલ્લંઘન છે. ભાજપના ધારાસભ્યોનું એક પ્રતિનિધિમંડળ ૩૦ ઓગસ્ટના રોજ રાષ્ટ્રપતિને મળ્યું હતું અને મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલના જેલમાં હોવાને કારણે દિલ્હીમાં ઊભી થયેલી બંધારણીય કટોકટી વચ્ચે તેમના તાત્કાલિક હસ્તક્ષેપની વિનંતી કરીને મેમોરેન્ડમ સુપરત કર્યું હતું. રાષ્ટ્રપતિના સચિવાલયમાંથી મળેલા પત્રને શેર કરતા ગુપ્તાએ કહ્યું કે, 'રાષ્ટ્રપતિએ મેમોરેન્ડમની નોંધ લીધી છે.

### NCPCRનો વિરોધ, આજે SCમાં સુનાવણી

# 'મદરેસાઓમાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ નથી મળતું...'



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।


NCPCRએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી પોતાની દલીલમાં કહ્યું કે મદરેસાઓમાં બાળકોને ઔપચારિક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ નથી મળી રહ્યું. મદરેસાઓ જરૂરી શૈક્ષણિક વાતાવરણ અને સુવિધાઓ પૂરી પાડવામાં અસમર્થ છે, જેના કારણે બાળકોને તેમના સારા અને યોગ્ય શિક્ષણના અધિકારથી વંચિત રાખવામાં આવે છે. આજે (બુધવારે) સુપ્રીમ કોર્ટ યુપીના મદરેસા એક્ટને ગેરબંધારણીય જાહેર કરવાના અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણય વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજી પર મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરશે. આ સમય દરમિયાન, નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) એ તેની લેખિત દલીલમાં મદરેસાઓમાં આપવામાં આવતા શિક્ષણનો વિરોધ કર્યો છે.NCPCRએ સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી પોતાની દલીલમાં કહ્યું કે મદરેસાઓમાં બાળકોને ઔપચારિક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ નથી મળી રહ્યું. મદરેસાઓ જરૂરી શૈક્ષણિક વાતાવરણ અને સુવિધાઓ પૂરી પાડવામાં અસમર્થ છે, જેના કારણે બાળકોને તેમના સારા અને યોગ્ય શિક્ષણના અધિકારથી વંચિત રાખવામાં આવે છે.પંચે કહ્યું કે મદરેસાઓ શિક્ષણનો અધિકાર (RTE) કાયદાના દાયરામાં આવતા નથી, તેથી અહીં ભણતા બાળકો માત્ર ઔપચારિક શિક્ષણથી વંચિત નથી, પરંતુ તેઓ મધ્યાહન ભોજન, ગણવેશ, જેવી આવશ્યક સુવિધાઓથી પણ વંચિત છે. અને પ્રશિક્ષિત શિક્ષકોને મળો. મદરેસાઓમાં ધાર્મિક શિક્ષણ પર વધુ ભાર આપવામાં આવે છે, જ્યારે મુખ્ય પ્રવાહના શિક્ષણમાં તેમની ભાગીદારી ઘણી ઓછી છે. NCPCR એ એમ પણ કહ્યું કે યુપી, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં સર્વે દરમિયાન જાણવા મળ્યું કે ઘણી મદરેસાઓમાં બિન-મુસ્લિમ બાળકો પણ અભ્યાસ કરી રહ્યા છે, જેમને ઈસ્લામિક ધાર્મિક પરંપરાઓ શીખવવામાં આવી રહી છે. પંચે તેને બંધારણની કલમ ૨૮(૩)નું ઉલ્લંઘન ગણાવ્યું હતું.

# બિહારની દીકરીનો કમાલ, ગૂગલે ૬૦ લાખનું પેકેજ ઓફર કર્યું

### પરિવારના સભ્યો અને સંબંધીઓમાં ખુશીનો માહોલ, બધા લોકો માટે એક નવી મિશાલ બની

। (એજન્સી) ભાગલપુર, તા.૧૧ ।

પોતાની પ્રતિભાનું મુલ્ય આજે નહીં તો કાલે પણ મળવાનું ચોક્કસ છે. આવા પ્રસંગો આપણને અવાર-નવાર સાંભળવા મળતા હોય છે. અને આવું જ એક ઉદાહરણ તાજેતરમાં બિહારમાં જોવા મળ્યું છે. હકીકતમાં બિહારના ભાગલપુરની દીકરીને ગૂગલે ૬૦ લાખ રૂપિયાનું પેકેજ આપ્યું છે, જે બાદ તેના પરિવારના સભ્યો અને સંબંધીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગૂગલમાં નોકરી મેળવીને બિહારની અલંકૃતા સાક્ષીએ તે બધા લોકો માટે એક નવી મિશાલ બની




છે. જેઓ જીવનમાં ખરેખર કાંઈક કરવા માંગે છે અને તેમના માટે ઉદાહરણ રુપ રહેશે. અલંકૃતા એ દીકરીઓને પણ નવી દિશા આપવાનું કામ કર્યું છે, જે જીવનમાં આગળ વધીને કંઈક કરવા માંગે છે. અલંકૃતા સાક્ષી બિહારના ભાગલપુર જિલ્લાના નવગાચિયા તાલુકાની સિમરા ગામની રહેવાસી છે. અલંકૃતાના પિતા શંકર મિશ્રા હાલમાં ઝારખંડના કોડરમામાં રહે છે. તેઓ કોડરમાની એક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેની માતા રેખા મિશ્રા એક ખાનગી શાળામાં શિક્ષિકા છે. તેમના માતા પિતા કોડરમા રહેતા હોવાથી તેમનું બાળપણ પણ ત્યાં જ વીત્યું હતું. અલંકૃતાએ કોડરમાથી દસમું ધોરણ પાસ કર્યું હતું. ત્યાર બાદ તેણે ૧૨માં ધોરણમાં કોડરમા આવેલી જવાહર નવોદય વિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. અને એ પછી તેણે હજારીબાગમાંથી B.Techની ડિગ્રી મેળવી હતી. B.Tech કર્યા પછી અલંકૃતા સાક્ષીને બેંગલોરમાં નોકરી મળી હતી. તેથી તે એ પછી તે બેંગલુરુમાં રહેવા ગઈ હતી. અહીં તેણે અલગ અલગ મલ્ટીનેશનલ કંપનીઓમાં કામ કર્યું. આ સમય દરમિયાન તેણે ગૂગલમાં નોકરી માટે પણ અરજી કરી હતી. તે પછી કંપની દ્વારા તેનું કામ જોવામાં આવ્યું અને ઈન્ટરવ્યુ કરવામાં આવ્યો જેમા તેને સિલેક્ટ કરવામાં આવી હતી. અને તેને ૬૦ લાખ રૂપિયાનું પેકેજ આપવામાં આવ્યું છે.

## તંત્રી લેખ...

# બિડેન વહીવટ-ટ્રમ્પે કમલાને ઘેરી લીધી

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા બુધવારે ડોનાલ્ડ ટ્રમ્પ અને કમલા હેરિસ વચ્ચે રાષ્ટ્રપતિના ભાષણ દરમિયાન આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર જોરદાર ચર્ચા થઈ હતી. આ દરમિયાન બંનેએ એકબીજા પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા હતા. આ દરમિયાન ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને લઈને બિડેન સરકાર પર નિશાન સાધ્યું તો હેરિસે પણ વળતો પ્રહાર કર્યો. આ દરમિયાન ગાઝા સંઘર્ષ, અફઘાનિસ્તાન સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. રશિયા-યુક્રેન યુદ્ધનો ઉલ્લેખ કરતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આ યુદ્ધમાં લાખો લોકોના મોત થયા છે. ત્યાંની સ્થિતિ ખૂબ જ ખરાબ છે, મને લાગે છે કે આ યુદ્ધને સમાપ્ત કરવું અમેરિકાના હિતમાં છે. ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું કે જો હું રાષ્ટ્રપતિ બનીશ તો આ યુદ્ધનો અંત લાવીશ. બિડેન પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે બિડેન વહીવટીતંત્રમાં નેતૃત્વના અભાવે રશિયાને યુક્રેન પર હુમલો કરવાની મંજૂરી આપી.આ દરમિયાન કમલા હેરિસે કહ્યું, 'જો ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ હોત તો પુતિન અત્યારે કિવમાં બેઠા હોત.' તેમણે કહ્યું કે અમારા સમર્થન અને હથિયારોની મદદને કારણે આજે યુક્રેન રશિયાની સામે મજબૂતીથી ઉભું છે. તે જ સમયે જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું તેઓ ઈચ્છે છે કે યુક્રેન રશિયા સાથે યુદ્ધ જીતે તો ટ્રમ્પે આ પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો. તેના બદલે તેણે કહ્યું: 'હું ઈચ્છું છું કે યુદ્ધ બંધ થાય. હું જીવન બચાવવા માંગુ છું.ગાઝા યુદ્ધનો ઉલ્લેખ કરતાં કમલા હેરિસે કહ્યું કે ઈઝરાયેલને પોતાનો બચાવ કરવાનો અધિકાર છે. આ યુદ્ધ સમાપ્ત થવું જોઈએ. અમારે હવે યુદ્ધવિરામની જરૂર છે. સાથે જ ટ્રમ્પે કહ્યું કે હેરિસ નેતન્યાહુને નફરત કરે છે. તેણી એક સોરોરિટી પાર્ટીમાં હતી અને તેને મળી ન હતી. તે આરબ લોકોને નફરત કરે છે. ટ્રમ્પે કહ્યું કે બિડેનની મદદથી ઈરાન મજબૂત બન્યું છે.કમલા હેરિસે આ દરમિયાન કહ્યું હતું કે મેં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ તરીકે વિશ્વનો પ્રવાસ કર્યો છે અને વિશ્વના નેતાઓ ડોનાલ્ડ ટ્રમ્પ પર હસી રહ્યા છે. તેણે કહ્યું, 'મેં લશ્કરી નેતાઓ સાથે વાત કરી છે, જેમાંથી કેટલાકે તમારી સાથે સેવા કરી છે અને તેઓ કહે છે કે તમે અપમાનજનક છો.'ચર્ચા દરમિયાન હેરિસે અફઘાનિસ્તાનમાંથી સૈનિકો પાછી ખેંચવાના સંબંધમાં બિડેનના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો. તેણે કહ્યું, 'હું અફઘાનિસ્તાનમાંથી પાછા જવાની બિડેનની નીતિ સાથે સહમત છું. ટ્રમ્પે તાલિબાન સાથે વાતચીત કરી હતી. તેણે આતંકવાદીઓ સાથે વાત કરી.તમને જણાવી દઈએ કે અમેરિકામાં બુધવારે ફિલાડેલ્ફિયાના નેશનલ કોન્સ્ટિટ્યુશન સેન્ટરમાં રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક ઉમેદવાર કમલા હેરિસ વચ્ચે રાષ્ટ્રપતિ પદની જોરદાર ચર્ચા થઈ હતી. આ દરમિયાન ટ્રમ્પ અને હેરિસે એકબીજા પર ઘણા ગંભીર આરોપ લગાવ્યા હતા. આ દરમિયાન ટ્રમ્પે અમેરિકામાં ઈમિગ્રન્ટ્સને લઈને બિડેન સરકાર પર પ્રહાર કર્યા હતા.

## મમતા બેનર્જીનો પીડિત યુવતીનો પક્ષ લેવાને બદલે સતત બચવાની કોશિશ

બંગાળમાં થોડા વખત પહેલાં જે રીતે એક યુવા ડોક્ટરની તેના જ કાર્યસ્થળ એટલે કે હોસ્પિટલમાં દુષ્કર્મ બાદ હત્યા કરી દેવામાં આવી, તેનાથી આખા દેશના ડોક્ટરોમાં આક્રોશ પેદા થયો છે. મીડિયામાં આવેલ સમાચારો અનુસાર એ પણ કેટલા આશ્ચર્યની વાત છે કે ત્યાંના પ્રશાસને આ ઘટના પર ઢાંકપિછોડો કરવાનો પ્રયત્ન કર્યો. ડોક્ટરો આંદોલિત થયા તો ત્યાંના કેટલાય નેતા અને ઘણા બુદ્ધિજીવી કહેવા લાગ્યા કે દેશભરમાં આવું તો થતું હોય છે, એના પર કેમ નથી બોલતા? એટલે કે જે લોકો હવે બોલી રહ્યા છે તે ગુનો કરી રહ્યા છે! તારે ત્યાં દુષ્કર્મ થાય તો હું ગળું ફાડીને બોલું અને મારે ત્યાં થાય તો ચૂપ થઈ જઉં, બચવાની કોશિશ કરું. આ પ્રવૃત્તિ બેહદ શરમજનક અને ઘાતક છે. દુષ્કર્મ જેવા અપરાધ જ્યાં પણ થાય, તે નિંદા અને સજાને લાયક જ હોય છે. એ વાત વધુ ખરાબ છે કે એક મહિલા મુખ્યમંત્રી મમતા બેનર્જીએ એ પીડિત યુવતીનો પક્ષ લેવાને બદલે સતત બચવાની કોશિશ કરી. મમતા બેનર્જીએ ઘણા દિવસો પછી કહ્યું કે હા, અમારાથી ભૂલ થઈ ગઈ. જો આ મુદ્દા પર આંદોલન ન થયું હોત, મીડિયાનો સાથ ન મળ્યો હોત તો શું થાત? એને તો આત્મહત્યા ગણાવીને રફે-દફે કરી દેવાયો જ હતો. યાદ હશે કે દિલ્હીમાં નિર્ભયા મામલે શીલા દીક્ષિતની એ વાત પર ટીકા કરવામાં આવી હતી કે એક મહિલા મુખ્યમંત્રી રહેતાં આવું કેવી રીતે થઈ ગયું. ત્યારે પણ માંગ કરવામાં આવી હતી કે એવો કઠોર કાયદો બનાવવામાં આવે કે લોકો મહિલાઓ વિરુદ્ધ અપરાધ કરવાથી ડરે. ત્યારે પણ કાયદો બનાવવામાં એ જ ઉતાવળ જોવા મળી હતી, જે આજે બંગાળમાં જોવા મળી છે. દુષ્કર્મ જેવા અપરાધને ડામવા માટે કઠોર કાયદા હોવા સારી વાત છે, પરંતુ દર વખતે આ અપરાધ સામે માત્ર કાયદાથી લડવાની વાત કરવી અને વધુ કઠોર કાયદા બનાવવા, દર્શાવે છે કે આપણને લોકતંત્ર અને બંધારણ વગેરેમાં કોઈ ખાસ વિશ્વાસ નથી. નિર્ભયા મામલે પણ જસ્ટિસ જેએસ વર્મા કમિટીને માત્ર ૩૦ દિવસનો સમય આપવામાં આવ્યો હતો કે તે પોતાનો રિપોર્ટ સોંપે. તેમણે તેને ૨૯ દિવસમાં જ તૈયાર કરીને સોંપી દીધો હતો. તેમાં તેમણે અપરાધની ગંભીરતા અનુસાર સાત વર્ષના મુકાબલે દસ વર્ષ, વીસ વર્ષ અને જનમટીપની ભલામણો કરી હતી. સાથે જ સડકો પર સારી સ્ટ્રીટ લાઈટ લગાવવા અને ચોવીસ કલાક સુરિક્ષત જાહેર પરિવહન વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવાની પણ વાત કરવામાં આવી હતી, જેનાથી અપરાધી અંધારાનો ફાયદો ઉઠાવી શકે. આ જ અનેક ભલામણોના આધાર પર દેશમાં નવો દુષ્કર્મ કાયદો બનાવવામાં આવ્યો હતો. જોવાની વાત એ છે કે આ બાર વર્ષોમાં કેટલા અપરાધીઓને સજા મળી. પરંતુ આ દરમ્યાન તો દુષ્કર્મના ખોટા કેસો અને દુષ્કર્મના અપરાધો ખૂબ વધ્યા. શું સડકોની લાઈટો ઠીક થઈ ગઈ? જાહેર પરિવહનને લઈને નાના શહેરોની તો શું વાત કરવી, શું દિલ્હીમાં જ ચોવીસ કલાક ઉપલબ્ધ થઈ શક્યું? નવા કાયદા છતાં નિર્ભયા વિરુદ્ધ અપરાધ કરનારાઓને સજા ઘણા વિલંબથી મળી. હવે બંગાળમાં જે નવો કાયદો બનાવ્યો છે, તેમાં પણ એકવીસ દિવસમાં સુનાવણી પૂરી થવાની જોગવાઈ છે. દુષ્કર્મ અને હત્યા મામલે કે એવા મામલે જ્યાં અપરાધને અંજામ આપ્યા બાદ પીડિતાને મરવા માટે છોડી દેવામાં આવે છે, તેમાં ફાંસીની સજાની જોગવાઈ છે. જ્યારે પણ કોઈ દુષ્કર્મ થાય એક નવો કાયદો બનાવી દેવામાં આવે તો એક દિવસે કદાચ એવું થશે કે લોકો માંગ કરવા લાગશે કે જેવો જ કોઈ પકડાય કે તેને ગોળીથી ઉડાવી દેવામાં આવે. જેવું કે કેટલાય વર્ષ પહેલાં કર્ણાટકમાં અપરાધીઓ સાથે કરવામાં આવ્યું હતું. જ્યાં સુધી અદાલતમાં આરોપ સાબિત ન થઈ જાય ત્યાં સુધી આરોપીને અપરાધી કેવી રીતે માની શકાય? ત્વરિત ન્યાય એક રીતે કાયદાને પાછળ ધકેલીને તાનાશાહીને નિમંત્રણ આપે છે.

**જીવનમાં શાંતિ કે પ્રસન્નતા ન હોવાનું મુખ્ય કારણ આપણે બાળપણની નિખાલસતા કે જીવન પ્રત્યેની સહજતા ભૂલી ગયા છીએ**

# શંકર સુવન ભવાની નંદન કહેવાતા ભગવાન શ્રી ગણપતિ આદિદેવ એટલે કે અજન્મા છે



સદ્ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સમાજનો એક એક વ્યક્તિ જ્યારે પોતાનામાં સુધાર કરીને નિખાલસતા પાછી મેળવે, ત્યારે સમાજ સ્વસ્થ અને શાંત બની શકે, એવો એક હેતુ પ્રાર્થના પાછળ રહેલો છે, તો અત્યારે ગણપતિ ઉત્સવના દિવસ ચાલી રહ્યા છે, ત્યારે આપણે પણ ગણેશ સ્તુતિ વિશે સહજ ચિંતન કરીશું. આદિદેવ ગણેશ સંકટનાશન કે વિઘ્ન હર્તા તરીકે સૌથી વધુ પૂજાય છે.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આજે ગુરૂવાર એટલે પ્રાર્થના! અત્યાર સુધી આપણે નાના બાળક બની વર્ગ ખંડમાં ગવાતી ઘણી બધી પ્રાર્થનાઓ કરી. પ્રાર્થના કરવાનું મુખ્ય કારણ એ છે કે આપણે આપણા જીવનથી એટલા ખુશ નથી, અથવા તો શાંતિનો અનુભવ થતો નથી. જીવનમાં શાંતિ કે પ્રસન્નતા ન હોવાનું મુખ્ય કારણ આપણે બાળપણની નિખાલસતા કે જીવન પ્રત્યેની સહજતા ભૂલી ગયા છીએ. સમાજનો એક એક વ્યક્તિ જ્યારે પોતાનામાં સુધાર કરીને નિખાલસતા પાછી મેળવે, ત્યારે સમાજ સ્વસ્થ અને શાંત બની શકે, એવો એક હેતુ પ્રાર્થના પાછળ રહેલો છે. તો અત્યારે ગણપતિ ઉત્સવના દિવસ ચાલી રહ્યા છે, ત્યારે આપણે પણ ગણેશ સ્તુતિ વિશે સહજ ચિંતન કરીશું. આદિદેવ ગણેશ સંકટનાશન કે વિઘ્ન હર્તા તરીકે સૌથી વધુ પૂજાય છે, અને આપણે જોઈએ છીએ કે કોઈવાર રાજકારણ, તો કોઈવાર આતંકવાદ, તો કોઈવાર ભ્રષ્ટાચાર, કે કોઈવાર સામાજિક દુર્ઘટના, કે કુદરતી આપત્તિ આમ કોઈ ને કોઈ વિઘ્ન સમાજને શાંત ન થવા દેતું નથી, માટે આપણે વિઘ્ન હર્તાને શરણે જઈએ.

**સંકટનાશન ગણેશ સ્તોત્રમ્**

**★શ્રીગણેશાય નમઃ★**

**નારદ ઉવાચઃ**

**પ્રણમ્ય શિરસા દેવં ગૌરીપુત્રં વિનાયકમ્,**
**ભક્તાવાસં સ્મરેનિત્યં આયુઃકામાર્થસિદ્ધયે,**

ગૌરી એટલે કે પાર્વતીના પુત્ર વિનાયક ગણપતિ દેવને પ્રણામ કરી, આયુષ્ય કામના માટે અને સર્વ કાર્યની સિદ્ધિ અર્થે ભક્તોના આવાસ સ્થાનરૂપ ગણપતિનું નિત્ય સ્મરણ કરવું.

**પ્રથમં વક્રતુણ્ડં ચ એકદન્તં દ્વિતીયકમ્,**
**તૃતીયં કૃષ્ણપિઙ્ગાક્ષં ગજવક્ત્રં ચતુર્થકમ્.**

પહેલા વક્રતુંડને, બીજા એકદંતને, ત્રીજા કૃષ્ણ પિંગાક્ષને, ચોથા ગજકત્રને પ્રણામ.

**લમ્બોદરં પઞ્ચમં ચ ષષ્ઠં વિકટમેવ ચ,**
**સપ્તમં વિઘ્નરાજેન્દ્રં ધૂમ્રવર્ણં તથાષ્ટમમ્.**

પાંચમા લંબોધરને, છઠ્ઠા વિકટને, સાતમા વિઘ્નરાજને અને આઠમા ધૂમ્રવર્ણને પ્રણામ.

**નવમં ભાલચન્દ્રં ચ દશમં તુ વિનાયકમ્,**
**એકાદશં ગણપતિં દ્વાદશં તુ ગજાનનમ્.**

નવમા ભાલચંદ્રને, દશમા વિનાયકને, અગિયારમા ગણપતિને અને બારમા ગજાનનને પ્રણામ.

આ સ્તુતિ અષ્ટક છે, આપણે આજે ચાર અને આવતીકાલે ચાર શ્લોકનું ચિંતન કરીશું. ગણેશના નામ પ્રમાણેના વિવિધ રુપ અને ગુણ ધરાવતા સ્વરૂપનો ને પ્રણામ પાઠવતી આ સ્તુતિનો નારદ પુરાણમાં ઉલ્લેખ જોવા મળે છે. એક પૌરાણિક કથા મુજબ ચંદ્ર પર



ભગવાન ગણેશ અત્યંત ક્રોધિત થઈ જાય છે ત્યારે ઈન્દ્ર આદિદેવતાઓ તેને શાંત કરવા માટે આ સ્તુતિ કરે છે. ભાદરવા મહિનાની સુદ ચોથને દિવસે શું કામ ગણેશ સ્થાપનાં કરવામાં આવે છે? એ વિશેની એક પૌરાણિક કથા છે. આપણે સૌ ગણેશને શંકર સુવન એટલે કે શંકર અને પાર્વતીના પુત્ર તરીકે ઓળખીએ છીએ, પરંતુ ગણેશ એ આદિ દેવ છે એટલે કે વેદમાં પણ એનું સ્થાન બતાવ્યું છે. કારણ કે પંચમહાભૂતના જળ તત્વના તે અધિષ્ઠાતા દેવ છે, અને એ રીતે એ વેદમાં અજન્મા તરીકે સ્થાન ધરાવે છે. પરંતુ શિવજી જ્યારે સમાધિમાં ચાલ્યા જાય છે, ત્યારે પાર્વતી પોતાના અંગરક્ષક તરીકે એના શરીરના મેલમાંથી એક વિગ્રહનું સર્જન કરે છે, અને એને દ્વારપાળ તરીકે બેસાડે છે, જેને આપણે ગણેશ તરીકે ઓળખીએ છીએ. કથાથી આપણે સૌ પરિચિત છીએ કે માતા પાર્વતી સ્નાનાગૃહમાં હોય છે, ત્યારે જ ભગવાન શંકર સમાધિમાંથી પાછા ફરે છે, અને ગણેશજી એમને અંદર જતાં રોકે છે!; શિવ ગણો એને વિનંતી કરે છે કે તું અહીંથી ચાલ્યો જા, નહીં તો ભગવાન શંકરનાં કોપનો તું ભોગ બનીશ. પરંતુ ગણેશજી કહે છે કે મને મારા સ્વામીનો એટલે કે માતા પાર્વતીનો આદેશ છે અને આ દ્વાર પર બેસીને મારે તેનું રક્ષણ કરવાનું છે, એટલે મને મારી પ્રતિજ્ઞાનું પાલન કરવા ઘો! માતા પાર્વતી હમણાં સ્નાન કરી બહાર આવશે, અને એ કહેશે તો હું એને ભીતર પ્રવેશ આપીશ. ભગવાન શિવ ઈચ્છતા હતાં કે એમના ગણોનું અભિમાન તૂટે, અને એટલે ગણેશ અને શિવ ઘણો વચ્ચે તુમુલ યુદ્ધ થયું ગણેશજીએ ભુગળો દ્વારા શિવ ગણોને હરાવી દીધા! ત્યારબાદ ભગવાન વિષ્ણુ પણ ગણેશ સાથે યુદ્ધ કરે છે, અને ગણેશજી વિષ્ણુને પણ યુદ્ધમાં માત આપવાની તૈયારી માં જ હતાં, અને બરાબર ત્યારે જ ભગવાન શિવ ગણેશનું મસ્તક છેદી નાખે છે અને વિષ્ણુને પરાજિત થતા બચાવી લે છે! નારદજીએ પાર્વતીને સમાચાર આપ્યા કે, મહેશે ગણેશ દ્વારપાલનું મસ્તક છેદી નાખ્યું છે. પાર્વતીજી એ ક્રોધ કરીને પ્રલય અર્થે અસંખ્ય શકિતઓ ઉત્પન્ન કરી. આ મહામાયાઓ પ્રલય કરવા અને યુદ્ધ કરવા જ આવેલી. સર્વ દેવો, યક્ષો, મુનિવર્યો, રાક્ષસો વગેરેનો સંહાર કરવા આજ્ઞા આપી હતી. શકિતદેવી ઓએ હાહાકાર મચાવી દીધો ! આ હત્યાકાંડ થતો અટકાવવા બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્ર વગેરે પ્રાર્થના કરે કે અમારો અપરાધ થયો છે, માટે અમારા પર પ્રસન્ન થઈ ક્ષમા કરો. પાર્વતીજીને શાંત થવા કાલાવાલા કર્યા અને આ અનર્થ અટકાવવા સ્તુતિ કરી. પાર્વતીજી એ કહ્યું કે, મારો પુત્ર પુનઃ જીવિત થાય તો જ આ અનર્થ અટકે, નહિતર શકિતદેવીઓ, આ મહામાયાઓ સર્વનો સંહાર કરી નાખશે. ગણેશ જગતમાં કલ્યાણકારક અને સર્વનો અધ્યક્ષ બને તો જ મારા હદયને શાંતિ થશે, અને આ લોકમાં સૌ સુખ-શાંતિ પામશે. વળી, મારો પુત્ર જીવંત બની જગતમાં પૂજનીય અને વંદનીય બને તેમ કબૂલ કરતા હો તો જ ત્રણેય લોકમાં શાંતિ સ્થપાશે. શંકરે કહ્યું હે દેવર્ષિઓ! તમે ઉત્તર દિશા પ્રતિ પ્રયાણ કરો, અને જે કોઇ પ્રથમ મળે તેનું મસ્તક લઇ આવો. આથી શિવગણોએ માર્ગમાં સૌપ્રથમ મળેલા હાથીનું મસ્તક લાવી ગણેશના ધડ પર રાખી દીધું. ભગવાન શંકરે મંત્રેલું જળ ગણેશના શરીર પર છાંટી જીવતદાન આપ્યું. પુત્રને જીવંત જોઇ પાર્વતી એ પ્રેમથી તેડી લીધો, અને વાત્સલ્યપ્રેમની વર્ષા કરી. પાર્વતીજીએ તેને પ્રેમપૂર્વક આશીર્વાદ આપતાં કહ્યું કે, તું સર્વ દેવોમાં સર્વપ્રથમ પૂજાનો અધિકારી થશે. ચંદન, પુષ્પ, નૈવેદ્ય વગેરેથી તારી પૂજા કરનારનાં વિઘ્નો દૂર થશે અને પૂજન કરનાર રિદ્ધિસિદ્ધિ ને પામશે. જેમ અમારી પૂજા લોકો કરે છે, તેમ સૌપ્રથમ લોકો તારી પૂજા કરશે અને તેં આપેલા વરદાન ફળશે. ત્યાર પછી શિવજીએ ગણેશને વરદાન આપ્યું કે, હે ગજાનન! ભાદરવા સુદ ચોથના દિવસે ચંદ્રોદય થતાં રાત્રિના પ્રથમ પ્રહરમાં તમે પાર્વતીના ચિત્તમાં પ્રાદુર્ભાવ પામ્યા હોવાથી તે પરમ પવિત્ર દિવસે, શાસ્ત્રોક્ત વિધિ અનુસાર તમારું અર્ચન પૂજન જે કરશે તેઓ જરૂર મનોવાંછિત ફળને પામશે. ત્યાર બાદ ગણપતિની અધ્યક્ષપદે પ્રતિષ્ઠા કરવા આ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. આમ પુરાણોમાં ગણેશનો ક્યાંય જન્મ બતાવાયો નથી પણ પાર્વતીજીના ચિત્તમાં ગણેશનો જન્મ પ્રાદુર્ભાવ એટલે આ દિવસે ગણેશ સ્થાપના કરવામાં આવે છે. ગણેશનું શુદ્ધ સ્વરૂપ વિવેક છે અને એને અંગરક્ષક તરીકે જોઈએ તો આપણે સૌ વિવેકને અંગરક્ષક બનાવી જીવીએ તો કોઈ દુર્ગુણ અંદર પ્રવેશી શકે નહીં! અને તો આપણું જીવન પણ પ્રસન્નતા એવમ શાંતિ સુધી પહોંચી શકે! આપણે સૌ એ શુદ્ધ સંકલ્પ સાથે આપણે આ ઉત્સવ ઉજવીએ એવી એક પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે! તો આ સાથે સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ભાદરવી પૂનમનો મેળો : શ્રી અંબાજી મંદિરમાં કોઇ દેવીની મૂર્તિની પૂજા થતી નથી. પરંતુ વીસાયંત્રની પૂજા કરાય છે**


# શક્તિ રે તું તો જગની જનેતા મા ભોળી ભવાની મા અંબા ભવાની માત હું તો તારા પગલાં પૂજીશ મૈયા લાલ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**અંબાજીના મંદિરમાં માતાજીની માન્યતા તથા શ્રદ્ધા લોકોમાં વિશેષ જોવા મળે છે, મૂળ આ મંદિર વર્ષો પહેલા બેઠા ઘાટનું નાનું મંદિર હતું, પરંતુ જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ સુધારા સાથે અત્યારે આ મંદિર તેની સર્વોચ્ચ ઉંચાઈને સર કરે તેવું અને ભવ્યાતિ ભવ્ય મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા બનાવવામાં આવ્યું છે.**

આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પ્રાપ્ત ત્રિદિવસીય તરણેતરના મેળાનું સમાપન થાય એ પહેલાં જ ભક્તિ શક્તિ અને આસ્થાના કેન્દ્ર સમા જગત જનનીમાં અંબા ના ધામમાં ભાદરવી પૂનમના મહામેળાની શરૂઆત થઇ જાય છે.લાખો પદયાત્રી ભક્તો માઅંબાના ધામ અંબાજીમાં નાચતા ગાતા ઢોલ નગારા રથ ધ્વજાઓ સાથે મંદિર પરિસરમાં આવી રહયા છે ભક્તો અંબાના ધામમાં આવતા તેમનામાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.. અરવલ્લીના પહાડોની વચ્ચે આવેલું અંબાજી ખૂબ જ પ્રચલિત યાત્રાધામ ગણાય છે. પુરાણોમાં લખ્યું છે કે અહીં અંબિકા વન હતું. અંબાજીએ સમુદ્ર સપાટીથી ૧૫૮૦ ફૂટની ઉંચાઇ ઉપર અરવલ્લીના પહાડોની વચ્ચે વસેલું છે. શ્રી અંબાજી મંદિરમાં કોઇ દેવીની મૂર્તિની પૂજા થતી નથી. પરંતુ વીસાયંત્રની પૂજા કરાય છે. આ યંત્ર માન્યતા અનુસાર શ્રીયંત્ર છે જે ઉજ્જૈન તેમજ નેપાળના શક્તિપીઠોના મૂળ યંત્ર સાથે સંકળાયેલું હોવાનું અને યંત્રમાં એકાવન અક્ષર હોવા નું પ્રમાણ છે.આ યંત્રની દર મહિનાની આઠમે પૂજા થાય છે. આ તીર્થ ક્ષેત્રમાં બારેમાસ યાત્રીઓ દર્શન માટે આવતાં હોય છે. દર માસની પુનમે બહુ મોટી સંખ્યામાં યાત્રિકો અહીં આવે છે અને મંદિરના શિખર ઉપર ધજા ચઢાવે છે. ધાર્મિક રીતે અંબાજી ભારતની શક્તિપીઠમાં મહત્વનું સ્થાન ધરાવે છે. આ વિસ્તાર સરસ્વતી નદીનું ઉદગમસ્થાન અને શ્રીઆદ્ય શક્તિનું પુરાણપ્રસિધ્ધ સ્થાન છે. અંબાજીથી બે કિલોમીટર દૂર ગબ્બરના પહાડ પર આવેલી ગુફામાં અંબામાતાનું આદિસ્થાન મનાય છે. અંબાજીમાં નવરાત્રિનો ઉત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવાય છે. મંદિરની નજીક



આવેલ વિશાળ સ્થાપત્ય કલાનું બેનમૂન વર્ષો પુરાણું માન સરોવર આવેલું છે.જ્યાં શ્રીકૃષ્ણ ભગવાનની ચૌલ ક્રિયા કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે. અંબાજીના મંદિરમાં માતાજીની માન્યતા તથા શ્રદ્ધા લોકોમાં વિશેષ જોવા મળે છે. મૂળ આ મંદિર વર્ષો પહેલા બેઠા ઘાટનું નાનું મંદિર હતું, પરંતુ જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ સુધારા સાથે અત્યારે આ મંદિર તેની સર્વોચ્ચ ઉંચાઈને સર કરે તેવું અને ભવ્યાતિ ભવ્ય મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા બનાવવામાં આવ્યું છે. વર્તમાન સમયે મંદિરનીઉપરનો કળશ અને શિખર સંપૂર્ણ સોના માંથી બનાવવામાં આવ્યો છે. મંદિરની આગળ મોટો મંડપ છે અને ગર્ભગૃહમાં માતાજીનો ગોખ છે. ખાસ વાત ધ્યાન આપવા જેવી એ છે કે આટલી મોટી સંખ્યામાં અહી યાત્રાળુઓ આવે છે પરંતુ તેમને કદાચએ વાતની ખબર નહી હોય કે માતાજીના વાસ્તવિક સ્થાનકમાં માતાની મૂર્તિ નથી, પણ ગોખમાં એવી રીતે વસ્ત્ર અલંકારો તથા આભુષણો ગોઠવવામાં આવે છે કે જેથી કરીને દર્શન કરનારને સવાર, બપોરેને સાંજે જાણે કે વાઘ ઉપર માતાજી બેઠાં હોય એવા જુદી જુદી જાતના દર્શન થાય છે. બિલકુલ આ માતાજી આગળ વર્ષોથી ઘીના બે અખંડ દીવા પ્રગટે છે. આરાસુરનું અંબાજીનું મંદિર દંત કથામાં શ્રીકૃષ્ણથીયે જુના કાળનું મનાય છે. શ્રીકૃષ્ણની બાબરી આ ઠેકાણે ઉતરાવવા નંદ યશોદા આવ્યા હતા તેવું મનાય છે. રૂકમણિએ આ માતાજીની પૂજા કરી હતી તેવું મનાય છે.જો આ દંતકથાઓને છોડીને પૌરાણિક પુરાવાઓ તપાસીએ તો,માન સરોવરના કિનારા ઉપરના મંદિર માં મહારાણા શ્રી માલદેવનો વિ. સ.૧૪૧૫ (ઈ.સ.૧૩૫૯)નો લેખ મળે છે.અંબાજીના મંદિરના અંદરના મંડપના દ્વારમાં એક સન ૧૬૦૧ નો લેખ છે.તેમાં રાવ ભારમલ્લની રાણીએ માતાને કેટલીક વસ્તુઓ અર્પણ કર્યાના લેખો છે, તે ૧૬મા શતકના છે. એક બીજા સન૧૭૭૯ના લેખમાં એક ધર્મશાળા બંધાયાની વિગત છે અર્થાત કે ઈ.સ.૧૪મા શતકથી તો આરાસુરનાં અંબાજીની માન્યતા સતત ચાલી આવે છે. પણ તે પહેલાના બસો-ત્રણસો વર્ષથી આ સ્થાનનો મહિમા ચાલુ હોવાનો સંભવ છે.કારણ કે અંબાજીની નજીકમાં કુંભારીયા કરીને એક ગામ છે. આ ગામમાં વિમળ શાહના ધોળા આરસ પહાણનાં જૈન દેરાસરો છે.આ દેરાસરો વિષે એવી દંતકથાઓ છે કે અંબાજી એ આપેલા ધનથી આ સ્થાન પર વિમળ શાહે ૩૬૦ દેરાસરો બંધાવ્યા,પણ માતાજી એ પૂછ્યું કે આ દહેરા કોના પ્રતાપથી બંધાવ્યા? ત્યારે વિમળ શાહે ઉત્તર આપ્યો કે ગુરૂના પ્રતાપથી.આ ઉત્તરથી ક્રોધિત થઈને માતાજીએ દેરા બાળી નાંખ્યા અને માત્ર પાંચ રહેવા દીધા.દેવી ભગવતીની કથા અનુસાર મહિષાસુરે તપ કરી અગ્નિદેવને પ્રસન્ન કર્યા, એમણે વરદાન આપ્યું કે નરજાતિના નામવાળા શસ્ત્રોથી તેને મારી શકાશે નહી.આ વરદાનથી તેણે દેવોને હરાવી દીધા અને ઈન્દ્રાસન જીત્યું તથા ઋષિઓના આશ્રમો નો નાશ કર્યો. પછી વિષ્ણુ લોક અને કૈલાસ જીતવાનું નક્કી કર્યું.આથી દેવોએ ભગવાન શિવ ની સહાયતા માંગી.ભગવાન શિવે સહાયતા માટે દેવી શક્તિની આરાધના કરવા દેવોને જણાવ્યું દેવોએ તેમ કરતાં માઆદ્ય શક્તિ પ્રગટ થયા અને તેમણે મહિષાસુર નો નાશ કર્યો.તેથી દેવી મહિષાસુર મર્દિની તરીકે ઓળખાયા. બીજી એક કથા પ્રમાણે મા સીતા જીની શોધ કરતાં શ્રી રામ અને શ્રી લક્ષ્મણ આબુ પર્વતના જંગલની દક્ષિણે આવેલા શ્રૃંગી ઋષિના આશ્રમે આવ્યા. ઋષિએ તેમને અંબાજીની આરાધના કરવા કહ્યું. શ્રી રામ અને લક્ષ્મણે આરાધના કરી, દેવોએ પ્રસન્ન થઈ અજય નામનું એક બાણ આપ્યું જેનાથી શ્રી રામે રાવણનો નાશ કર્યો. દ્વાપરયુગમાં શ્રીકૃષ્ણની બાબરી ઉતારવાની વિધી માટે નંદ અને યશોદા ગબ્બર આવ્યા હોવાનું અને ત્રણદિવસ રોકાઈને ભગવાન શિવ તથા માં અંબાજીની પૂજા- અર્ચના કરી હોવાનું એક કથામાં વર્ણન છે.આજે ભાદરવા સુદ અગિયારસ જલઝીલણી એકાદશી ઠાકરજી મહારાજની શોભાયાત્રા નીકળશે. પદયાત્રીકો મા અંબે જય ભવાની જય ઘોષ સાથે આગળ વધી રહયા સૌની મનોકામના મા અંબે ગબ્બરવાળી પુરી કરે તેવી પ્રાર્થના સાથે અસ્તુ.

## આલિયા ભટ્ટની ‘જિગરા’માં સંજય દત્તની ‘ગુમરાહ’ની નકલ

આલિયા ભટ્ટની આગામી ફિલ્મ ‘જિગરા’નું ટ્રેલર લોન્ચ થયાં બાદ ઓડિયન્સની ઉત્સુકતા વધી છે. આલિયા ભટ્ટને ફિલ્મમાં એક્શન અવતારમાં જોઈ શકાય છે. આલિયા પોતાના ભાઈને બચાવવા માટે મેદાને પડી હોવાનું ફિલ્મમાં જોવા મળે છે. સંજય દત્ત-શ્રીદેવીની ‘ગુમરાહ’ ૧૯૯૩ના વર્ષમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મની નકલ ‘જિગરા’માં થઈ હોવાનું જાણકારો માને છે. ‘ગુમરાહ’ની નકલ કરતી વખતે ‘જિગરાની’ ટીમે થોડી અક્કલ પણ વાપરી છે. ‘જિગરા’માં ભાઈ-બહેન વચ્ચેના અતૂટ બંધનની સ્ટોરી છે. તેમાં આલિયા ભટ્ટે ભાઈને ઉગારવા માટે ખતરનાક મિશન હાથમાં લીધું છે. આલિયાની બહાદુરી તેના ભાઈ વેદાંગ રૈનાને બચીવી લેશે. ‘ગુમરાહ’માં પ્રેમિકાને બચાવવા માટે જેલમાં ગયેલા અને ગુનેગારોને હંફાવનારા પ્રેમીનો રોલ સંજય દત્તે કર્યો હતો. આમ બેઠી નકલ ન લાગે તે માટે ભાઈ-બહેનની સ્ટોરી બનાવવામાં આવી છે. આ બંને ફિલ્મો વચ્ચે અન્ય એક ખાસ કનેક્શન પણ છે. ‘જિગરા’માં આલિયાનો લીડ રોલ છે, જ્યારે તેના પિતા મહેશ ભટ્ટે ‘ગુમરાહ’નું ડાયરેક્શન કર્યું હતું. કરણ જોહરના પ્રોડક્શન દ્વારા ‘જિગરા’ બની રહી છે. આલિયાની બહેન શાહિન ભટ્ટ પણ તેમાં કો-પ્રોડ્યુસર છે. એક્શનની સાથે ઈમોશનલ મસાલા ધરાવતી આ ફિલ્મ ૧૧ ઓક્ટોબરે રિલીઝ થવાની છે.

# શાહરૂખ ‘દર્મિયાં’માં નપુંસકની ભૂમિકા ભજવવા જઈ રહ્યો હતો

**મોટાભાગના લોકો તેને તેના રોમેન્ટિક અવતાર કે તેણે શરૂઆતમાં ભજવેલા ગ્રે પાત્રો માટે યાદ કરે છે**

રોમેન્ટિક રોલમાં શાહરૂખ ખાનને લોકોએ એટલો પસંદ કર્યો કે તેને ‘કિંગ ઓફ રોમાન્સ’ પણ કહેવામાં આવે છે. આ લોકો પહેલા એવા દર્શકો છે જેમણે તેમને ‘ડર’, ‘અંજામ’ અને ‘બાઝીગર’ જેવા નેગેટિવ શેડના પાત્રોમાં ખૂબ પસંદ કર્યા હતા અને વાસ્તવમાં તેઓ તેમના પ્રથમ પ્રશંસક બન્યા હતા. બોક્સ ઓફિસ પર મોટો સુપરસ્ટાર બનવા છતાં ‘અશોકા’, ‘પહેલી’ અને ‘સ્વદેશ’ જેવા પ્રયોગો કરવા બદલ શાહરૂખના વખાણ કરનારા લોકોનું એક જૂથ પણ છે. પરંતુ ચાહકોની આ વિવિધ શ્રેણીઓને એકસાથે રાખ્યા પછી, એક વાત ચોક્કસ કહી શકાય કે શાહરૂખ ક્યારેય નવા, અલગ કે અનોખા પાત્રો કરવામાં અચકાયો નથી. અને આ એ વાતનો પણ પુરાવો છે કે શાહરૂખ તે સમયે પડદા પર વ્યંઢળની ભૂમિકા ભજવવા તૈયાર હતો. જ્યારે બહુ ઓછા લોકોએ આ પ્રકારનું પાત્ર ભજવ્યું હતું અને તે સમયે મોટા સ્ટાર માટે આવા પ્રયોગો કરવા એ પોતાની કારકિર્દી પર જોખમ લેવા જેવું હતું. કલ્પના લાજમી, જેઓ ભારતીય સિનેમાના પ્રતિષ્ઠિત ફિલ્મ નિર્માતાઓમાંના એક શ્યામ બેનેગલના સહાયક હતા, તેમણે ૧૯૮૬માં ‘એક પલ’ સાથે ફીચર ફિલ્મ ડિરેક્ટર તરીકે ડેબ્યૂ કર્યું હતું. ૧૯૯૩માં રિલીઝ થયેલી તેમની ફિલ્મ ‘રુદાલી’ને ૩ નેશનલ એવોર્ડ, એક ફિલ્મફેર એવોર્ડ



અને અન્ય ઘણા મોટા એવોર્ડ મળ્યા હતા. ફિલ્મ વિવેચકોએ કલ્પનાના કામની પ્રશંસા કરી હતી અને તેમની આગામી ફિલ્મની રાહ જોઈ રહ્યા હતા. કલ્પનાએ સમય લીધો અને ફરી એકવાર દિલને ઊંડે સુધી સ્પર્શી જાય તેવી વાર્તા લખી, ફિલ્મનું શીર્ષક હતું ‘દર્મિયાં’. આ ફિલ્મ એક અભિનેત્રી વિશે હતી જેનું બાળક નપુંસક જન્મે છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આ રહસ્ય જાહેર થયા પછી શું થશે તે વિશે વિચારીને આ અભિનેત્રી ડરી જાય છે અને દુનિયાને કહે છે કે તે ખરેખર તેનો નાનો ભાઈ છે. ‘દર્મિયાં’માં આ નપુંસક પાત્રનું નામ ઈમ્મી હતું અને આ પાત્ર શાહરૂખ ખાન ભજવવાનો હતો.

## ચિત્રાંગદા-મિલિંદ સોમણ મેદાનની નહીં, મગજની રમતમાં ખેલાડી બનશે

હિન્દી ફિલ્મોમાં સ્પોર્ટ્સ માટેનું વળગણ વિખ્યાત છે. સામાન્ય રીતે ક્રિકેટ અથવા ક્રિકેટર પર ફિલ્મ બનાવવામાં જોખમ ઓછું રહે છે. સ્પોર્ટ્સ ઉપરાંત હોકી અને ફૂટબોલ પર ક્યારેક ફિલ્મ બને છે, પરંતુ પત્તાની રમત પર ગેમ બનાવવાની કવાયત શરૂ થઈ છે. આ ફિલ્મમાં ચિત્રાંગદા સિંહ અને મિલિંદ સોમણ લીડ રોલમાં છે. ચિત્રાંગદા વાસ્તવિક જીવનમાં પણ બ્રિજ પ્લેયર છે, ૨૦૨૩માં તેણે એશિયન ગેમ્સમાં બ્રિજ માટે મેડલ મેળવ્યું હતું, ફિલ્મના પ્રોડ્યુસર સુબોધ મસ્કરા અગાઉ બ્રિજ પ્લેયર રહી ચૂક્યા છે. તેમની સાથે મિલિંદ સોમણ આ ફિલ્મમાં કો-પ્રોડ્યુસર છે. મિલિંદે કહ્યું હતું કે, આપણા દેશમાં વધારે રમતો રમાતી નથી. આપણે ક્રિકેટ, હોકી અને ફૂટબોલથી પરિચિત છીએ. નિરજ ચોપરાના કારણે જેવેલિનને અલગ ઓળખ મળી. તે પહેલાં લોકો આ રમતને ઓળખતા પણ ન હતા. મોટા ભાગે લોકો પત્તાથી દૂર રહેવાનું કહે છે. પત્તાને પણ રમતની જેમ સમજવાની અને એન્જોય કરવાની જરૂર છે. પ્રોડ્યુસર સુબોધના મતે, ચેસની જેમ બ્રિજ પણ પડકારજનક છે. પત્તા રમવાની બાબતને જુગાર સાથે જોડી દેવામાં આવે છે, પરંતુ બ્રિજ પણ ચેસ જેટલું જ માનસિક રીતે પડકારજનક છે. આ ફિલ્મમાં ચિત્રાંગદા પણ કો-પ્રોડ્યુસર છે. ચિત્રાંગદા વાસ્તવિક જીવનમાં પણ બ્રિજ પ્લેયર છે. ૨૦૨૩માં તેણે એશિયન ગેમ્સમાં બ્રિજ માટે મેડલ મેળવ્યું હતું. આમ, ફિલ્મના બંને લીડ સ્ટાર્સે કો-પ્રોડ્યુસરની જવાબદારી પણ લીધી છે.

### પ્રિયદર્શન સાથે હોરર કોમેડી ‘ભૂત બંગલા’ એનાઉન્સ કરી

# એક વર્ષમાં અક્ષય કુમારની નવ ફિલ્મ રિલીઝ થશે

અક્ષય કુમારની છેલ્લી હિટ ફિલ્મ ‘સૂર્યવંશી’ હતી. તે પછી અક્ષયની કોઈ ફિલ્મ બોક્સઓફિસ પર ચાલી નથી, પરંતુ ફિલ્મ મેકર્સનો અક્ષય કુમાર પરનો ભરોસો અકબંધ રહ્યો છે. અક્ષય કુમારે ૯ સપ્ટેમ્બરે ૫૭મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ પ્રસંગે અક્ષયે નવી ફિલ્મ એનાઉન્સ કરી હતી, જે મુજબ પ્રિયદર્શનની હોરર કોમેડી ‘ભૂત બંગલા’માં અક્ષય કુમાર જોવા મળશે. અગાઉથી અક્ષય કુમારની ૮ ફિલ્મ પર કામ ચાલી રહ્યું છે. હાલ અક્ષયની નવ ફિલ્મ પાઈપલાઈનમાં છે અને આ ત્રણેય ફિલ્મ એક વર્ષમાં રિલીઝ થવાની છે. અક્ષય કુમારની હાથ પરની ફિલ્મો અલગ-અલગ જોનરની છે. તેમાં ડ્રામા, રોમાન્સ, દેશભક્તિ જેવા વૈવિધ્યસભર વિષયો હતો. ઓડિયન્સને હવે હોરર કોમેડી પસંદ આવી રહી છે અને આ જોનર પણ હવે અક્ષયની ફિલ્મોમાં ઉમેરાઈ છે. આ ફિલ્મ સાથે અક્ષય કુમાર અને પ્રિયદર્શન ૧૪ વર્ષ બાદ સાથે કામ કરશે. દેશભક્તિનો વિષય ધરાવતી ‘સ્કાય ફોર્સ’ ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ પર આધારિત છે. ભારતે સરગોધા ખાતે આવેલા પાકિસ્તાની એરબેઝ પર વળતો હુમલો કર્યો હતો અને યુદ્ધની દિશા બદલી હતી. આ હુમલાને દેશની પહેલી સફળ અને સૌથી વધુ ઘાતક એરસ્ટ્રાઈક માનવામાં આવે છે. તેમાં અક્ષયની સાથે નિમરત કૌર, સારા અલી ખાન અને વીર પહારિયા મહત્ત્વના રોલમાં છે. આ ફિલ્મનું શૂટિંગ એપ્રિલમાં શરૂ થયું હતું અને તેને ૯ ઓક્ટોબર, ૨૦૨૪માં રિલીઝ કરવાનું આયોજન છે. રોહિત શેટ્ટીની મલ્ટિસ્ટાર ફિલ્મ સિંઘમ અગેઈનમાં અક્ષય કુમાર સૂર્યવંશીના રોલમાં જોવા મળશે. તેની રિલીઝ ડેટ હજુ જાહેર થઈ નથી, પરંતુ આ ફિલ્મ માટે ઘણી ઉત્સુકતા છે. તેલુગુ સ્ટાર વિષ્ણુ માંચુની બિગ બજેટ ‘કનપ્પા’માં અક્ષય કુમાર ભગવાન શિવના રોલમાં જોવા મળશે. તેલુગુ દંતકથાના પરમ શિવભક્ત કનપ્પાના જીવન આધારિત આ ફિલ્મ ડિસેમ્બર, ૨૦૨૪માં જાહેર થઈ શકે છે. ‘જોલી એલએલબી ૩’માં અક્ષય કુમાર ફરી એક વાર એડવોકેટ જગદીશ્વર ઉર્ફે જોલી મિશ્રાના રોલમાં જોવા મળશે.




### સિદ્ધાંત-માલવિકાની ‘યુધરા’ ૨૦ સપ્ટેમ્બરે રિલીઝ થશે

# નકારાત્મક અસર થાયઃ માલવિકા

**ફોન પર વધારે પડતું સ્ક્રોલિંગ કરવાથી મગજ બહેર મારી જાય**

સાઉથની એક્ટ્રેસ માલવિકા મોહનને હિન્દી ઓડિયન્સમાં લોકપ્રિયતા મળી રહી છે. તાજેતરમાં માલવિકાની ફિલ્મ ‘થંગલમ’નું હિન્દી વર્ઝન લોન્ચ થયું છે, જેમાં માલવિકાના વખાણ થયા છે. આ ઉપરાંત સિદ્ધાંત ચતુર્વેદી સાથે તેની ફિલ્મ ‘યુધરા’ ૨૦ સપ્ટેમ્બરે રિલીઝ થવાની છે. ‘યુધરા’ના ટ્રેલરમાં સિદ્ધાંત-માલવિકાનો ડાન્સ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી રહ્યો છે, ત્યારે માલવિકાએ જ સોશિયલ મીડિયાના ઉપયોગ સામે એલર્ટ રહેવા સલાહ આપી છે. સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગથી કામ પર નકારાત્મક અસર પડતી હોવાનું માલવિકા માને છે. માલવિકાએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યું હતું કે, ફોન પર વધારે પડતું સ્ક્રોલિંગ કરવાથી મગજ બહેર મારી જાય છે. તેના કારણે કામ પર ધ્યાન રાખવામાં તકલીફ પડે છે. શૂટિંગ દરમિયાન સીનમાં રહેવું જોઈએ, પરંતુ સોશિયલ મીડિયાના કારણે તેમાં તકલીફ પડે છે. સોશિયલ મીડિયા પર વધુ સમય પસાર કરવાના કારણે પડેલી મુશ્કેલીઓ મેં અનુભવેલી



છે. ફિલ્મના શૂટિંગ દરમિયાન શક્ય હોય ત્યાં સુધી ફોનથી દૂર રહુ છું. ફોન વગર કંટાળો આવી જાય તો ચાલે, પરંતુ તેના કારણે કામ પરનું ધ્યાન ઘટતું નથી. સોશિયલ મીડિયાના કારણે વ્યવસાયિક ક્ષેત્રે તકલીફો પડતી હોવા બાબતે માલવિકાએ કહ્યું હતું કે, કન્ટેન્ટ મૂકવા કે ચાહકો સાથે કનેક્ટ રહેવા સોશિયલ મીડિયા જરૂરી છે. એક્ટર માટે સોશિયલ મીડિયાથી દૂર રહેવાનું સહેલું નથી, પરંતુ તેના ઉપયોગને સંતુલિત રાખી શકાય. તાજેતરમાં હિટ થયેલી ફિલ્મ ‘થંગાલન’માં માલવિકાની સાથે વિક્રમ લીડ રોલમાં છે. કોલાર ગોલ્ડ ફિલ્ડ્સનું રક્ષણ કરતાં સ્થાનિક દેવતા આરથીનો રોલ વિક્રમે કર્યો છે.

### ગિપ્પી ગ્રેવાલે સલમાનને કહ્યું કે

## ‘અમે મોટી સમસ્યા ઊભી કરી છે’, ત્યારે દિલજીતે મામલો સંભાળ્યો



પંજાબી ગાયક અને અભિનેતા ગિપ્પી ગ્રેવાલે બોલિવૂડના સુપરસ્ટાર આમિર ખાન અને સલમાન ખાન સાથે સારી વાતચીત કરી છે. જ્યાં ગિપ્પીએ પંજાબમાં ‘લાલ સિંહ ચઢ્ઢા’નું શૂટિંગ કરી રહેલા આમિર સાથેનો ફોટો શેર કર્યો હતો. સલમાન તેની ફિલ્મની એક ઈવેન્ટમાં સાથે જોવા મળ્યો હતો. પરંતુ જ્યારે ગિપ્પી પહેલીવાર સલમાનને મળ્યો ત્યારે તેણે લગભગ તેના પર ગુસ્સો કર્યો. ગિપ્પીએ હવે એક ઈન્ટરવ્યુમાં કહ્યું છે કે તે પહેલીવાર સલમાન સાથે થોડો વધુ ળેન્ક કરી રહ્યો હતો અને સલમાન આ વાતથી ગુસ્સે થવાનો હતો. પરંતુ પંજાબી ઈન્ડસ્ટ્રીમાં ગિપ્પીના સાથી સ્ટાર દિલજીત દોસાંઝે છેલ્લી ઘડીએ આવીને મામલો સંભાળી લીધો. Mashable India સાથેની મુલાકાતમાં ગિપ્પીએ સલમાન સાથેની તેની પ્રથમ મુલાકાતનો ફોટો શેર કર્યો હતો. તેણે કહ્યું કે તેણે આ ફોટો સલમાન સાથે ફિલ્મ ‘રેડી’ (૨૦૧૧)ના શૂટિંગ દરમિયાન લીધો હતો. ગિપ્પીએ કહ્યું કે તે સમયે તેની હિન્દી બહુ સારી ન હતી, જેના કારણે તે સલમાનને મળવા માટે ખૂબ જ નર્વસ હતો. ગિપ્પીએ કહ્યું કે આખરે જ્યારે તે સલમાનને મળ્યો ત્યારે તેણે તેના વખાણ કર્યા અને પંજાબીમાં કહ્યું, ‘પાજી બડે ડોલે-શોલે બનાયે હૈ...’ ગિપ્પીના શબ્દો અને તેની સ્ટાઈલ જોઈને સલમાન મૂંઝાઈ ગયો અને જવાબમાં તેણે માત્ર એટલું જ કહ્યું- ‘હા. ?’ આ મીટિંગ દરમિયાન ગીપ્પી ગ્રેવાલ સાથે દિલજીત દોસાંઝ પણ હાજર હતો. સલમાનને અસ્વસ્થતા જોઈને, દિલજીત ગિપ્પી પાસે ગયો અને તેને આવી વાત ન કરવા કહ્યું, કારણ કે તેને ડર હતો કે તેનાથી સલમાન ગુસ્સે થઈ શકે છે. ગિપ્પીની સલાહ યાદ કરતાં ગિપ્પીએ કહ્યું, ‘દિલજીતે મને કહ્યું હતું કે એવું ન બોલો, તે ગુસ્સે થઈ જશે.’ થોડા મહિના પહેલા જ સલમાન ગિપ્પીની પંજાબી ફિલ્મ ‘મૌજાન હી મૌજાન’ના ટ્રેલર લોન્ચ વખતે જોવા મળ્યો હતો. બંનેએ મીડિયા માટે એકસાથે પોઝ પણ આપ્યા હતા. પીટીઆઈને આપેલા જૂના ઈન્ટરવ્યુમાં દિલજીત દોસાંઝે સલમાનના વખાણ કર્યા હતા. તેણે કહ્યું હતું કે જ્યારે તે ‘બોડીગાર્ડ’ના શૂટિંગ માટે પંજાબ ગયો હતો.

# ભોજપુરી સિંગર સમર સિંહ-શિલ્પી રાજની ‘યુપી બિહાર હિલે’ રિલીઝ

**સમર સિંહના ઘણા ગીતો એવા છે જેને યુટ્યુબ પર ૧૦૦ મિલિયનથી વધુ વ્યુઝ મળ્યા છે**

ભોજપુરી ઈન્ડસ્ટ્રીમાં પોતાના રેકોર્ડ બ્રેક ગીતો પર બધાને ડાન્સ કરનાર સમર સિંહનું નવું ગીત ‘યુપી બિહાર હિલે’ રિલીઝ કરવામાં આવ્યું છે. જ્યાં પ્રખ્યાત સિંગર શિલ્પી સિંહ પણ તેની સાથે પોતાનો અવાજ મિક્સ કરતી જોવા મળી હતી. આ બંનેની ફેન ફોલોઈંગ જબરદસ્ત છે. સમર સિંહના ઘણા ગીતો એવા છે જેને યુટ્યુબ પર ૧૦૦ મિલિયનથી વધુ વ્યૂઝ મળ્યા છે. તેના એક ગીતે ૪૦૦ મિલિયન વ્યુઝને પાર કરી લીધું છે, જે કોઈપણ ગાયક માટે મોટી વાત માનવામાં આવે છે. હવે તેનું નવું ગીત ‘યુપી બિહાર હિલે’ પણ લોકોને ડાન્સ કરવા મજબૂર કરી રહ્યું છે. આ ગીત રિલીઝ થતાની સાથે જ લોકોમાં ધૂમ મચાવી રહ્યું છે. આ ગીતમાં સમર સિંહ અભિનેત્રી સપના ચૌહાણ સાથે ડાન્સ કરતો જોવા મળ્યો હતો. ગીતની શરૂઆતમાં બંને પોતાની શાનદાર કેમેસ્ટ્રી બતાવીને દર્શકોને પ્રભાવિત કરી રહ્યા છે. વીડિયોમાં જ્યારે સમર અદભૂત દેખાઈ રહ્યો છે, ત્યારે સપના તેના અભિનયનો જાદુ ફેલાવતી જોવા મળી હતી. સમર સિંહ પણ આ ગીતને લઈને ઉત્સાહિત છે. તેણે કહ્યું, ‘આ એક ધમાકેદાર ગીત છે જેને અમે દિલથી તૈયાર કર્યુ છે. શિલ્પી રાજ સાથે કામ કરવાનો અનુભવ હંમેશા સારો રહે છે. અમે આશા રાખીએ છીએ કે પ્રેક્ષકોને આ ગીત એટલું જ ગમશે જેટલું અમને તેને બનાવવામાં આવ્યું હતું. આ ગીતની ટ્યુન અને ડાન્સ સ્ટેપ્સ દરેકને ડાન્સ કરી દેશે. સિંગર શિલ્પી રાજે પણ ગીત વિશે વાત કરી અને કહ્યું, ‘આ એક દમદાર અને મજેદાર ગીત છે, જેને અમે ખૂબ જ ઉત્સાહથી રેકોર્ડ કર્યું છે. આ ગીતની બીટ્સ દરેકને ડાન્સ ફ્લોર પર લઈ જશે. અમને પૂરી આશા છે કે આ ગીત દર્શકોના દિલમાં જગ્યા બનાવશે અને લોકો તેને ખૂબ પસંદ કરશે. અભિનેત્રી સપના ચૌહાણે કહ્યું- ‘ગીતમાં પર્ફોર્મ કરવું ખૂબ જ મજેદાર અનુભવ હતો. ‘યુપી બિહાર હિલે’નું મ્યુઝિક અને એનર્જી એટલી જબરદસ્ત છે કે દરેકને ડાન્સ કરવા પર મજબૂર થઈ જશે. મને આશા છે કે આ ગીત ટ્રેન્ડ કરશે. સમર સિંહ અને શિલ્પી રાજ દ્વારા ગાયેલા આ ગીતના લિરિક્સ વિકી રોશને લખ્યા છે. સંગીત રોશન સિંહે આપ્યું છે. આ ગીત સમર મોદીએ કમ્પોઝ કર્યું છે અને વિડિયો આશિષ સત્યાર્થીએ ડિરેક્ટ કર્યો છે. આ ગીતની કોરિયોગ્રાફી અનુજ મૌર્ય દ્વારા કરવામાં આવી છે.




## સૈફ કે જુનિયર એનટીઆર કોણ કરશે અંત?

ફિલ્મ ‘દેવરા’નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે અને તેની સાથે ફિલ્મે તેના એક્શન અને ડ્રામાથી દર્શકોનું ધ્યાન પોતાની તરફ ખેંચ્યું છે. કોરાતલા સિવા દ્વારા નિર્દેશિત, આ ફિલ્મમાં જુનિયર એનટીઆર, જ્હાન્વી કપૂર અને સૈફ અલી ખાન જેવા લીડ સ્ટાર્સ જોવા મળશે, જેમની એક્ટિંગ અને કેમિસ્ટ્રીએ ટ્રેલરમાં સારી છાપ છોડી છે. ‘દેવરા’નું ટ્રેલર એક્શનથી ભરપૂર છે અને તેને જોતા એવું લાગે છે કે જાણે દેવરાએ સમુદ્રને લોહીથી લાલ કરી દીધો હોય. આ ફિલ્મમાં લીડ રોલમાં રહેલા જુનિયર એનટીઆરે પોતાના જોરદાર અભિનયથી ખૂબ જ પ્રભાવિત કર્યા છે. ટ્રેલર જોઈને લાગે છે કે આખું ગામ દેવરા નામના વ્યક્તિથી પરેશાન છે. દેવરાએ પોતાનો આતંક એ હદે ફેલાવી દીધો છે કે તમામ ગામલોકો તેનાથી ડરે છે. આવી સ્થિતિમાં બંને અભિનેતા જુનિયર એનટીઆર અને સૈફ અલી ખાન દેવરાને શોધીને તેની હત્યા કરવાનું નક્કી કરે છે. દેવરાને મારવાની લડાઈમાં સૈફ અલી ખાન અને એનટીઆર પણ એકબીજાનો સામનો કરશે. હવે આખરે દેવરાની હત્યા કોણ કરે છે, તેના જીવનનો અંત કોણ કરે છે તે સૌથી મોટો પ્રશ્ન છે. આ ફિલ્મ દ્વારા બોલિવૂડની જાણીતી અભિનેત્રી જ્હાન્વી કપૂર તેલુગુ સિનેમામાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી રહી છે. ટ્રેલરમાં જુનિયર એનટીઆર સાથેની તેની કેમિસ્ટ્રી અને અભિનયને જોતા એવું લાગે છે કે તેણીએ તેના પાત્રને સંપૂર્ણપણે ન્યાયી ઠેરવ્યું છે. આ ફિલ્મ ૨૭ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ રહી છે અને દર્શકો તેના માટે ખૂબ જ ઉત્સાહિત છે.



### પૂર્વ વડાપ્રધાન વાજપેયી અને મુશર્રફના દૃશ્યો બતાવ્યાં

## ન્યૂઝ એજન્સીનો ‘કંધાર હાઈજેક’ સામે કોર્ટમાં કેસ



**કેસિરીઝમાં આતંકવાદીઓને સારા બતાવી દેશની સલામતી એજન્સીઓને વામણી બતાવાઈ હોવાનું પણ કેટલાકને લાગે છે**

ભારત દેશને આંતરરાષ્ટ્રીય સ્તરે શરમજનક સ્થિતિમાં મૂકનારી ઘટના આધારિત વેબ સિરઝ ‘આઈસી ૮૧૪: કંધાર હાઈજેક’માં તથ્યોને વિકૃત કરવાના આરોપો મૂકાઈ રહ્યા છે. સિરીઝમાં આતંકવાદીઓને સારા બતાવી દેશની સલામતી એજન્સીઓને વામણી બતાવાઈ હોવાનું પણ કેટલાકને લાગે છે. તથ્યો સાથે ચેડાં કરવાના મામલે કોર્ટ કેસનો સામનો કરી રહેલી આ વેબસાઈટ સામે પ્રતિષ્ઠિત ન્યૂઝ એજન્સીએ પણ દાવો માંડ્યો છે. વિજય વર્મા, દિયા મિર્ઝા અને નસીરુદ્દીન શાહનો લીડ રોલ ધરાવતી આ સિરીઝમાં ન્યૂઝ એજન્સીના ફૂટેજનો ઉપયોગ કરવામાં આવ્યો છે, પરંતુ તેની મંજૂરી લેવામાં આવી નથી. ન્યૂઝ એજન્સી છદ્મેનો દાવો છે કે, મેકર્સે તેની મંજૂરી વગર આર્કાઈવના ફૂટેજનો ઉપયોગ કર્યો છે. આ સિરીઝમાં સર્જનાત્મક સ્વતંત્રતાના નામે ઐતિહાસિક તથ્યોને ખોટી રીતે રજૂ કરવાની સાથે મીડિયાને પણ ખરાબ દર્શાવાયું છે. આ મામલે કોર્ટમાં કેસ ચાલી રહ્યા છે ત્યારે ન્યૂઝ એજન્સીએ સિરીઝના ચાર એપિસોડ દૂર કરવા માગણી કરી છે. એજન્સીએ જણાવ્યું છે કે, ચાર એપિસોડમાં તત્કાલીન વડાપ્રધાન અટલબિહારી વાજપેયી અને પરવેઝ મુશર્રફ સહિત કેટલાક લકોના ફૂટેજ લેવામાં આવ્યા છે. આ ફૂટેજ પર એજન્સીનો કોપીરાઈટ છે. એજન્સીની મંજૂરી વગર ફૂટેજનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સિરીઝની ટીકા થઈ રહી છે અને તેમાં એજન્સીના ફૂટેજ પણ છે. જેના કારણે ન્યૂઝ એજન્સીની છબિ ખરડાઈ રહી છે. દિલ્હી હાઈકોર્ટે આ રજૂઆતને ધ્યાને રાખીને કેસની સુનાવણી પર રાખી છે.

### નવસારી જિલ્લાના કુલ ૫૫૦ જેટલા સ્પર્ધકોએ ઉમળકાભેર સ્પર્ધામાં ભાગ લીધો

# નવસારી ભક્તાશ્રમ શાળા ખાતે જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ અંતર્ગત વિવિધ સ્પર્ધાનું આયોજન થયું



। (માહિતી) ગાંધીનગર, તા.૧૧ ।

કમિશનર યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર તથા નવસારી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના સયુંકત ઉપક્રમે ભક્તાશ્રમ શાળાના ખાતે જિલ્લા કક્ષાની બાળ પ્રતિભા શોધ સ્પર્ધા,બાળનાટ્ય અને નૃત્ય નાટિકા તથા રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પર્ધાની પ્રારંભમાં જિલ્લા યુવા વિકાસ અધિકારી શ્રી હિરેનભાઈ પટોડીયાએ બાળ પ્રતિભાને નિખારવા આ પ્રકારની સ્પર્ધાની અગત્યતા સમજાવી ઉપસ્થિત મહેમાનો, નિર્ણાયકશ્રીઓ, માર્ગદર્શક શિક્ષકો તથા સ્પર્ધકોને આવકાર્યા હતા. મુખ્ય વક્તા ડૉ. ધર્મેશ કાપડિયા એ જણાવ્યું હતું કે, શિક્ષણનું ધ્યેય સંવેદનશીલ વ્યક્તિત્વનાં ઘડતરનું છે. સાહિત્ય, સંગીત, નૃત્ય નાટ્ય જેવી કલા દ્વારા બાળકમાં સંવેદના લાગણીનું સીંચન કરી શકાય છે. આ પ્રકારની સ્પર્ધા બાળકના સર્વાંગી વિકાસ માટે ખૂબ જ મહત્વ ધરાવે છે.

જિલ્લા રમત વિકાસ અધિકારી અલ્પેશ પટેલે સૌ સ્પર્ધકોને શુભેચ્છા આપી હતી અને ખેલદિલીથી સ્પર્ધાનું ભાગ લેવા પ્રેરિત કર્યા હતા. આ બાળપ્રતિભા શોધ સ્પર્ધામાં સમગ્ર નવસારી જિલ્લામાંથી રાસ-ગરબા, સમૂહગીત, ભજન, લોકગીત, લગ્નગીત, વકતૃત્વ, નિબંધ, બાળનાટ્ય, લોકનૃત્ય, ચિત્ર, સર્જનાત્મક વગેરે સ્પર્ધાઓ પૈકી કુલ ૫૫૦ જેટલા સ્પર્ધકોએ ઉમળકાભેર ભાગ લઈ સ્પર્ધાને વધાવી હતી. વિજેતાઓ પ્રદેશ કક્ષા અને રાજ્ય કક્ષાએ નવસારી જિલ્લાનુ પ્રતિનિધિત્વ કરશે.

### 'PM સૂર્ય ઘર' તેમજ 'PM કુસુમ યોજના'ના અમલીકરણમાં ગુજરાત

# સમગ્ર દેશમાં અગ્રેસર : કેન્દ્રીય નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રી પ્રલહાદ જોષી

### મહાત્મા મંદિર ખાતે 'PM સૂર્ય ઘર' અને 'PM કુસુમ યોજના' અંતર્ગત ગુજરાતે કરેલી કામગીરીની



। (માહિતી) ગાંધીનગર, તા.૧૧ ।

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ભારતભરમાં શરૂ કરવામાં આવેલી 'પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના' તેમજ 'પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા અને ઉત્થાન મહાભિયાન-PM KUSUM' યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. ગુજરાત પરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં અન્ય રાજ્યો કરતાં વધુ પ્રો-એક્ટીવ રીતે કાર્ય કરી રહ્યું છે તે સરાહનીય છે તેમ, કેન્દ્રીય નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રી શ્રી પ્રલહાદ જોષીએ જણાવ્યું હતું.

કેન્દ્ર સરકારની 'PM સૂર્ય ઘર' અને 'PM કુસુમ યોજના' અંતર્ગત ગુજરાતે કરેલી કામગીરીની આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી પ્રલહાદ જોષીની અધ્યક્ષસ્થાને સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ગુજરાતના ઊર્જા વિભાગ દ્વારા આ યોજના અંતર્ગત કરેલી કામગીરી અંગે કેન્દ્રીય મંત્રીશ્રીને માહિતગાર કરતાં કહ્યું હતું કે, તત્કાલિન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની પ્રજાને ૨૪ કલાક વીજળી મળી રહે તે માટે 'જ્યોતિ ગ્રામ યોજના'નો શુભારંભ કરાવ્યો હતો. ગુજરાતમાં વીજળીના યોગ્ય વ્યવસ્થાપનના પરિણામે રાજ્યની UGVCL, PGVCL, DGVCL અને MGVCL એમ ચાર વીજ કંપનીઓ ભારતમાં નંબર-૧ની સાથે સાથે નફો પણ કરી રહી છે. 'PM સૂર્ય ઘર' યોજનાના અમીલકરણમાં ગુજરાત બાદ મહારાષ્ટ્ર, કેરળ, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશનો ક્રમ આવે છે. આ બન્ને યોજનાના અમલમાં ગુજરાત ટૂંક સમયમાં પોતાનો લક્ષ્યાંક પૂર્ણ કરીને નવો લક્ષ્યાંક સ્થાપિત કરશે તેમ, મંત્રી શ્રી દેસાઈએ ઉમેર્યું હતું.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ-GUVNLના મેનેજીંગ ડીરેક્ટર શ્રી જયપ્રકાશ શિવહરેએ 'PM સૂર્ય ઘર' યોજના અંગે ગુજરાતે કરેલી કામગીરીનું કેન્દ્રીય મંત્રીશ્રી સમક્ષ પ્રેઝન્ટેશન રજૂ કરતાં કહ્યું હતું કે, આ યોજના અંતર્ગત સમગ્ર દેશમાં કુલ ૧ કરોડ ઘર પર સોલર રૂફટોફ લગાવવાના લક્ષ્યાંક સામે સૌથી વધુ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૧૧ લાખ ઘર પર સોલર રૂફટોફ લગાવવાની નોંધણી કરવામાં આવી છે. જેમાંથી ૧.૬૫ લાખથી વધુ ઘર પર સોલાર રૂફટોફ લગાવવામાં આવ્યા છે જ્યારે બાકીની કામગીરી પ્રગતિમાં છે. આ યોજના અંતર્ગત રહેણાંક વિસ્તારમાં ઘરની છત ઉપર એક થી બે કિલોવોટ સુધી પ્રતિ કિલોવોટ પર રૂ. ૩૦,૦૦૦ની સબસીડી તેમજ બે થી ત્રણ કિલોવોટ પર પ્રતિ કિલોવોટ રૂ. ૧૮,૦૦૦ એમ કુલ ત્રણ કિલોવોટ સુધી રૂ. ૭૮,૦૦૦ની સબસિડી DBT દ્વારા લાભાર્થીઓના ખાતામાં સીધી જમા કરવામાં આવે છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ગ્રાહકોએ પ્રતિ યુનિટ રૂ. ૨.૨૫ના ભાવે વધારાની વીજળી સરકારને વેચીને અંદાજે રૂ. ૧,૮૯૧ કરોડથી વધુ આવક મેળવી છે. શ્રી જયપ્રકાશ શિવહરે 'PM કુસુમ યોજના' અંગે ગુજરાતે કરેલી કામગીરી રજૂ કરતાં જણાવ્યું હતું કે, અંતરિયાળ વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈ માટે સોલર વોટર પંપ વસાવવા આ યોજના અંતર્ગત સહાય આપવામાં આવે છે. ગુજરાતમાં ૮,૦૮૨ના લક્ષ્યાંક સામે અત્યારની સ્થિતિએ સિંચાઈ માટે ૭,૪૦૨ સોલર વોટર પંપ લગાવવામાં આવ્યા છે.

# ઝાલોદ નગરના બી.એમ. હાઈસ્કૂલમાં આંખોના નિદાનનો કેમ્પ યોજવામાં આવ્યો





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

ઝાલોદ નગરના બી.એમ. હાઈસ્કૂલના પ્રાંગણમાં ૧૧-૦૯-૨૦૨૪ બુધવારના રોજ ઈંડિયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય શાખા દ્વારા આંખોની તપાસ કરી નિદાન કરાવી ચશ્મા વિતરણનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પનો લાભ લેવા નગરના લોકો મોટા પ્રમાણમાં આવેલ હતા. આ કેમ્પ સવારે ૯ વાગ્યાથી ૧ વાગ્યા સુધી યોજવામાં આવેલ હતો અને અંદાજીત આ કેમ્પમા ૨૫૦ થી વધુ દર્દીઓ એ આ કેમ્પનો લાભ લીધો હતો. તેમજ જે વ્યક્તિઓ બાકી રહી ગયેલ તે તમામ નાગરિકો માટે ફરી વહેલી તકે કેમ્પ રાખવાનું આશ્વાશન રેડક્રોસ સોસાયટી દ્વારા આપવામાં આવ્યું હતું.

# મિશન શક્તિ યોજના અંતર્ગત સાણંદની શાળા ખાતે જાતિય અને પ્રજનન સ્વાસ્થ્ય સપ્તાહની ઉજવણી કરવામાં આવી





। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા મિશન શક્તિ યોજના અંતર્ગત ૧૦૦ દિવસની વિશેષ જાગૃતિ ડ્રાઈવ કમ એનરોલમેન્ટ (જાતિય અને પ્રજનન સ્વાસ્થ્ય) સપ્તાહ ઉજવણીના ભાગરૂપે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના વસોદરા ગામે આવેલ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય માસિક સ્વછતા અને વ્યવસ્થાપન અંગેનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ''સંકલ્પ'' હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન ટીમના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશભાઈ સોલંકી દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ પુસ્કૃત મહિલા કલ્યાણકારી અને સુરક્ષાની યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

ઉપરાંત, બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના, વ્હાલી દીકરી યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના, ગંગા સ્વરૂપા પુનઃલગ્ન આર્થિક સહાય યોજના તેમજ મહિલાઓને સુરક્ષા આપતી યોજનાઓ જેવી કે, ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન, સખી વન સ્ટોપ સેન્ટર યોજના તેમજ પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર યોજના વિશે વિદ્યાર્થિનીઓને જાણકારી આપવામાં આવી હતી. સ્પેશિયાલિસ્ટ ઈન ફાઈનાન્સ લિટ્રેસી શ્રી હેમલ બારોટ દ્વારા દિકરીઓને માસિક સ્વછતા અને વ્યવસ્થાપન અંગેની માહિતી આપવામાં આવી હતી જેમાં માસિક દરમિયાન કેવા પેડ વાપરવા, ખોરાક લેવાની સમજૂતી, આર્યન ફોલિક ટેબલેટના ફાયદા અને હિમોગ્લોબીન વધે તેવા ખોરાક લેવા જેવી બાબતે માહિતી આપવામાં આવી હતી.

ઉપરોક્ત કાર્યક્રમમાં શાળાની દીકરીઓને બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના અંતર્ગત એજ્યુકેશન કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# વલસાડ જિલ્લામાં પોષણ અભિયાનની ઉજવણી, ગણેશ મંડળોમાં મહિલા લાભાર્થીઓને કરાઈ રહ્યા છે જાગૃત

### સુપોષણ સંવાદમાં સગર્ભાવસ્થા દરમિયાન રાખવાની થતી કાળજી અંગે સમજ અપાઈ








। (માહિતી) ગાંધીનગર, તા.૧૧ ।

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં પોષણ અભિયાન અંતર્ગત સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને છ વર્ષથી ઓછી ઉંમરમાં બાળકોમાં પોષણના પરિણામોની સર્વગ્રાહી રીતે સુધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પોષણ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સપ્ટેમ્બર માસના પ્રથમ મંગળવારના દિને સુપોષણ સંવાદ દિવસની ઉજવણી કરતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૯૧૬ આંગણવાડી કેન્દ્રમાં સુપોષણ સંવાદની ઉજવણી તેમજ સગર્ભા માતાની સૌપ્રથમ નોંધણી કરાવવી અને તેમને પુરક આહાર માતૃશક્તિનો ઉપયોગ, નિયમિત રસીકરણ, સલામત ડીલીવરી, ૬ માસ માત્ર માતાનું ધાવણ જ બાળકને આપવું, તેમજ સગર્ભાવસ્થા દરમિયાન રાખવામાં આવતી કાળજી વિશે સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકર, તેડાગર, ગ્રામજનો, લાભાર્થીઓ, લાભાર્થીના પરિવારજનો ઉત્સાહભેર હાજરી આપી હતી. જિલ્લામાં ગણેશ ઉત્સવ દરમ્યાન પંડાલમાં લાભાર્થીઓને ટીએચઆરના લાભોથી કાર્યકરો દ્વારા અવગત કરવામાં આવી રહ્યા છે. વલસાડ જિલ્લાના તમામ તાલુકામાં પોષણ માસની થીમ આધારિત કિશોરી જાગૃતિ કાર્યક્રમ અન્વયે વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જિલ્લાની કિશોરીઓએ ભાગ લીધો હતો. દીકરીઓ- જાતિગત ભેદભાવ, પોષણ, શિક્ષણ, યોજનાઓ, આત્મનિર્ભરતા, જીવન કૌશલ્ય, સર્વાંગી વિકાસ, નેતૃત્વ વિષયક સ્પર્ધા કરવામાં આવી હતી. જેમાં જિલ્લામાં ૧૫ થી ૧૮ વર્ષની ૨૩૬૨૧ નોંધાયેલી કિશોરીઓ પૈકી ૨૧૫૮૬ કિશોરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૪-૨૫ ના સપ્ટેમ્બર માસમાં રાષ્ટ્રીય પોષણ માસ અંતર્ગત ભારત સરકાર દ્વારા એનેમિયા, વૃધ્ધિ દેખરેખ, પૂરક પોષણ, પોષણ ભી પઢાઈ ભી, સુશાસન, પારદર્શિતા અને કાર્યક્ષમ સેવા પહોંચાડવા માટે ટેકનોલોજી, સર્વગ્રાહી પોષણ- પોષણ સાથે જોડાયેલા તમામ આવશ્યક તત્વોને આવરી લેવામાં આવ્યા છે.

# ડાંગરના પાકમાં જીવાણુથી થતા 'પાનનો સુકારો/ઝાળ'(Bacterial leaf blight) રોગ સામે ખેડૂત મિત્રો આટલી કાળજી રાખે

### કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકોને ઓલપાડ તાલુકાના ઘણા ખેતરોમાં ડાંગરમાં ગંભીર પ્રકારનો પાનનો સુકારો/ઝાળ રોગ જોવા મળતા દિશાનિર્દેશ જાહેર કર્યા



। (માહિતી) સુરત, તા.૧૧ ।

સુરત જિલ્લામાં ચોમાસાની સિઝનમાં ખરીફ ડાંગરનું ખૂબ મોટાપાયે વાવેતર થાય છે. મોટાભાગનો ડાંગરનો પાક હાલમાં કંટી નીકળવાની અવસ્થાએ છે. પાકની જુદી જુદી અવસ્થાએ ઘણા રોગ જીવાતો પાકને નુકસાન કરતા માલૂમ પડ્યું છે. હાલમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, (નવસારી કૃષિ યુનિવર્સિટી)-સુરતના વૈજ્ઞાનિકો ડૉ.જનકસિંહ રાઠોડ અને ડૉ.રાકેશ કે. પટેલે પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, વ્યારાના વૈજ્ઞાનિકો ડૉ. વિપુલ પટેલ અને ડૉ. કેદારનાથની સાથે ઓલપાડ તાલુકાના ડાંગર પકવતા વિવિધ ગામો સોંદલાખારા, કુંભારી, નઘોઈ, મીંઢી, ઓલપાડ, તળાદ, સોંસક, અંભેટામાં ડાંગરના ખેતરોની મુલાકાત લીધી હતી. બીજે દિવસે વૈજ્ઞાનિકોની ટીમે સિમરથુ, પારડી, બોલાવ, સરોલી, વણકલા જેવા ગામોમાં ડાંગરના ખેતરોની મુલાકાત લીધી હતી, કેવીકે-સુરત અને વ્યારાના વૈજ્ઞાનિકોની આ મુલાકાત દરમિયાન ડાંગરના ઘણા ખેતરોમાં જીવાણુથી થતો પાનનો સુકારો/ઝાળ (Bacterial leaf blight) નામનો રોગ જોવા મળ્યો છે. ડાંગરમાં ગંભીર પ્રકારનો પાનનો સુકારો/ઝાળ રોગ સામે તેમણે દિશાનિર્દેશ જાહેર કર્યા છે. સુક્ષ્મ જીવાણુથી થતા આ રોગના લક્ષણો પાનની ટોચ પરથી શરૂ થાય છે. જ્યાં ઉભી પટ્ટી આકારે નીચેની તરફ એક અથવા બન્ને ધારેથી બદામી રંગમાં ઉંધા ચીપીયા આકારે સુકાતા નીચેની તરફ સુકારો આગળ વધે છે. રોગને અનુકૂળ વાતાવરણમાં/ઝાકળમાં રોગના જીવાણુ પાનની સપાટી પર આવતાં મનુષ્ય કે પક્ષીના સંપર્કથી પણ ખેતરમાં ફેલાય છે. રોગ તીવ્ર હોય ત્યારે આખુ ખેતર સળગાવેલ (ઝાળ લાગેલ) હોય તેવું દેખાય છે. છોડની વૃદ્ધિ અટકે અને છોડ સુકાય છે. આવા રોગિષ્ટ છોડમાં દાણા પોચા રહેતા ઉત્પાદનમાં આર્થિક નુકસાન થાય છે. હાલમાં ડાંગરના ઉભા ખેતરોમાં જીવાણુથી થતા પાનના સુકારાના રોગના નિયંત્રણ માટે પાકમાં ભલામણ કરેલ જથ્થા મુજબ જ નાઈટ્રોજનયુકત રાસાયણિક ખાતરો આપવા. ખેતરમાં સુકારાના રોગની શરૂઆત દેખાય તો તરત જ ત્યાર પછી આપવાનો થતો નાઈટ્રોજનયુક્ત રાસાયણિક ખાતરનો હપ્તો રોગ કાબૂમાં આવ્યા પછી જ આપવાની વ્યવસ્થા કરવી. રોગની શરૂઆત જણાય કે તરત જ શકય હોય તો રોગિષ્ટ પાન/છોડને ઉખાડી, બાળીને નાશ કરવો. રોગવાળા ખેતરનું પાણી આજુબાજુના રોગ વગરના ખેતરમાં જાય નહિ તેની કાળજી રાખવી. રોપાણ ડાંગરમાં રોગ દેખાય કે તરત જ કોપર હાઈડ્રોક્સાઈડ ૫૩.૮ ૮% ડીએફ નામની દવાનો ૧૦ લીટર પાણીમાં ૩૦ ગ્રામ મુજબ છંટકાવ કરવો. દવાનો છંટકાવ કરતી વખતે આખો છોડ ભીંજાઈ જાય તે રીતે એકરે અંદાજિત ૨૦૦ લીટર પાણીનો વપરાશ કરવો. દવાનો છંટકાવ વરસાદ વગરના કોરા સમયમાં કરવો. ખેતરના સેઢાપાળ નીંદણમુક્ત અને સાફ રાખવા દ્રફદ્ર-સુરતની યાદીમાં જણાવાયું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે બોલતા પહેલા બે વાર વિચાર કરો. જાણતા જ પ્રગટ થયેલા તમારા મંતવ્યો કોઈકની લાગણી દુભાવી શકે છે. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે. કોઈ કાયર્યમાં માસ્ટરી હાંસલ કરનારી વ્યક્તિનું નિરીક્ષણ કરી તમે કેટલાક પાઠ સીખી શકો છો.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. પારિવારિક મોરચો તકલીફદાયક બની શકે છે. પારિવારિક જવાબદારી તરફ તમારૂં બેધ્યાનપણું તેમને ખફા કરી શકે છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા-કેમ કે એનાથી તમને પછીથી પસ્તાવો થશે. રચનાત્મક પ્રકારના કામો સાથે સંકળાઓ.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. તમારા પરિવાર સાથે જડતાપૂર્વક વર્તન ન કરતા-તેનાથી શાંતિ જોખમાઈ શકે છે. પ્રેમ પ્રકરણમાં બળપૂર્વક કામ લેવાનું ટાળો. કોઈપણ ભાગીદારીમાં જોડાતા પૂર્વે તમારી અંદરની લાગણીને સાંભળજો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. ઊંડી લાગણી ધરાવતા પ્રેમનો અત્યાનંદ તમે આજે અનુભવશો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. પ્રેમ-સાથ સહવાસ તથા બંધનમાં વધારો થશે. તમારા પ્રિયપાત્ર સાથે કૅન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે. જે લોકો વિદેશ વેપાર થી સંકળાયેલા છે તેમને આજે માનમાફિક ફળ મળવાની પુરી અપેક્ષા છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. ચિંતા ન કરતા આજે તમારા દુઃખ બરફની જેમ ઓગળી જશે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તેલ અને મસાલાથી ભરપૂર આહાર ટાળો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. તમારૂં બાળક જેવું તથા નિદોર્ષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. આજે તમે રોમેન્ટિક સ્પંદનો અનુભવશો.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા બળપણની યાદગીરીઓ આજે તમને વ્યસ્ત રાખશે. આ પ્રક્રિયામાં તમે તમારી જાત પર બિનજરૂરી માનસિક તાણ લાવશો. પ્રસંગોપાત બાળક જેવા બનવાની ક્ષમતા ખોઈ બેસવામાંથી જ તમારી બેચેની અને તાણ ઉદભવ્યા છે. આજે ધન લાભ થવાની શક્યતા તો છેજ પરંતુ એવું પણ થયી શકે છે કે પોતાના ગુસ્સેલ સ્વભાવ ના લીધે તમે પૈસા કમાવા માં સક્ષમ ના થયી શકો.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારા શોખ પોષવા તથા તમારા પરિવારના સભ્યોને મદદ કરવા માટે પણ તમે તમારો થોડો સમય ખર્ચી શકો છો. તમે તમારા ભાગીદાર પર પૂરતું ધ્યાન નહીં આપો તો તે તમારાથી નારાજ થઈ જશે.

## ‘યુદ્ધના મેદાનમાં ઉકેલ નહીં મળે, વાત કરવી પડશે’



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વિદેશ મંત્રી એસ જયશંકરે મંગળવારે કહ્યું કે રશિયા અને યુક્રેનને વાત કરવી પડશે અને જો તેઓ સલાહ માંગે તો ભારત હંમેશા સલાહ આપવા તૈયાર છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે યુક્રેન સંઘર્ષ યુદ્ધના મેદાનમાં ઉકેલી શકાતો નથી.બર્લિનમાં જર્મન વિદેશ મંત્રાલયની વાર્ષિક રાજદૂત પરિષદમાં પ્રશ્નોના જવાબ આપતા જયશંકરે કહ્યું કે ભારતે ‘ચીન સાથે વેપાર કરવા માટે તેના દરવાજા બંધ કર્યા નથી’, પરંતુ મુદ્દો એ છે કે દેશ કયા ક્ષેત્રોમાં અને કયા ક્ષેત્રોમાં બેઈજિંગ સાથે વેપાર કરી શકે છે.રશિયા-યુક્રેન યુદ્ધ પર તેમણે કહ્યું, ‘અમને નથી લાગતું કે આ સંઘર્ષ યુદ્ધના મેદાનમાં ઉકેલાઈ જશે. અમુક સ્તરે, થોડી વાતચીત કરવી જરૂરી છે. જ્યારે પણ કોઈ સંવાદ થશે ત્યારે રશિયા અને યુક્રેન બંને પક્ષોએ તેમાં ભાગ લેવો પડશે. સોમવારે રિયાધમાં તેમના રશિયન સમકક્ષ સેર્ગેઈ લવરોવ સાથે ‘‘ફળદાયી વાટાઘાટો’’ કર્યાના એક દિવસ પછી તેમની ટિપ્પણીઓ આવી.વડા પ્રધાન નરેન્દ્ર મોદીની રશિયા અને યુક્રેનની મુલાકાતને યાદ કરતાં તેમણે કહ્યું કે પીએમ મોદીએ મોસ્કો અને કિવમાં કહ્યું હતું કે ‘આ યુદ્ધનો યુગ નથી’. તેણે કહ્યું, ‘અમને નથી લાગતું કે તમે યુદ્ધના મેદાનમાંથી કોઈ ઉકેલ શોધી શકશો. અમને લાગે છે કે તમારે વાત કરવી પડશે. જો તમને સલાહ જોઈતી હોય તો અમે હંમેશા સલાહ આપવા તૈયાર છીએ.તેમણે કહ્યું કે દેશો વચ્ચે મતભેદો છે, પરંતુ સંઘર્ષ તેમને ઉકેલવાનો માર્ગ નથી. જયશંકરે એમ પણ કહ્યું કે ક્વાડ ખૂબ જ સફળ પ્રયોગ રહ્યો છે. ભારત ક્વાડ ગ્રૂપનું સભ્ય છે, જેમાં અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા પણ સામેલ છે. ચીન સતત ક્વાડનો વિરોધ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા ચાર અલગ-અલગ ખૂણાઓ પર સ્થિત છે અને સાથે મળીને કામ કરવાનું નક્કી કર્યુ અને આ રીતે અમે ક્વાડને પુનર્જીવિત કર્યુ.

## રાષ્ટ્રપતિ નેશનલ ફ્લોરેન્સ નાઈટીંગેલ એવોર્ડ્સ અર્પણ કર્યા



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિ ભવન ખાતે નર્સિંગ પ્રોફેશનલ્સને વર્ષ ૨૦૨૪ માટે નેશનલ ફ્લોરેન્સ નાઈટીંગેલ એવોર્ડ અર્પણ કર્યા. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા ઉત્કૃષ્ટ નર્સિંગ કર્મચારીઓ દ્વારા પ્રદાન કરવામાં આવતી ગુણવત્તાયુક્ત સેવાઓને ઓળખવા અને સન્માનિત કરવા માટે નેશનલ ફ્લોરેન્સ નાઈટીંગેલ એવોર્ડની સ્થાપના કરવામાં આવી હતી.

## ચીનના ડ્રગ રેગ્યુલેટરે MPox રસીના ક્લિનિકલ ટ્રાયલને મંજૂરી આપી




। (એજન્સી) ચીન, તા.૧૧ ।

ચીનના ટોચના ડ્રગ રેગ્યુલેટરે સ્થાનિક ફાર્માસ્યુટિકલ ફર્મ સિનોફાર્મ દ્વારા વિકસિત એમપોક્સ રસીના ક્લિનિકલ ટ્રાયલને મંજૂરી આપી છે. કંપની દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે શાંઘાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોલોજિકલ પ્રોડક્ટ્સ દ્વારા ઉત્પાદિત અને સિનોફાર્મ દ્વારા વિકસિત એમપીઓક્સની સ્થાનિક રસી ચેપને રોકવા અને નિયંત્રિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે. ચીનના ડ્રગ રેગ્યુલેટરે એમપોક્સ રસીને ક્લિનિકલ ટ્રાયલ માટે મંજૂરી આપી છે. ચીનની સ્થાનિક ફાર્માસ્યુટિકલ ફર્મ સિનોફાર્મ દ્વારા વિકસિત આ રસીને ટોચના ડ્રગ રેગ્યુલેટર દ્વારા ક્લિનિકલ ટ્રાયલ માટે મંજૂરી આપવામાં આવી છે. જે આ જીવલેણ રોગ સામે લડવા માટે દેશની પ્રથમ પ્રાયોગિક માત્રા હશે. સ્થાનિક રીતે ઉત્પાદિત એમપોક્સ રસી, શાંઘાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બાયોલોજિકલ પ્રોડક્ટ્સ દ્વારા ઉત્પાદિત અને સિનોફાર્મ દ્વારા વિકસિત, ચેપને રોકવા અને નિયંત્રિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે તેવી અપેક્ષા છે, કંપનીએ સોમવારે બપોરે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું.તે જ સમયે, ચીનમાં **MPox** માટે હજી સુધી કોઈ રસી મંજૂર કરવામાં આવી નથી. આ સિવાય અમેરિકા, કેનેડા, યુરોપિયન યુનિયન, જાપાન અને રશિયામાં વૈશ્વિક સ્તરે કેટલીક રસી મંજૂર કરવામાં આવી છે. ચીનમાં, રસીના ઉમેદવારને સામાન્ય રીતે બજારમાં મંજૂરી મેળવતા પહેલા ક્લિનિકલ ટ્રાયલના ત્રણ તબક્કામાંથી પસાર થવું પડે છે.આ પ્રક્રિયામાં ઘણા વર્ષો અથવા તો દાયકાઓ પણ લાગી શકે છે. જો કે, ચીનના ટોચના ડ્રગ રેગ્યુલેટર, નેશનલ મેડિકલ પ્રોડક્ટ્સ એડમિનિસ્ટ્રેશને નવી દવાઓ અને રસીઓ અથવા તાત્કાલિક જરૂરિયાત હોય તેવી અરજીઓને સરળ બનાવવા માટે ઘણી ઝડપી અથવા સુવ્યવસ્થિત ચેનલો શરૂ કરી છે.

## રસ્તે જતાં યુવકને ખભે રહેલું દાતરડું રિક્ષા સાથે ફસાતાં ગળું કપાઇ ગયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

રાજકોટમાં આજી જીઆઈડીસી અમુલ ઈન્ડસ્ટ્રી પાસે વિચિત્ર બનાવ સામે આવ્યો છે. જેમાં ખભે દાતરડુ રાખી પત્ની સાથે પગપાળા જતા યુવકનું દાતરડું રિક્ષામાં ફસાઈને ખેંચાયું હતું. જેમાં એ યુવકનું જ ગળું કપાઈ જતા કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. મળતી માહિતી મુજબ, રાજકોટ શહેરમાં વિચિત્ર બનાવમાં રાહદારી યુવાનનું તેના જ દાતરડાથી ગળું કપાઈ જતાં મોત થયું છે. આજી જીઈઆઈડીસી પાસે અમુલ ઈન્ડસ્ટ્રીઝ પાસે ઘટના બનતાં થોરાળા પોલીસની ટીમ દોડી ગઈ હતી. એક યુવક લાકડાના લાંબા વાંસમાં છેડે દાતરડું કોયતો બાંધીને તે પોતાના ખભે રાખી ચાલીને પત્ની સાથે પસાર થઈ રહ્યો હતો. આ વખતે બાજુમાંથી રીક્ષા નીકળતા ખભે રાખેલું દાતરડું રિક્ષામાં ફસાઈ ગયું હતું. રીક્ષા ચાલુ હોવાથી જોરદાર ખેંચાણ આવતાં ખભે રાખેલું દાતરડું ગળા ફરી વળ્યું હતું અને એ વ્યક્તિનું પત્નીની નજર સામે જ લોહીના ફુવારા ઉડવા સાથે મોત થયું હતું. થોરાળા પોલીસ ઘટના સ્થળે દોડી ગઈ હતી. લોકો પણ એકઠા થઈ ગયા હતાં.

### વચગાળાની સરકારે કહ્યું- પ્રોજેક્ટ બંધ નહીં થાય

## ‘બાંગ્લાદેશમાં ભારત-સમર્થિત પ્રોજેક્ટ્સ પર કામ ચાલુ રહેશે’

### કેબાંગ્લાદેશના નાણાકીય સલાહકારે ભાર મૂક્યો કે ભારત દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ પ્રોજેક્ટ નવી સરકાર હેઠળ ચાલુ રહેશે

। (એજન્સી) ઢાકા, તા.૧૧ ।

બાંગ્લાદેશની વચગાળાની સરકારે મંગળવારે જણાવ્યું હતું કે ભારત દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવેલ પ્રોજેક્ટ ‘‘ખૂબ જ મહત્વપૂર્ણ’’ છે અને નવી સરકાર હેઠળ ચાલુ રહેશે. સરકારના નાણા સલાહકાર સેલાહુદ્દીન અહેમદે આ વાત કહી. તેમણે ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્મા સાથેની મુલાકાત દરમિયાન ભારત સાથે ‘‘સહકાર વધારવા’’ની આશા વ્યક્ત કરી હતી.

સેલાહુદ્દીન અહેમદે કહ્યું, ‘‘ભારત સાથે અમારી પાસે જે પ્રોજેક્ટ છે તે મોટા પ્રોજેક્ટ છે અને અમે તેને ચાલુ રાખીશું, કારણ કે તે નાના પ્રોજેક્ટ નથી. અમે અમારા ફાયદા માટે બીજો મોટો પ્રોજેક્ટ લઈશું.’’ તેમણે એમ પણ કહ્યું કે જે પ્રોજેક્ટ્સ પહેલાથી ચાલી રહ્યા છે તેને અમે રોકીશું નહીં અને તેના ફંડિંગ અને અમલીકરણ અંગે પણ ચર્ચા કરવામાં આવશે.વચગાળાની સરકારના સલાહકારે જણાવ્યું હતું કે શેખ હસીનાની આગેવાની હેઠળની અવામી લીગ સરકારના પતન પછી ભારતની ત્રણ ક્રેડિટ લાઈન હેઠળ ભંડોળ પૂરું પાડવામાં આવેલ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થવા અંગે ચિંતા છે.

ભારતીય હાઈ કમિશનર પ્રણય વર્માએ જણાવ્યું હતું કે નવી દિલ્હીએ બાંગ્લાદેશ માટે તેના કોઈ પણ ક્રેડિટ લાઈન પ્રોજેક્ટને રોક્યા નથી. ‘‘આ પ્રોજેક્ટ્સ ચાલુ છે અને તે ખૂબ મોટા પ્રોજેક્ટ્સ છે. કોન્ટ્રાક્ટરો પાછા આવશે અને પ્રોજેક્ટ્સ શરૂ કરશે,’’ તેમણે જણાવ્યું હતું. સેલાહુદ્દીન અહેમદે ભારત સરકારના સતત સહકાર બદલ આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, ‘‘અમે ભવિષ્યના સહયોગની પણ રાહ જોઈ રહ્યા છીએ.’’ તેમણે કહ્યું કે ભારતીય ભંડોળથી ચાલતા પ્રોજેક્ટ્સ બાંગ્લાદેશની પોતાની જરૂરિયાતો પર આધારિત છે. ‘‘જો કે, ડિલિવરીમાં કેટલીક સમસ્યાઓ છે અને અમે તેને ઉકેલવાની પ્રક્રિયામાં છીએ,’’ તેમણે કહ્યું.બેઠકમાં બંને પક્ષોએ વર્તમાન દ્વિપક્ષીય આર્થિક સહયોગને વધારવાના માર્ગો પર પણ ચર્ચા કરી હતી. અહેમદે કહ્યું કે ભારત બાંગ્લાદેશનો ‘‘મોટો પાડોશી’’ છે અને બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ અને વેપારના ઘણા ક્ષેત્રો છે.ભારતીય હાઈ કમિશનરે બાંગ્લાદેશમાં રોકાણ અને આર્થિક સહયોગ માટે ભારતીય પક્ષની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો અને કહ્યું, ‘‘અમે સરકાર સાથે ખૂબ જ નજીકના સંપર્કમાં છીએ, અને સલાહકાર સાથેની મારી મુલાકાત તેનો પુરાવો છે.’’

### કેન્દ્ર સરકાર વિરુદ્ધ દાખલ કેસ પાછો ખેંચવાની મંજૂરી

## ફોન ટેપિંગ કેસ : રાજસ્થાન સરકારને સુપ્રીમ કોર્ટમાંથી મળી મોટી રાહત

। (એજન્સી) રાજસ્થાન, તા.૧૧ ।

કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત સાથે જોડાયેલા ફોન ટેપિંગ કેસમાં રાજસ્થાન સરકારને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે રાજસ્થાન સરકારને કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત સાથે સંબંધિત ફોન ટેપિંગ કેસમાં કેન્દ્ર સરકાર વિરુદ્ધ દાખલ કરાયેલો કેસ પાછો ખેંચવાની મંજૂરી આપી હતી. રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર બદલાતાની સાથે જ નવી ભાજપ સરકારના વલણમાં પરિવર્તન આવ્યું છે.વાસ્તવમાં રાજસ્થાનની ભજનલાલ સરકારે ફોન ટેપિંગ કેસમાં કેન્દ્ર સરકાર સામે દાખલ કરાયેલો કેસ પાછો ખેંચવાનો નિર્ણય લીધો હતો અને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ કેસ રાજસ્થાનની અશોક ગેહલોત સરકારના કાર્યકાળ દરમિયાન દાખલ કરવામાં આવ્યો હતો. રાજસ્થાન સરકારે આ કેસમાં કોઈ યોગ્યતા નથી તેમ કહીને કેસ પાછો ખેંચવા માટે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી હતી. ફોન ટેપિંગ કાંડ પછી, અગાઉની ગેહલોત સરકારે દલીલ કરી હતી કે ફોન ટેપિંગની તપાસ દિલ્હી પોલીસના અધિકારક્ષેત્રમાં નથી અને માત્ર રાજસ્થાન પોલીસે જ આ એફઆઈઆરની તપાસ કરવી જોઈએ.

**વિશેષ** ભારતના ડિજિટલ ભવિષ્યને સુરક્ષિત કરવા માટે આ સમય, યોગ્ય સમય, ભારતનો કિંમતી સમય છે : ડો રણધીર ઠાકુર, ટાટા ઈલેક્ટ્રોનિક્સના પ્રમુખ અને સીઈઓ

# ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઈડામાં સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪માં ટોચના સેમિકન્ડક્ટર સીઈઓએ ભારત અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરી

। નવી દિલ્હી ।

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશનાં ગ્રેટર નોઈડામાં ઈન્ડિયા એક્સ્પો માર્ટમાં સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪નું ઉદઘાટન કર્યું હતું. સેમીકોન ઈન્ડિયા ૨૦૨૪નું આયોજન ૧૧થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન થઈ રહ્યું છે, જેની થીમ ‘શેપિંગ ધ સેમિકન્ડક્ટર ફ્યુચર’ છે. ત્રણ દિવસની આ કોન્ફરન્સમાં ભારતની સેમીકન્ડક્ટર વ્યૂહરચના અને નીતિ દર્શાવવામાં આવી છે, જેમાં ભારતને સેમીકન્ડક્ટર્સ માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવાની કલ્પના કરવામાં આવી છે. વૈશ્વિક સેમીકન્ડક્ટર જાયન્ટ્સનું ટોચનું નેતૃત્વ આ કોન્ફરન્સમાં ભાગ લઈ રહ્યું છે, જે વૈશ્વિક નેતાઓ, કંપનીઓ અને સેમીકન્ડક્ટર ઉદ્યોગના નિષ્ણાતોને એક સાથે લાવશે. આ સંમેલનમાં ૨૫૦થી વધુ પ્રદર્શકો અને ૧૫૦ વક્તાઓ પણ ભાગ લઈ રહ્યા છે.



સેમીના સીઈઓ, શ્રી અજિત મનોચાએ સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪માં પ્રાપ્ત સ્વાગતને બિરદાવ્યું હતું અને બે મુખ્ય શબ્દો - ‘અભૂતપૂર્વ’ અને ‘એક્સપોનેન્શિયલ’ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ઈવેન્ટના અભૂતપૂર્વ સ્કેલનો ઉલ્લેખ કર્યો હતો અને સેમિકન્ડક્ટર્સ માટે કુલ ઈલેક્ટ્રોનિક સપ્લાય ચેઈનનું પ્રતિનિધિત્વ કરતી સમગ્ર દુનિયામાંથી ૧૦૦થી વધારે સીઈઓ અને સીએક્સઓનાં એકમંચ પર આવવાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે દેશ, દુનિયા, ઉદ્યોગ અને માનવતાનાં લાભ માટે સેમિકન્ડક્ટર કેન્દ્રનું સર્જન કરવાની સફરમાં ભારતનાં વિશ્વસનીય ભાગીદાર બનવાની ઉદ્યોગ જગતની કટિબદ્ધતા વિશે આશાવાદ વ્યક્ત કર્યો હતો. ભારતમાં વૃદ્ધિના ઘાતક મોડલનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રી મોદીના કાયદા તરીકે ઉલ્લેખ કરીને શ્રી મનોચાએ કહ્યું હતું કે, સેમીકન્ડક્ટર ઉદ્યોગ વિશ્વના દરેક ઉદ્યોગ માટે પાયારૂપ છે, જે માનવતા માટે વધુ મહત્ત્વપૂર્ણ છે. તેમણે ભારતના ૧.૪ અબજ લોકો અને વિશ્વના ૮ અબજ લોકો માટે કામ કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ટાટા ઈલેક્ટ્રોનિક્સના પ્રમુખ અને સીઈઓ ડો. રણધીર ઠાકુરે આ ઐતિહાસિક સભાને શક્ય બનાવવા બદલ પ્રધાનમંત્રીનો આભાર માન્યો હતો તથા સેમીકન્ડક્ટર ઉદ્યોગને ભારતીય કિનારા સુધી પહોંચાડવાના તેમના વિઝનની પ્રશંસા કરી હતી. તેમણે આ વર્ષે ૧૩ માર્ચનાં રોજ ધોલેરામાં ભારતનાં પ્રથમ વ્યાવસાયિક ફેબ અને આસામમાં જાગીરોડમાં પ્રથમ સ્વદેશી ઓસેટ ફેક્ટરીનો શિલાન્યાસ કરતાં પ્રધાનમંત્રીને યાદ કર્યું હતું અને કહ્યું હતું કે, બંને પ્રોજેક્ટને સરકાર તરફથી વિક્રમી સમયમાં મંજૂરી મળી છે. તેમણે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન દ્વારા પ્રદર્શિત ઉત્કૃષ્ટ સે-ડુ રેશિયો અને સહયોગને શ્રેય આપ્યો હતો, જે પ્રધાનમંત્રીના તાકીદની ભાવના સાથે કામ કરવાના સંદેશને અનુરૂપ છે. ચિપમેકિંગ માટે મહત્ત્વપૂર્ણ એવા ૧૧ ઈકોસિસ્ટમ વિસ્તારો પર પ્રકાશ પાડતા ડો. ઠાકુરે જણાવ્યું હતું કે, સરકારના પ્રયાસોએ આ તમામ ઈકોસિસ્ટમ્સને અહીં સેમિકોન ૨૦૨૪માં એક જ છત હેઠળ લાવી છે. તેમણે પ્રધાનમંત્રીની વૈશ્વિક પહોંચને શ્રેય આપ્યો હતો અને વૃદ્ધિને વધારવા માટે ઈકોસિસ્ટમ પ્લેયર્સ સાથે મુખ્ય ભાગીદારી સ્થાપિત કરવા માટે ભારતના સેમીકન્ડક્ટર મિશન પર ભાર મૂક્યો હતો. તેમણે પ્રધાનમંત્રીને ખાતરી આપી હતી કે, સેમિકન્ડક્ટર ઉદ્યોગ વિકસિત ભારત ૨૦૪૭નાં વિઝનનો પાયો બનશે અને રોજગારીનાં સર્જન પર તેની અનેકગણી અસર પડશે. તેમણે અંતમાં પ્રધાનમંત્રીને ટાંકીને કહ્યું હતું કે, ‘‘આ તે ક્ષણ છે, યોગ્ય ક્ષણ છે.’’ તેમણે ભારતના સેમીકન્ડક્ટરના સ્વપ્નને સાકાર કરવા માટે પ્રધાનમંત્રીના નેતૃત્વ અને વિઝનને શ્રેય આપ્યો હતો. એનએક્સપી સેમિકન્ડક્ટર્સના સીઈઓ, શ્રી કર્ટ સિવર્સે સેમિકોન ૨૦૨૪નો ભાગ બનવા માટે તેમની ઉત્તેજના અને નમ્રતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે આ ઈવેન્ટ ભારત માટે પરિવર્તનશીલ સફરનું પ્રતીક છે. સફળતાની ત્રણ વિશેષતાઓ મહત્ત્વાકાંક્ષા, વિશ્વાસ અને સહયોગ પર પ્રકાશ પાડતા તેમણે કહ્યું હતું કે, આજની જેમ આ પ્રકારની ઈવેન્ટ સહયોગની શરૂઆતને ચિહ્નિત કરે છે. તેમણે ભારતમાં જોવા મળેલા પરિવર્તન પર પ્રકાશ પાડ્યો હતો અને કહ્યું હતું કે, આ કામ ભારતમાં માત્ર દુનિયા માટે જ નહીં, પણ દેશ માટે પણ થઈ રહ્યું છે. તેમણે સેમીકન્ડક્ટર ઉદ્યોગની અન્ય ક્ષેત્રો પર થતી ગુણકિય અસરનો પણ ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, તે ભારતને આગામી થોડાં વર્ષોમાં અત્યંત શક્તિશાળી અર્થતંત્ર બનવા માટે પ્રેરિત કરશે. તેમણે એનએક્સપી દ્વારા એક અબજ ડોલરથી વધુના સંશોધન અને વિકાસના પ્રયાસોને બમણા કરવા વિશે માહિતી આપી હતી. તેમણે નવીનતા, લોકશાહી અને વિશ્વાસનાં ત્રણ તત્ત્વોને સામેલ કરવા માટે પ્રધાનમંત્રીને શ્રેય આપ્યો હતો, જે લાંબા ગાળે કામ કરવા માટે વ્યાવસાયિકોને જરૂરી છે.

### સાયબર સુરક્ષા હેલ્પલાઈનમાં ગુજરાત પોલીસ મોખરે । જાગૃત નાગરિકોના સહકારથી અને ગુજરાત પોલીસની ત્વરિત કામગીરીના પરિણામે ગુજરાતને આ ગૌરવ મળ્યું

# અમિત શાહના હસ્તે પોલીસ વડા વિકાસ સહાયને એવોર્ડથી વિશેષ સન્માન

। (એજન્સી) અમદાવાદ,તા.૧૧ ।

ગુજરાત પોલીસનાં સાયબર સેલ દ્વારા હેલ્પલાઈન નં.૧૯૩૦ના ઉત્કૃષ્ટ મેનેજમેન્ટ થકી રાજ્યના નાગરિકોને સાયબર ક્રાઈમથી સુરક્ષિત રાખવા બદલ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહના હસ્તે દિલ્હી ખાતે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયને એવોર્ડથી વિશેષ સન્માન પ્રાપ્ત થયું છે. જાગૃત નાગરિકોના સહકારથી અને ગુજરાત પોલીસની ત્વરિત કામગીરીના પરિણામે ગુજરાતને આ ગૌરવ મળ્યું છે.




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી તેમજ રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શન હેઠળ સ્ટેટ સાયબર સેલ દ્વારા લેવામાં આવેલા રેપિડ એક્શન અને ફ્રોડમાં ગયેલા નાણાની રિકવરી તથા ફ્રોડની રકમ જે બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હોય તે એકાઉન્ટ ત્વરિત ફ્રિઝ કરવાની કામગીરી પ્રશંસનિય રહી છે. જેને પરિણામે ઓનલાઈન છેતરપીંડીનો ભોગ બનનાર નાગરિકોને પોતાના ફ્રોડમાં ગયેલા રૂપિયા પરત અપાવવામાં ગુજરાત પોલીસને સફળતા મળે છે. સ્ટેટ સાયબર સેલના એસ.પી ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યુ છે કે, રાજ્યમાં તા.૧લી જાન્યુઆરી-૨૦૨૪થી તા.૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં સાયબર ગુનાઓ સંબંધિત કુલ ૯૩,૦૬૬ ફરિયાદો દાખલ થઈ છે તેની સામે ગુજરાત પોલીસના સાયબર સેલ દ્વારા ત્વરિત એક્શન લઈને છેતરપિંડીમાં ગયેલી રકમ પૈકી રૂ.૨૦૮.૭૯ કરોડથી વધુ રકમ ફ્રીઝ કરી દેવામાં સફળતા મળી છે. તે પૈકી સાયબર છેતરપીંડીનો ભોગ બનેલા નાગરિકોનાં અંદાજે રૂ.૮૦.૦૧ કરોડથી વધુ રૂપિયા પરત કરી દેવામાં આવ્યા છે જ્યારે અન્ય રકમ પરત કરવાની કાર્યવાહી ચાલી રહી છે. સાયબર ફ્રોડ થયાના પાંચ કલાકની અંદર જ એટલે કે ગોલ્ડન અવર્સમાં જો ભોગ બનનાર નાગરિક દ્વારા હેલ્પલાઈન ઉપર સંપર્ક કરી દેવામાં આવ્યો હોય તો તેવા લાઈવ કિસ્સાઓમાં છેતરપિંડીમાં ગયેલી રકમની રિકવરી સૌથી વધુ થઈ છે. આ પ્રકારના લાઈવ કેસમાં ત્વરિત એક્શન લઈ રૂ.૨૩.૦૩ કરોડથી વધુ રકમ ફ્રિઝ કરી રૂ.૩.૭૧ કરોડથી વધુ રકમ પીડિતોને પરત અપાવવામાં સફળતા મળી છે. ગુજરાત પોલીસની આ રેપિડ એક્શન સહિત હેલ્પલાઈન નં.૧૯૩૦ના ઉત્કૃષ્ટ મેનેજમેન્ટ માટે સન્માન મળ્યુ છે. સાયબર ગુનાઓથી ગુજરાતને હજુ વધુ સુરક્ષિત કરવા માટે ગુજરાત પોલીસ દ્વારા નવિન પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત હેલ્પલાઈન નં.૧૯૩૦ની કામગીરીમાં અપગ્રેડેશન માટે ડેડીકેટેડ વધુ ૯૦ કોલર્સનો સ્ટાફ ભરતી કરવામાં આવશે. જે ફરિયાદોની નોંધણી અને નાણાકીય સંસ્થાઓ સાથે વિશેષ સંકલન કરી નાગરિકોના છેતરપિંડીના નાણાં બચાવવા મદદરૂપ થશે. તે ઉપરાંત સાયબર ગુનાઓ માટે એક અલગથી ચેટબોટ તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેથી પીડિતોને કોલ કનેક્શન માટે રાહ જોવી નહિ પડે અને કોઈપણ સમયે બોટ સાથે વાત કરી પોતાની ફરિયાદ આપી શકશે.

## ન્યૂઝ બ્રિફ

### રાજકોટમાં ગરબા આયોજકો આધારકાર્ડ અને ફોટાના આધારે આપશે એન્ટ્રી પાસ

। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।

ખેલૈયાઓ ગરબાના તાલે ઝુમવા તૈયાર છે, ત્યારે આ વખતે રાજકોટના એક રાસોત્સવ દ્વારા લવ જેહાદ રોકવા માટે પગલા લેવામાં આવ્યા છે. સહિયર રાસોત્સવના સંચાલક સુરેન્દ્રસિંહ વાળાએ નિવેદન આપ્યું છે કે દરેક દાંડિયા રાસના આયોજકો પાસ ઈસ્યુ કરે ત્યારે આધારકાર્ડ અને ફોટા લેવામાં આનવરાત્રીનો તહેવાર નજીક આવી રહ્યો છે, ખેલૈયાઓ ગરબાના તાલે ઝુમવા તૈયાર છે, ત્યારે આ વખતે રાજકોટના એક રાસોત્સવ દ્વારા લવ જેહાદ રોકવા માટે પગલા લેવામાં આવ્યા છે. સહિયર રાસોત્સવના સંચાલક સુરેન્દ્રસિંહ વાળાએ નિવેદન આપ્યું છે કે દરેક દાંડિયા રાસના આયોજકો પાસ ઈસ્યુ કરે ત્યારે આધારકાર્ડ અને ફોટા લેવામાં આવે, લવ જેહાદના કિસ્સા ન થાય તે માટે આઈકાર્ડ લઈને જ પાસ કાઢી આપવામાં આવે.

### અરવલ્લીના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ

। (એજન્સી) અરવલ્લી, તા.૧૧ ।

ગુજરાતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબકી રહ્યો છે. અરવલ્લીના ધનપુરામાં ધોધમાર વરસાદ વરસ્યો છે. અરવલ્લીના આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ વરસાદ પડી રહ્યો છે. આશરે ૧ કલાકમાં દોઢ ઈંચ જેવો વરસાદ વરસ્યો છે. જેના પગલે સોની કંપા, બુટાલ સહિતના પંથકમાં વરસાદ વરસ્યો છે. વરસાદી વાતાવરણને લઈ ખેડૂતોને વાવેતરમાં નુકસાનની ચિંતા છે. બીજી તરફ ભાવનગરના તલગાજરડાના રતોલ ગામે ધોધમાર વરસાદ વરસ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્તા અનેક રસ્તા પર ઘુંટણસમા પાણી ભરાયા છે. ત્યારે ટ્રેક્ટર ચાલક જોખમી રીતે પાણીમાંથી પસાર થતા દ્રશ્યો પણ સામે આવ્યા છે. ખેતરોમાં પણ મોટા પાયે વરસાદી પાણી ભરાયા હતા.

### ઉપરવાસમાં ભારે વરસાદના કડાણા ડેમના ૨૧ દરવાજા ખોલાયા

। (એજન્સી) મહીસાગર, તા.૧૧ ।

મહીસાગરમાં ઉપરવાસમાં ભારે વરસાદના પગલે કડણા ડેમમાં પાણીની ભરપૂર આવક થઈ છે. જેના પગલે કડાણા ડેમના ૨૧ દરવાજા ૧.૯૧ મીટર સુધી ખોલાયા છે. મહીસાગર નદીમાં ૨ લાખ ૩૦ હજાર ૧૬૦ ક્યૂસેક પાણી છોડાયું છે. મહીસાગર નદીમાં પાણી છોડાતા નદીનું જળસ્તરમાં વધારો થયો છે. હાલમાં કડાણા ડેમમાં ૧, ૭૯, ૩૨૮ ક્યૂસેક પાણીની આવક થઈ છે. હાલમાં ડેમની સપાટી ૧૨૬.૭૨ મીટરની જળસપાટી છે. કડાણા ડેમ હાલ ૯૨.૩૧ ટકા ભરાયેલો છે. ઉપરવાસમાંથી થયેલ ભારે આવકના પગલે ડેમમાંથી પાણી છોડવામાં આવ્યું છે. નીચાણવાળા વિસ્તારોમાં ના જવા તંત્ર દ્વારા સૂચિત કરવામાં આવ્યુ છે.

# પ્રાથમિક સ્કૂલોમાં ૧૭ ઓક્ટોબરથી પ્રથમ સત્રાંત કસોટીનો પ્રારંભ થશે

### GCERT દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો, ૨૫ ઓક્ટોબર સુધી પરીક્ષા ચાલશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

રાજ્યની તમામ માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના મૂલ્યાંકન સબબ પ્રથમ સત્રાંત પરીક્ષા ૧૭ ઓક્ટોબરથી ૨૫ ઓક્ટોબર દરમિયાન યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રકના આધારે પરીક્ષા લેવા માટે જણાવાયું છે. ધોરણ-૩થી ૮ની પ્રથમ સત્રાંત કસોટીઓ માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજ્યકક્ષાએથી તૈયાર કરી તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયેટ)ને આપવામાં આવ્યું છે. આ નિયત પરિરૂપ મુજબ ડાયેટ દ્વારા કસોટી પત્રો તૈયાર કરી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- શાસનાધિકારીને સોંપવામાં આવશે. કસોટીમાં ધોરણ-૩થી ૮ના વિવિધ વિષયોમાં જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલા અભ્યાસક્રમની માસવાર ફાળવણી અનુસાર પ્રથમ સત્રનો જૂનથી ઓક્ટોબર માસ સુધીનો અભ્યાસક્રમ ધ્યાને લેવામાં આવશે. સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ ગુજરાતી (પ્રથમભાષા), ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયના કસોટી પત્રો રાજ્યકક્ષાએથી આપવામાં આવેલ માળખા મુજબ શાળાકક્ષાએ તૈયાર કરવાના રહેશે, અને સમાન સમયપત્રક મુજબ પરીક્ષા યોજવાની રહેશે. જ્યારે બાકીના વિષયોની કસોટી સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓએ નિયત માળખાના આધારે શાળા કક્ષાએથી પોતે નિયત કરેલ સમયપત્રક મુજબ યોજી શકશે. સરકારી તેમજ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓએ તમામ વિષયોના સમાન કસોટીપત્રો સમાન સમયપત્રકના આધારે અમલી કરવાના રહેશે. ગ્રાન્ટેડ શાળાઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- શાસનાધિકારીને કસોટીપત્રો માટે નિયત રકમ ચૂકવવાની રહેશે. સ્વનિર્ભર શાળાઓ ઈચ્છે તો તમામ પ્રશ્નપત્રો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી- શાસનાધિકારી પાસેથી મેળવીને પોતાની શાળામાં ઉપયોગ કરી શકશે. આ માટે નિયત કરેલી રકમ જે તે સ્વનિર્ભર સંસ્થાએ ચૂકવવાની રહેશે. જે શાળાઓમાં પાળી પદ્ધતિ અમલમાં હોય તે શાળાઓમાં પણ તમામ ધોરણની તમામ વિષયોની પરીક્ષા આપેલા સમય પત્રક મુજબ જ યોજવાની રહેશે. પરીક્ષા સમયપત્રકમાં દર્શાવેલ તારીખોમાં જો કોઈ જિલ્લા દ્વારા સ્થાનિક રજા જાહેર કરેલી હોય તો તે રજા રદ કરી સમયપત્રક અનુસાર પરીક્ષા યોજવાની રહેશે. ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫થી પ્રથમ અને દ્વિતીય સત્રાંત પરીક્ષામાં ધોરણ-૩ અને ધોરણ-૪માં અંગ્રેજી વિષયનો સમાવેશ કરવામાં આવશે. તેનું મૂલ્યાંકન માળખુ અન્ય વિષયની જેમ વાર્ષિક ૨૦૦ ગુણનું રહેશે. સામાજિક વિજ્ઞાન, પર્યાવરણ વિષયમાં નક્શાઓ અને ગણિત વિષયમાં આલેખપત્રની જરૂરી વ્યવસ્થા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ કસોટીપત્રોની સાથે જ કરવાની રહેશે.

### નાગરિકો માટે વધુ એક આનંદના સમાચાર

# અમદાવાદથી ગાંધીનગર સુધી દોડશે અમદાવાદ મેટ્રો

### નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો ૧૬ સપ્ટેમ્બરે સેક્ટર-૧થી શુભારંભ કરવામાં આવશે



। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ અને ગાંધીનગરમાં રહેતા નાગરિકો માટે વધુ એક આનંદના સમાચાર છે. ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. અમદાવાદ અને ગાંધીનગરમાં રહેતા નાગરિકો માટે વધુ એક આનંદના સમાચાર છે.

ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો જેમ કે જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઈન્ફોસિટી તેમજ સેક્ટર ૧ના વિસ્તારને આવરી લેવાશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો ૧૬ સપ્ટેમ્બરે સેક્ટર-૧થી શુભારંભ કરવામાં આવશે.

મેટ્રો રેલવેનો બીજો તબક્કો શરૂ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનવાની સાથે નાગરિકોની યાત્રા વધુ ઝડપી, સુરક્ષિત અને વાજબી બનશે.

### અમદાવાદ હાટ ખાતે આયોજિત પ્રધાનમંત્રી

# વિશ્વકર્મા પ્રદર્શન અને વેપાર મેળાની મુલાકાત લેતા સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા

### ત્રિ-દિવસીય મેળામાં હસ્તકલા અને અન્ય ઉત્પાદનોના રાજ્ય કક્ષાના પ્રદર્શન-મેળામાં ૧૪૦થી વધુ સ્ટોલ ધારકો ઉત્સાહભેર સહભાગી થયા



। અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં અમદાવાદ હાટ ખાતે સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત આયોજિત હસ્તકલા અને અન્ય ઉત્પાદનોના રાજ્ય કક્ષાના ત્રિદિવસીય પ્રદર્શન અને વેપાર મેળાની મુલાકાત લીધી હતી. આ તકે મંત્રીશ્રીએ વેપારીઓને મળીને તેમના સ્ટોલ અને વસ્તુઓ વિશે જાણકારી પણ મેળવી હતી.

આ ત્રિદિવસીય મેળામાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય (MSME) સહિત કુલ ૧૪૦ જેટલા સ્ટોલધારકો ભાગ લઈ રહ્યા છે. જેમાં વેપારીઓને ટેન્ડર કેવી રીતે ભરવા, પોતાની હસ્તકલા બનાવટનું ઓનલાઈન વેચાણ કેવી રીતે કરવું? તેની સરળ માહિતી વેપારીઓને આપવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાનું લક્ષ્ય નાના વેપારીઓને આ યોજના હેઠળ પીએમ વિશ્વકર્મા પ્રમાણ પત્ર અને ઓળખપત્ર આપવાનો, ક્રેડિટ સહાય પૂરી પાડવાનો, કૌશલ્ય સુધાર તાલીમ આપવાનો, ડિજિટલ ટ્રાન્ઝેક્શન માટે પ્રોત્સાહન અને માર્કેટિંગ સહાય પૂરી પાડવાનો છે. આ યોજના અંતર્ગત વેપારીઓને રૂ. ત્રણ લાખ સુધીની લોન ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંગે પણ મેળામાં માહિતી આપવામાં આવી રહી છે. આ મેળો આવતીકાલ તા. ૧૨ સપ્ટેમ્બર સુધી ચાલશે.

### નખત્રાણા કોટડા જડોદરા ગામે ગણપતિ પંડાલમાં પથ્થરમારો

। (એજન્સી) કચ્છ તા.૧૧ ।

સુરતના સૈયદપુરામાં ગણેશ પંડાલમાં પથ્થરમારા બાદ કચ્છના નખત્રાણા કોટડા જડોદરા ગામે ગણપતિ પંડાલમાં પથ્થરમારાની ઘટના સામે આવી છે. પથ્થરમારો કરી ગણપતિની મૂર્તિ ખંડિત કરવામાં આવી છે. ગુજરાત સહિત દેશભરમાં ગણેશ ઉત્સવ પૂરજોશમાં ચાલી રહ્યો છે. લોકો બાપ્પાની આસ્થામાં લીન છે. ત્યારે સુરતના સૈયદપુરામાં ગણેશ પંડાલમાં પથ્થરમારા બાદ કચ્છના નખત્રાણા કોટડા જડોદરા ગામે ગણપતિ પંડાલમાં પથ્થરમારાની ઘટના સામે આવી છે. પથ્થરમારો કરી ગણપતિની મૂર્તિ ખંડિત કરવામાં આવી છે.હિંદુ ધાર્મિક સ્થળ પર અન્ય સમૂદાય વિશેષનો ઝંડો લગાવવામાં આવ્યો હતો. પૂજારી અને ગામ લોકોએ આ સમગ્ર ઘટનાની નખત્રાણા પોલીસને જાણ કરી હતી. ૩ સગીર સહિત ૭ જેટલા લોકોની પોલીસે અટકાયત કરી છે. તો પોલીસે ૮ લોકો સામે ફરિયાદ કરવામાં આવી છે. મળતી માહિતી અનુસાર આ ઘટના ૨ દિવસ પહેલા ઘટના બની હતી. બીજી તરફ આ અગાઉ સુરતના સૈયદપુરામાં ગણેશ પંડાલમાં પર પથ્થરમારાની ઘટના બની હતી. થ્થરમારાની ઘટનામાં ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવ્યા હતા. આ તમામ લોકોને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. અલગ અલગ ૧૭ મુદ્દાઓને લઈને રિમાન્ડની માગ કરવામાં આવી હતી.

# સારંગપુર સર્કલથી કાલુપુર સર્કલ સુધી વાહનવ્યવહાર માટે રસ્તો બંધ/ડાયવર્ઝન અંગેનું અમદાવાદ પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું

। અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ શહેરમાં કાલુપુર રેલવે સ્ટેશનને તોડી તે જગ્યા ઉપર નવું અદ્યતન રેલવે સ્ટેશન અને સંલગ્ન બ્રિજ બનાવવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી દિનેશચંદ્ર આર. અગ્રવાલ કંપની દ્વારા કરવામાં આવનાર છે. આ કામગીરી દરમિયાન કાલુપુર રેલવે સ્ટેશનની બહારના ભાગના રોડ ઉપર સારંગપુર સર્કલથી કાલુપુર સર્કલ સુધી નીચે મુજબની વિગતો વાહન વ્યવહાર માટે રસ્તો બંધ/ ડાયવર્ઝન કરવામાં આવે છે.

આથી, હું જી.એસ.મલિક આઈ.પી.એસ પોલીસ કમિશનર અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે હુકમ કરું છું કે, સારંગપુર સર્કલથી કાલુપુર રેલવે સ્ટેશન સુધીનો આશરે ૨૦૦ મીટરનો રેલવે સ્ટેશન તરફનો એક સાઈડનો માર્ગ વાહન વ્યવહારની અવરજવર માટે બંધ રહેશે અને તેની વિરુદ્ધ દિશાનો રોડ વન-વે તરીકે ઉપયોગ કરવાનો રહેશે. સારંગપુર સર્કલથી કાલુપુરરેલવેસ્ટેશનતથાકાલુપુરતરફજનારટ્રાફિક સારંગપુર સર્કલથી સીધી બજાર, પાંચ કુવાથી જમણી બાજુ રેલવે સ્ટેશનની એન્ટ્રીગેટ સુધી જઈ શકાશે તેમજ કાલુપુર જનાર ટ્રાફિક મોતીમહેલ હોટલવાળા રોડ તરફ જઈ શકશે.

કાલુપુરથી સારંગપુર, રાયપુર, કાંકરિયા, ગીતામંદિર માટે જનાર ટ્રાફિક કાલુપુર રેલવે સ્ટેશનથી સારંગપુર સુધીનો એક બાજુનો રોડ ખુલ્લો મુકવામાં આવશે જેમાં કાલુપુરથી સારંગપુર તરફ જઈ શકશે આ એક તરફનો રોડ વન-વે તરીકે ચાલુ રહેશે. કાલુપુર રેલવે સ્ટેશનની અંદર જવા માટે જૂનો એન્ટ્રીગેટ પેસેન્જરો માટે ચાલુ રાખવામાં



આવશે. તેમજ રેલ્વે સ્ટેશનના પેસેન્જરોને બહાર નીકળવા માટે પશ્ચિમ તરફ સદર કંપની દ્વારા ફૂટ બ્રિજ બનાવવામાં આવેલ છે. તેમજ મુખ્ય માર્ગને જોડતો ૩૦ ફૂટ નવો રોડ બનાવવામાં આવેલ છે. જે માર્ગે પેસેન્જર મુખ્ય માર્ગ સુધી જઈ શકશે.

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩ની જોગવાઈ હેઠળ મહત્તમ સમય મર્યાદાને આધીન રહીને તારીખ ૧૧/૯/૨૦૨૪ થી ૧૦/૯/૨૦૨૭ સુધી (૩ વર્ષ, ૨૪.૦૦ કલાકના સમયગાળા સુધી) કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઈસમ ભારતીય ન્યાય સહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૨૦૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટ-માં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી કર્મચારી સ્ત્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સહિતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

# પાલનપુરમાં તૈયાર છે ભારતનો બીજા નંબરનો થ્રી લેગ એલિવેટેડ બ્રિજ

। (એજન્સી) બનાસકાંઠા, તા.૧૧ ।

બનાસકાંઠા જિલ્લાના પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહા મેળાનો પ્રારંભ થઈ રહ્યો છે. આ દિવસ પાલનપુર શહેર માટે વિશેષ ભેટનો દિવસ બની રહેવાની છે. કેમ કે, ચેન્નાઈ પછી દેશનો બીજા નંબરનો એલિવેટેડ ઓવર બ્રિજ પાલનપુરમાં બન્યો છે.જે જમીનથી ૧૭ મીટરની ઊંચાઈએ ૭૯ ઉપર ઉભો કરવામાં આવ્યો છે. આ બ્રિજમાં ૧૬,૦૦૦ મેટ્રિક ટન સિમેન્ટ વાપરવામાં આવ્યો છે. જ્યારે ૩૬૦૦ ટન લોખંડનો ઉપયોગ કર્યો છે. ૯૫૧ મીટરના ત્રણ લેગ અને ૮૪ મીટરના ઘેરાવાનું સર્કલ સેલ્ફ પોઈન્ટ છે. આજથી ચાર વર્ષ અગાઉ કેન્દ્ર સરકારે રૂપિયા ૧૨૩ કરોડના ખર્ચે ૩ લેગ એલિવેટેડ રોટરી રેલવે ઓવરબ્રિજ ને મંજૂરી આપી હતી. જેને પાલનપુરની કંસ્ટ્રકશન કંપનીએ રૂ. ૮૯.૧૦ કરોડના ખર્ચે આ બ્રિજને પૂર્ણ કર્યો છે. એનએચએઆઈ ના સૂત્રોના જણાવ્યા મુજબ ડેડી કેટેડ ફ્રેઈટ કોરિડોર નો રેલવે ટ્રેક ઊંચો બનતા તેની ડિઝાઈન યુનિક છે. હેવી વાહન વ્યવહાર રહેતો હોવાથી ૧૭ મીટર ઊંછું સર્કલ હવા માં બનાવવું એ પણ એક પડકારજનક કામ હતું. જેને પૂરતું ધ્યાન આપીને પૂર્ણ કરવામાં આવ્યું છે. અંબાજી તરફ જવાના માર્ગ ઉપર ફોર લેનમાં ૬૮૨ મીટર લંબાઈ વાળો બ્રિજ બનાવાયો છે. બાકીના બંને લેન ૨ લેન બનાવાયા છે. જેમાં આબુરોડ તરફ ૭૦૦ મીટર લંબાઈ તેમજ પાલનપુર-અમદાવાદ તરફ ૯૫૧ મીટર લંબાઈના ત્રણ લેગ બનાવવામાં આવ્યા છે.

# ગુજરાત સહિત ૧૩ રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હી એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં ચોમાસું ફરીથી એક્ટિવ થઈ ગયું છે. જેના કારણે દેશના મોટાભાગના રાજ્યોમાં ફરીથી વરસાદનો દોર પણ શરૂ થયો છે. વરસાદના કારણે દિલ્હીના લોકોને ગરમીથી રાહત મળી છે. કેટલાક રાજ્યોમાં વરસાદના કારણે હાલ બેહાલ છે. હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદના કારણે લેન્ડસ્લાઈડનું જોખમ યથાવત છે. આ બધા વચ્ચે હવામાન વિભાગે દેશના અનેક રાજ્યોમાં વરસાદને લઈને એલર્ટ જાહેર કર્યું છે. જાણો દેશમાં કેવું રહેશે આજે હવામાન. હવામાન વિભાગે આજે ૧૩ રાજ્યોમાં ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. આગાહી મુજબ આજે મધ્ય પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, રાજસ્થાન, યુપી, ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર, તેલંગણા, કર્ણાટક, અસમ, હરિયાણા સહિત ૧૩ રાજ્યોમાં ભારે વરસાદ વરસી શકે છે. મધ્ય પ્રદેશમાં વરસાદનો દોર ચાલુ છે. હવામાન વિભાગે આગામી ૩-૪ દિવસમાં ભારે વરસાદની શક્યતા જતાવી છે. મંગળવારે પણ ભોપાલ સહિત અનેક જિલ્લાઓમાં વરસાદ પડ્યો. ૬થી વધુ બંધના ગેટ ખોલાયા છે. નર્મદાનું જળસ્તર વધ્યું છે. યુપીમાં આગામી ૩ દિવસ સુધી ભારે વરસાદનું એલર્ટ અપાયું છે. યુપીના ઝાંસી, લલિતપુર, અને મહોબામાં વીજળી પડવાથી મંગળવારે ૩ ખેડૂતોએ જીવ પણ ગુમાવ્યા. બીજી બાજુ ઓડિશામાં મંગળવારે અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨